RNI NO GUJ/GUJ/2005/23890

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

AMRELI
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવ સામે લીલીયા રોડ, અમરેલી.

● સંવત ૨૦૮૨ આસો વદ -૧૧ ગુરૂવાર તા.૦૫-૧૧-૨૦૨૬ અંક : ૨૫૯ વર્ષ : ૨૧ email :rajkot@aaspassindia.com કિંમત રૂા. ૨-૫૦ પાના - ૮

મિડટર્મમાં હાર થતા અમેરિકી સંસદમાં ટ્રમ્પનું વર્ચસ્વ ઘટ્યું

ઈરાન યુદ્ધ, મોંઘવારી અને ટ્રમ્પ સરકારની કામગીરી સામેની નારાજગી આ પરિણામોમાં મહત્વનાં પરિબળો રહ્યાં, વેન્સ સાથે મતભેદની ચર્ચા

વોશિંગ્ટન,

અમેરિકાના રાજકારણમાં મિડટર્મ ચૂંટણીનાં પરિણામો બાદ મોટો ફેરફાર જોવા મળી રહ્યો છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની પાર્ટીને ચૂંટણીમાં મોટો ઝટકો લાગ્યો છે અને કોંગ્રેસનાં બંને ગૃહોમાં બહુમતી ગુમાવવી પડી છે. બીજી તરફ ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સે ઈરાન યુદ્ધને લઈને અલગ અભિપ્રાય આપ્યો છે. જેના કારણે ટ્રમ્પ અને વેન્સ વચ્ચે મતભેદ હોવાની ચર્ચા શરૂ થઈ છે, પરિણામો બાદ અમેરિકાની રાજનીતિમાં સત્તાનું સમીકરણ બદલાઈ ગયું છે, ઈરાન યુદ્ધ, મોંઘવારી અને ટ્રમ્પ સરકારની કામગીરી સામેની નારાજગી આ પરિણામોમાં મહત્વનાં પરિબળો રહ્યાં છે. મિડટર્મ ચૂંટણીમાં ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટીએ કોંગ્રેસનાં બંને ગૃહોમાં બહુમતી ગુમાવી છે. પ્રતિનિધિ સભામાં ડેમોક્રેટિક પાર્ટીને ૨૨૮ બેઠકો મળી છે, જ્યારે રિપબ્લિકન પાર્ટીને ૧૩૯ બેઠકો મળી છે. બીજી તરફ સેનેટમાં ડેમોક્રેટ્સે ૫૪ બેઠકો સાથે બહુમતી મેળવી છે. આ પરિણામો બાદ ટ્રમ્પ માટે પોતાના રાજકીય એજન્ડાને આગળ વધારવો મુશ્કેલ બની શકે છે. ચૂંટણીમાં હાર બાદ ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સે સોશિયલ મીડિયા પર એક લાંબી પોસ્ટ લખી હતી. તેમાં તેમણે ઈરાન યુદ્ધને પાર્ટીની હારનું એક મોટું કારણ ગણાવ્યું હતું. તેમણે સવાલ ઉઠાવ્યો કે શું ઈરાન યુદ્ધ માટે સેનેટમાં



આગામી છ વર્ષ સુધી બહુમતી ગુમાવવી યોગ્ય નિર્ણય હતો? તેમના આ નિવેદનથી ટ્રમ્પ સરકારની ઈરાન નીતિ અંગે મતભેદની ચર્ચા શરૂ થઈ છે.

ટ્રમ્પે એ પણ સ્વીકાર્યું કે ઈરાન યુદ્ધની ચૂંટણી પર અસર પડશે તેની તેમને જાણ હતી. જોકે, તેમણે ઈરાન સામેની સૈન્ય કાર્યવાહીનો બચાવ પણ કર્યો હતો. એટલે બંને નેતાઓનાં નિવેદનોમાં અલગ અભિગમ જોવા મળ્યો હતો, મિડટર્મ ચૂંટણીનાં પરિણામોએ અમેરિકાની રાજનીતિમાં નવું સમીકરણ ઊભું કર્યું છે. કોંગ્રેસનાં બંને ગૃહોમાં ડેમોક્રેટ્સનું નિયંત્રણ આવવાથી ટ્રમ્પ સરકારના નિર્ણયો, નીતિઓ અને વહીવટી કામગીરી પર વધુ તપાસ અને ચર્ચા થઈ શકે છે. બીજી તરફ, વેન્સનાં નિવેદનોએ રિપબ્લિકન પાર્ટીની અંદર ઈરાન યુદ્ધ સહિતના મુદ્દાઓ પર મતભેદની ચર્ચાને વેગ આપ્યો છે. જોકે, ટ્રમ્પ અને વેન્સ વચ્ચે વ્યક્તિગત સંબંધોમાં ખરેખર તિરાડ પડી છે કે કેમ તે અંગે હજુ સ્પષ્ટતા નથી.

યુક્રેનમાં રશિયાની એરસ્ટ્રાઈક, ૪૦ના મોત

રાહત સામગ્રી લેવા એકઠા થયેલા નાગરિકો પર બે વાર બોમ્બમારો

કમિશુવાખા,

રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા ભીષણ યુદ્ધમાં વધુ એક માનવતાને શરમાવે તેવી ઘટના સામે આવી છે. યુક્રેનના જાપોરિજિયા વિસ્તારમાં આવેલા કમિશુવાખા ગામમાં શિયન વાયુસેનાએ એક બંધ સ્કૂલની ઈમારતને નિશાન બનાવીને ભયાનક એરસ્ટ્રાઇક કરી હતી. આ હુમલામાં ૪૦ લોકોના કમકમાટીભર્યા મોત થયા છે, જ્યારે અનેક લોકો હજુ પણ લાપતા છે. રશિયા દ્વારા ચાલુ વર્ષે સામાન્ય નાગરિકો પર કરવામાં આવેલા સૌથી ભયાનક અને ઘાતકી હુમલાઓ પૈકીનો આ એક હુમલો હોવાનું માનવામાં આવી રહ્યું છે.

યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેન્સ્કીએ આ હુમલા અંગે વિગતો આપતા જણાવ્યું હતું કે, આ શાળા યુદ્ધ ક્ષેત્રની ખૂબ જ નજીક હોવાથી લાંબા સમયથી બંધ હતી. જોકે, દર સોમવારે સ્થાનિક જરૂરિયાતમંદ નાગરિકોને અહીં રાહત સામગ્રી વહેંચવામાં આવતી હતી અને લોકો તેનો શરણાર્થી સ્થળ તરીકે પણ ઉપયોગ કરતા હતા. જે સમયે નાગરિકો રાહત સામગ્રી લેવા પહોંચ્યા હતા, ત્યારે જ રશિયન લશ્કરે તેના પર હવાઈ બોમ્બ ફેંક્યા હતા.

૧૪ દિવસમાં બીજી વખત CNGના ભાવ વધ્યા, વાહનચાલકોને મોંઘવારીનો વધુ એક ફટકો

અદાણીએ પ્રતિ કિલોએ રૂ.૨.૩૦નો વધારો કરતાં નવો ભાવ રૂ.૧૦૦.૭૭ થયો

અમદાવાદ,

અમદાવાદીઓને દિવાળી પહેલા જ વધુ એક મોટો ઝટકો લાગ્યો છે. અદાણીએ સીએનજીના ભાવમાં માત્ર ૧૪ દિવસના ગાળામાં જ બીજો મોટો વધારે ઝીંકી દીધો છે. આ વખતે સીએનજીના ભાવમાં પ્રતિ કિલોએ રૂ.૨.૩૦નો વધારો ઝીંકવામાં આવતા સીએનજીના નવા ભાવ રૂ.૧૦૦.૭૭ ને વટાવી ગયો છે.

ઉલ્લેખનીય છે કે અગાઉ અદાણીએ ૨૩ ઓક્ટોબર ૨૦૨૬ ના રોજ એકઝાટકે ૪ રૂપિયાથી વધુનો વધારો ઝીંકતા સીએનજી પ્રતિ કિલોએ રૂ.૯૮.૪૭ એ પહોંચી ગયો હતો. આ સાથે તહેવાર ટાણે જ હવે લોકોના ખિસ્સા પર મોટી કાતર ફરશે. ટેક્સી-રિક્ષાના ભાડા આકાશ આંબી શકે છે. વાહનચાલકોની સાથે સાથે મુસાફરોને પણ આ ભાવ વધારો નડશે એ નક્કી છે.

અગાઉ ૧ ઓગસ્ટના રોજ સીએનજીના ભાવમાં ૪ રૂપિયાનો વધારો થયો હતો. ત્યારબાદ ઓક્ટોબરમાં પણ સીએનજીના ભાવમાં ૪ રૂપિયાનો એકઝાટકે વધારો કરાયો હતો અને હવે સીધો ૨.૩૦ રૂપિયાનો પ્રતિ કિલોએ વધારો આવતા ત્રણ મહિનામાં જ સીએનજીના ભાવ આકાશ આંબી ગયા છે અને ૧૦૦ને પાર જતા રહ્યા છે.

ચૂંટણીમાં હાર્યા બાદ ટ્રમ્પ સરકાર ભારતની પાછળ પડી, ઈરાન સાથે સંબંધોના બહાને ૯ કંપની સામે બેન મૂક્યો

ટ્રમ્પ સરકારના 'ઓપરેશન ઈકોનોમિક આઉટકાસ્ટ' અભિયાન અંતર્ગત કાર્યવાહી

વોશિંગટન,

અમેરિકાએ ભારતીય ઉદ્યોગપતિ સુનીલ કુમાર શર્મા, તેમની પત્ની અને ૯ ભારતીય કંપનીઓ પર પ્રતિબંધ મૂક્યો છે. ઈરાનના પ્રતિબંધિત તેલ કારોબારને મદદ કરવાના આરોપસર આ કાર્યવાહી થઈ છે. ચંદીગઢથી સંચાલિત આ નેટવર્કે જહાજો માટે નકલી રજિસ્ટ્રેશન બનાવ્યા હતા. અમેરિકી નાણા મંત્રાલયે 'ઓપરેશન ઈકોનોમિક આઉટકાસ્ટ' હેઠળ આ કડક પગલું ભર્યું છે. અમેરિકામાં તાજેતરમાં સંપન્ન થયેલી મિડટર્મ ચૂંટણીમાં પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટીને કરારી હારનો સામનો કરવો પડ્યો છે, જેના પગલે હવે ટ્રમ્પ પ્રશાસને ભારત પર ફરીથી આર્થિક અને રાજકીય શિકંજો કસવાનું શરૂ કરી દીધું છે. ઈરાનના પ્રતિબંધિત તેલ કારોબારને આંતરરાષ્ટ્રીય પ્રતિબંધોમાંથી બચાવવામાં મદદ કરવાના ગંભીર આક્ષેપ હેઠળ અમેરિકાએ એક ભારતીય કારોબારી, તેમની પત્ની તેમજ ભારત સ્થિત નવ કંપનીઓ પર કડક પ્રતિબંધો મૂક્યા છે.

અમેરિકી નાણા મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ સમગ્ર જાળીદાર નેટવર્ક ભારતીય કારોબારી સુનીલ કુમાર શર્મા અને તેમની પત્ની જસપ્રીત પ્રીતિ શાહિદ દ્વારા ચંદીગઢથી ઓપરેટ કરવામાં આવી રહ્યું હતું. અમેરિકી નાણા મંત્રાલય દ્વારા પ્રતિબંધિત કરાયેલી ભારતીય કંપનીઓઓમાં ઓશનિક ટેક્નોલોજીસ ઈન્ડિયા, આર્યાવર્ત શિપ મેનેજમેન્ટ, પ્રિસેપ્ટ ટ્રેન્ડ્સ, પોલીનેશિયા મેરિટાઇમ, અલેક્સાર્યા ફિનસર્વ, અલેક્સાર્યા મીડિયા એન્ડ એન્ટરટેઈનમેન્ટ, વિહારાબોટિંગ, આર્યાવર્ત મેરિટાઇમ એન્ડ એજ્યુકેશનલ ટ્રસ્ટઆ ઉપરાંત, સુનીલ શર્મા સાથે જોડાયેલી કંપનીઓમાં ડાયરેક્ટર તરીકે કામ કરતા અશ્વિની કુમાર ધિમાન અને ઈશ્વિંદર સિંહ પર પણ ગાજ પડી છે.

તેલંગાણામાં માછીમારોને બચાવવા ગયેલી બોટ પલટી, જતા SDRF અને ફાયરના ૧૧ જવાન ગુમ

તંત્ર દ્વારા લાપતા જવાનોની શોધખોળ શરૂ કરવા માટે રેસ્ક્યૂ આપરેશન શરૂ

હૈદરાબાદ,

તેલંગાણાના ખમ્મમ જિલ્લામાં પૂરના પાણીમાં ફસાયેલા માછીમારોને બચાવવાની કામગીરી દરમિયાન એક મોટી દુર્ઘટના બની હોવાનું પ્રકાશમાં આવ્યું છે. અહીં બુધવારે સાંજે બેથુપલ્લી તળાવ ખાતે બચાવ કામગીરી ચાલી રહી હતી ત્યારે પાણીના તેજ પ્રવાહને કારણે બે હોડીઓ પલટી ગઈ હતી. ચોંકાવનારી વાત એ છે કે, બોટ પલટી જતા માછીમારોને બચાવવા ગયેલા જીદ્વઈદ્ધ અને ફાયર સર્વિસ વિભાગના કુલ ૧૧ જવાનો ગુમ થઈ ગયા છે. જેમની અત્યારે શોધખોળ ચાલી રહી છે.

સૂત્રોના જણાવ્યાં પ્રમાણે દુર્ઘટના સર્જાઈ તે વખતે આ ટીમ દ્વારા પાંચ માછીમારોને સુરક્ષિત રીતે બહાર કાઢવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો હતો. પરંતુ બચાવવા ગયેલી બોટ પલટી ગઈ હતી. આ સમગ્ર મામલે જાણ થતાની સાથે જ જિલ્લા તંત્ર દ્વારા લાપતા જવાનોની શોધખોળ શરૂ કરવા માટે રેસ્ક્યૂ આપરેશન શરૂ કરી દીધું છે. લાપતા જવાનોને શોધવા માટે કોથાગુડેમથી જીદ્વઈદ્ધના ૬ જવાનો અને ફાયર વિભાગના અન્ય ૪ કર્મચારીઓને બોલાવવામાં આવ્યા છે, જેમાં બે સ્થાનિક તરવૈયા પણ સામેલ થયાં છે.

લાપતા થયેલા જવાનોને શોધવા માટે ભદ્રાચલમથી દ્વદ્વઈદ્ધ ની ટીમને બોલાવવામાં આવી છે. આ સાથે બચાવ ટીમ દ્વારા અન્ય બોટની મદદથી પણ સર્ચ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે. આ સાથે પાણીમાં ફસેયાલા લોકો માટે ડ્રોન દ્વારા લાઈફ જેટેક પહોંચાવવામાં આવી રહ્યાં છે. આ સમગ્ર મામલે વાત કરતા મહેસૂલ મંત્રી પોંગુલેટી શ્રીનિવાસ રેડ્ડીએ એક્સ પર પોસ્ટ કરતા જણાવ્યું કે બચાવ ટીમોએ ગુમ થયેલા જીદ્વઈદ્ધ જવાનોના સંભવિત સ્થાનની ઓળખ કરી લીધી છે. હવે તેમના સુધી પહોંચવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

મથુરા, અયોધ્યા, કાશીના મંદિરોને બોમ્બથી ઉડાવવાની ધમકી

દિલજીતનું કોન્સર્ટ પણ નિશાના પર, ઈમેઈલ દ્વારા ધમકી અપાતા સુરક્ષા વધારાઈ, હાઈએલર્ટ જાહેર

નવીદિલ્હી,

ઉત્તર પ્રદેશના મથુરા, અયોધ્યા અને કાશીનાં મંદિરોને બોમ્બથી ઉડાવવાની ધમકીભર્યા ઈમેઈલ મળતાં હાઇ એલર્ટ જાહેર કરાયું છે. ATS અને પોલીસ દ્વારા સંવેદનશીલ સ્થળોએ તપાસ તેજ કરાઈ.એતિહાસિક મંદિરોને બોમ્બથી ઉડાવી દેવાની ગંભીર ધમકી મળ્યા બાદ સમગ્ર રાજ્યની સુરક્ષા એજન્સીઓ હાઇ એલર્ટ પર મુકાઈ ગઈ છે. દિવાળીના તહેવારના માહોલ વચ્ચે ધમકીભર્યા ઈમેઈલ મળતાં જ સુરક્ષા વ્યવસ્થા અત્યંત કડક કરી દેવામાં આવી છે.

મળતી માહિતી મુજબ, આ ધમકીભર્યા ઈમેઈલમાં ૮ નવેમ્બરથી ૨૭ નવેમ્બર દરમિયાન બોમ્બ વિસ્ફોટ કરવાની વાત કરવામાં આવી છે. આ ઉપરાંત, દિવાળીના દિવસે સવારે ૯:૧૧ થી ૧૧:૧૧ વાગ્યાની વચ્ચે મંદિરોને નિશાન બનાવવાની સ્પષ્ટ ચેતવણી પણ આપવામાં આવી છે. માત્ર મંદિરો જ નહીં પરંતુ કેટલીક શાળાઓ અને પંજાબી ગાયક દિલજીત દોસાંઝના આયોજિત સંગીત સમારોહને પણ આઈઈડી (અને બોમ્બ હુમલાથી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી છે.

આ ધમકીભર્યો ઈમેઈલ 'ખાલિસ્તાન નેશનલ આર્મી' નામના આતંકવાદી સંગઠન સાથે સંકળાયેલા એન્જિનિયર ગુરનખ સિંહ, રૌનક શાહવાલા અને ડૉ. ગુરનિરવર સિંહ ખાનરાઝાદા નામના વ્યક્તિઓ દ્વારા મોકલવામાં આવ્યો હોવાનો દાવો કરવામાં આવ્યો છે. જોકે, તપાસ એજન્સીઓ હાલમાં આ ઈમેઈલમાં કરવામાં આવેલા દાવાઓ અને તેની પાછળ રહેલા લોકોની સાચી ભૂમિકાની સઘન તપાસ કરી રહી છે.

ઈમેઈલ મળતાની સાથે જ ઉત્તર પ્રદેશ એન્ટી ટેરરિઝમ સ્ક્વોડ) અને સાયબર સેલ સક્રિય થઈ ગયા છે. એજન્સીઓ ઈમેઈલનો મૂળ સ્ત્રોત ટેકનિકલ પુરાવા અને ધમકી મોકલનારાઓની સાચી ઓળખ છતી કરવા માટે ઊંડાણપૂર્વક તપાસ ચલાવી રહી છે. પોલીસ અને છજી એ બાબતની પણ તપાસ કરી રહ્યા છે કે આ કોઈ આતંકવાદી નેટવર્કનું ષડયંત્ર છે કે પછી લોકોમાં ભય અને આતંક ફેલાવવાની કોઈ અસામાજિક તત્વોની ચાલ છે. ધમકીને પગલે મથુરા સ્થિત શ્રી કૃષ્ણ જન્મભૂમિ, વૃંદાવનનું પ્રખ્યાત બાંકે બિહારી મંદિર, અયોધ્યાનું રામ મંદિર અને કાશી વિશ્વનાથ મંદિર સહિત મથુરા રેલ્વે સ્ટેશન પર પણ બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ અને ડોગ સ્ક્વોડ દ્વારા વ્યાપક તપાસ કામગીરી શરૂ કરવામાં આવી છે.

ભીમપોરની વાઈન શોપમાં રેડ દારૂની ૫૦૦ પેટી-વાહનો જપ્ત

દમણ,

સંઘપ્રદેશ દમણમાં દારૂનું ગેરકાયદે વેચાણ અને હેરાફેરી રોકવા પોલીસે મોડે મોડે કામગીરી હાથ ધરી હતી. જેમાં ભીમપોર સ્થિત કમલા વાઈન શોપ પર પોલીસે દરોડો પાડીને ગેરકાયદે રાખવામાં આવેલા દારૂની ૫૦૦થી વધુ પેટી ઝડપી પાડી હતી. આ કાર્યવાહી દરમિયાન સ્થળ પરથી ૧૦થી વધુ વાહનો પણ જપ્ત કરવામાં આવ્યા હતા. કડૈયા કોસ્ટલ પોલીસ સ્ટેશનને મળેલી ચોક્કસ બાતમીના આધારે પોલીસ ટીમે કમલા વાઈન શોપ પર અચાનક દરોડો પાડયો હતો.

તપાસ દરમિયાન મોટા પાયે દારૂનો જથ્થો મળી આવતા પોલીસે સમસ્ત માલ જપ્ત કર્યો હતો અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવા માટે આ જથ્થો દમણ એક્સાઇઝ વિભાગને સોંપવાની તજવીજ હાથ ધરી છે. દમણમાં દારૂના ગેરકાયદે વેચાણ, સંગ્રહ અને સપ્લાય પર નજર રાખવાની મુખ્ય જવાબદારી આબકારી વિભાગની છે. જોકે, પોલીસ દ્વારા સતત લાખો રૂપિયાનો ગેરકાયદે દારૂ પકડવામાં આવી રહ્યો છે, ત્યારે સ્થાનિક સ્તરે એક્સાઇઝ વિભાગની નિષ્ક્રિયતા હાલ ચર્ચામાં છે. જો પોલીસ જ સતત ગેરકાયદે અડ્ડાઓ અને વાઈન શોપ પર કાર્યવાહી કરતી હોય તો એક્સાઇઝ વિભાગની ઉદાસીનતાનું કારણ શું હોય, તેવો સવાલ પણ લોકોમાંથી ઉઠી રહ્યો છે.

દિલ્હી-UP સહિત અનેક રાજ્યોમાં વરસાદી એલર્ટ

કેટલીક જગ્યાએ પવનની ઝડપ ૬૦થી ૭૦ કિલોમીટર પ્રતિ કલાક સુધી પહોંચી શકે

દિલ્હી,

દેશભરમાં ફરી એકવાર હવામાનનો મિજાજ બદલાવા જઈ રહ્યો છે. ક્યાંક વરસાદ તો ક્યાંક ભારે પવન અને વાવાઝોડાને કારણે લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. હવામાન વિભાગ દ્વારા ૫ નવેમ્બર, ગુરુવારે દેશનાં લગભગ ૧૫ રાજ્યોમાં વરસાદ અને તેજ પવનને લઈને એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. દિલ્હી, ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ, રાજસ્થાન સહિત અનેક રાજ્યોમાં વરસાદની શક્યતા છે. બીજી તરફ દક્ષિણ ભારતનાં કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદ અને વીજળી પડવાની ચેતવણી આપવામાં આવી છે. કેટલીક જગ્યાએ પવનની ઝડપ ૬૦થી ૭૦ કિલોમીટર પ્રતિ કલાક સુધી પહોંચી શકે છે.

હવામાનમાં આ ફેરફારનું મુખ્ય કારણ ચક્રવાતી તોફાન નબળું પડ્યા બાદ બનેલી હવામાન સિસ્ટમ છે. આ સિસ્ટમ હાલમાં પૂર્વી તેલંગાણા અને આસપાસના દરિયાકાંઠાના આંધ્ર પ્રદેશના વિસ્તારમાં ડિપ્રેશનના સ્વરૂપમાં સક્રિય છે. તેની અસર દક્ષિણ ભારતથી લઈને પૂર્વ અને ઉત્તર ભારતના અનેક રાજ્યોમાં જોવા મળી શકે છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર કેટલીક જગ્યાએ વરસાદ સાથે ભારે પવન ફૂંકાઈ શકે છે. દેશની રાજધાની દિલ્હી અને આસપાસના વિસ્તારોમાં ૫ નવેમ્બરના રોજ આકાશ વાદળછાયું રહી શકે છે. કેટલીક જગ્યાએ હળવો વરસાદ થવાની શક્યતા છે. આ દરમિયાન ૧૫થી ૨૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે.

ઉત્તર પ્રદેશના અનેક જિલ્લાઓમાં વરસાદ અને તેજ પવનની શક્યતા છે. ગાઝિયાબાદ, મેરઠ, આગ્રા, કાનપુર, મુરાદાબાદ, મથુરા અને સોનભદ્ર સહિતના વિસ્તારોમાં વરસાદ પડી શકે છે. આ દરમિયાન પવનની ઝડપ ૩૫થી ૪૦ કિલોમીટર પ્રતિ કલાક રહેવાની શક્યતા છે. લખનઉમાં મહત્તમ તાપમાન ૩૦ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૧૭ ડિગ્રી સેલ્સિયસ રહેવાનો અંદાજ છે. બીજી તરફ બિહારમાં પણ હવામાન બદલાવાની શક્યતા છે. પટના, ગયા, બક્સર, ભોજપુર, સીતામઢી, દરભંગા, પૂર્ણિયા, અરરિયા અને ભાગલપુર સહિત અનેક જિલ્લાઓમાં વરસાદ અને વાવાઝોડાનું એલર્ટ આપવામાં આવ્યું છે. દક્ષિણ ભારતના કેટલાક વિસ્તારોમાં જોવા મળી શકે છે, તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ, કેરળ, કર્ણાટક, તેલંગાણા અને આંધ્ર પ્રદેશમાં વરસાદનું એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આમ, ૫ નવેમ્બરના રોજ દેશનાં લગભગ ૧૫ રાજ્યોમાં હવામાન બદલાવાની શક્યતા છે.

હૈદરાબાદમાં નકલી નોટોનું કૌભાંડ, YouTube પરથી શીખ્યાં છાપકામ

પોલીસે જપ્ત કરી રૂ. ૬.૭૮ કરોડની બનાવટી નોટો

હૈદરાબાદ,

યુટ્યુબ અને સોશિયલ મીડિયા પરથી ટ્યુટોરિયલ જોઈને નકલી ચલણી નોટો બનાવવાનું કૌભાંડ ચલાવતી એક શાતિર ગેંગનો તેલંગાણા પોલીસે પર્દાફાશ કર્યો છે. હૈદરાબાદના સરહદી વિસ્તારમાં ભાડાના મકાનમાં ધમધમતી નકલી નોટોની આ ફેક્ટરીમાંથી પોલીસે રૂપિયા ૬.૭૮ કરોડની નકલી ચલણી નોટો જપ્ત કરી ૪ આરોપીઓની ધરપકડ કરી છે.

અબ્દુલ્લાપુરમેટ પોલીસ અને શાફીનગર સ્પેશિયલ ઓપરેશન ટીમે નેશનલ હાઈવે ૬૫ પર રામોજી ફિલ્મ સિટી નજીક એક કારને શંકાના આધારે રોકી હતી. કારની તલાશી લેતાં તેમાંથી રૂપિયા ૮ લાખની કિંમતની ૫૦૦ રૂપિયાના દરની નકલી નોટો મળી આવી હતી. પકડાયેલા આરોપીઓની સઘન પૂછપરછ બાદ પોલીસે કુંતલૂર વિસ્તારમાં આવેલ એક ભાડાના મકાન પર દરોડો પાડ્યો હતો. આ મકાનમાં નકલી નોટો છાપવાનું આખું યુનિટ ઊભું કરાયું હતું. સ્થળ પરથી ૫૦૦ના દરના વધુ ૧૩૪ નકલી નોટોના બંડલો મળી આવ્યા હતા, દરોડા દરમિયાન કલર પ્રિન્ટર્સ, સ્કેનર્સ, લેપટોપ, લેમિનેશન મશીન અને નોટ કાપવાના સાધનો પણ કબજે કરવામાં આવ્યાં છે.

ગુજરાત સરકારે મોંઘવારી ભથ્થું ૩ ટકા વધાર્યું : રાજ્યના ૮.૮૨ લાખ કર્મચારીઓ-પેન્શનરોને સીધો ફાયદો મળશે

મોંઘવારી ભથ્થાના વધારા ઉપરાંત તહેવારોને ધ્યાનમાં રાખીને રજાઓ અંગે પણ મહત્ત્વનો નિર્ણય લેવાયો

ગાંધીનગર,

દિવાળીના તહેવારો નજીક આવી રહ્યા છે ત્યારે ગુજરાત સરકારે રાજ્યના કર્મચારીઓ અને પેન્શનરો માટે ખુશીના સમાચાર આપ્યા છે. સરકારી કર્મચારી સંગઠનોની લાંબા સમયની માંગણીઓ અને રજૂઆતોને ધ્યાને રાખીને રાજ્ય સરકારે મોંઘવારી ભથ્થા (ડીએ)માં ૩ ટકાનો વધારો કરવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો છે.

રાજ્ય સરકારના આ નિર્ણયથી અંદાજે ૪ લાખથી વધુ કાર્યરત કર્મચારીઓ અને ૪.૮૨ લાખ જેટલા પેન્શનરો મળીને કુલ ૮.૮૨ લાખથી વધુ લોકોને સીધો આર્થિક ફાયદો થશે. આ વધારામાં રાજ્ય સરકારી કર્મચારીઓ તેમજ પંચાયત સેવાના કર્મચારીઓનો પણ સમાવેશ થાય છે. આ અંગેનો સત્તાવાર પરિપત્ર અને અમલીકરણની તારીખ વિશે ટૂંક સમયમાં કેબિનેટ નિર્ણય બાદ આખરી વિગતો જાહેર કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, અગાઉ મે ૨૦૨૬માં ૭મા પગારપંચ હેઠળ કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૨ ટકાનો વધારો કરવામાં આવ્યો હતો, જેથી ભથ્થું ૫૮ ટકાથી વધીને ૬૦ ટકા થયું હતું. હવે આ નવા ૩ ટકાના વધારા સાથે જ કર્મચારીઓનું મોંઘવારી ભથ્થું ૬૦ ટકાથી વધીને ૬૩ ટકાની સપાટીએ પહોંચી જશે. દાખલા તરીકે, જો કોઈ સરકારી કર્મચારીનો મૂળ પગાર ૩૦,૦૦૦ હોય, તો અત્યાર સુધી ૬૦% લેખે ૧૮,૦૦૦ ડીએ મળતું હતું. હવે ૬૩% લેખે ૧૮,૯૦૦ મળશે, જેનાથી કર્મચારીના હાથમાં દર મહિને ૯૦૦નો સીધો રોકડ ફાયદો થશે.

ગુજરાત સરકાર દ્વારા સળંગ ૪ દિવસના મિનિ વેકેશનની જાહેરાત કરાઇ

ગાંધીનગર,

દિવાળીને લઈને ગુજરાત સરકાર દ્વારા સરકારી કર્મચારીઓ માટે એક ખુશીના સમાચાર સામે આવી રહ્યા છે. ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા સત્તાવાર પરિપત્ર બહાર પાડીને દિવાળીના તહેવાર પર કર્મચારીઓને સળંગ ૪ દિવસની રજા (મિનિ વેકેશન)નો લાભ મળે તેવી જાહેરાત કરવામાં આવી છે.

સામાન્ય વહીવટ વિભાગના કેલેન્ડર વર્ષ ૨૦૨૬ના જાહેરનામા મુજબ તારીખ ૦૮/૧૧/૨૦૨૬ રવિવારના રોજ દિવાળીનો તહેવાર હોવાથી જાહેર રજા આપવામાં આવી છે. જ્યારે તારીખ ૧૦/૧૧/૨૦૨૬ મંગળવારના રોજ નૂતન વર્ષ દિનની જાહેર રજા અપાઈ છે. જ્યારે તારીખ ૧૧/૧૧/૨૦૨૬ બુધવારના રોજ ભાઈબીજની જાહેર રજા આપવામાં આવી છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પરિવાર સાથે ગુજરાતમાં દિવાળી પર્વની ઉજવણી કરશે

બેસતા વર્ષના દિવસે અમિત શાહના નિવાસસ્થાને સ્નેહમિલનનું આયોજન

અમદાવાદ,

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ૭ નવેમ્બરની મોડી રાત્રે અમદાવાદ આવશે. તેઓ પરિવાર સાથે ગુજરાતમાં દિવાળી પર્વની ઉજવણી કરશે. તેમના ગુજરાત પ્રવાસ દરમિયાન ૯ નવેમ્બરે વિવિધ જાહેર કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

કાર્યક્રમની વિગતો મુજબ, અમિત શાહ એસ.જી. હાઈવે પરના એલિવેટેડ બ્રિજનું લોકાર્પણ કરશે. આ ઉપરાંત ચાર જેટલાં વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત પણ તેમના હસ્તે કરવામાં આવશે. આ કાર્યક્રમોમાં જાહેર સભાનો પણ સમાવેશ થાય છે, જેમાં અમિત શાહ ઉપસ્થિત રહી સંબોધન કરશે. દિવાળી બાદ બેસતા વર્ષના દિવસે અમિત શાહના નિવાસસ્થાને સ્નેહમિલનનું આયોજન કરવામાં આવશે. આ પ્રસંગે શુભેચ્છકો અને આમંત્રિતો તેમને નવા વર્ષની શુભકામનાઓ પાઠવશે.

અમિત શાહનો પ્રવાસ પરિવાર સાથે દિવાળી ઉજવવા ઉપરાંત જાહેર કાર્યક્રમો અને વિકાસકાર્યો સાથે જોડાયેલો રહેશે. ૭ નવેમ્બરે અમદાવાદ પહોંચ્યા બાદ તેઓ પરિવાર સાથે તહેવારની ઉજવણી કરશે. ત્યારબાદ ૯ નવેમ્બરે એલિવેટેડ બ્રિજના લોકાર્પણ સહિતના કાર્યક્રમોમાં ભાગ લેશે.

ચાર જેટલાં વિકાસકાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્તના કાર્યક્રમો પણ આ પ્રવાસનું મુખ્ય આકર્ષણ રહેશે. જાહેર સભામાં સ્થાનિક લોકો અને આમંત્રિતોની હાજરી રહેવાની શક્યતા છે. જોકે, કયા ચાર વિકાસકાર્યોનું લોકાર્પણ કે ખાતમુહૂર્ત થશે અને સભાનું સ્થળ શું રહેશે તેની વિગત કાર્યક્રમની વધુ માહિતી સાથે સ્પષ્ટ થશે.

બેસતા વર્ષના સ્નેહમિલન માટે પણ તૈયારીઓ કરવામાં આવશે. આ રીતે દિવાળી પર્વ દરમિયાન અમિત શાહની ગુજરાત મુલાકાતમાં પરિવાર સાથેની ઉજવણી, જાહેર સભા અને વિકાસકાર્યોના કાર્યક્રમો સામેલ રહેશે.

રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીને વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ્સ-લંડનમાં સ્થાન

કેબિનેટની મળેલી બેઠકમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ સર્ટિફિકેટ રજૂ કરાયું

ગાંધીનગર,

ભારતના લોહપુરુષ અને રાષ્ટ્રીય એકીકરણના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતી નિમિત્તે ૩૧મી ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ ગુજરાતમાં રાજ્યવ્યાપી 'રાષ્ટ્રીય એકતા દિવસ'ની અદભુત અને ઐતિહાસિક ઉજવણી કરવામાં આવી હતી. આ અંગે વિગતો આપતા પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દૂરદર્શી માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકારે આ ઉજવણીને માત્ર કેવડિયા પૂરતી મર્યાદિત ન રાખતા, રાજ્યના ૧૮,૦૦૦થી વધુ ગામો, તમામ ૧૭ મહાનગરપાલિકાઓ અને ૧૫૨ નગરપાલિકાઓમાં વ્યાપક લોકભાગીદારી સાથે લોકઉત્સવમાં પરિવર્તિત કરી હતી.

આ ભવ્ય આયોજનના પ્રસારણ માટે વ્યાપક ડિજિટલ માધ્યમોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જેના પરિણામે ગુજરાતભરના અંદાજે ૧.૩૨ કરોડ નાગરિકો વર્ચ્યુઅલ અને પ્રત્યક્ષ માધ્યમથી સહભાગી બન્યા હતા. આ જનજાગૃતિ અને ઐતિહાસિક સહભાગિતાને "વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ્સ-લંડન" દ્વારા રેકોર્ડ સ્થાને માન્યતા આપવામાં આવી છે, જેનું સર્ટિફિકેટ આજની કેબિનેટ બેઠક દરમિયાન મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ ગર્વભેર રજૂ કરવામાં આવ્યું હતું.

માતા પાસે સગીર દીકરીની કસ્ટડી હોય તો તેને ગેરકાયદે ગણાવી શકાય નહીં, કારણ કે માતા કુદરતી વાલી : હાઈકોર્ટ

સગીર દીકરીની કસ્ટડી મામલે હાઈકોર્ટનું મહત્વપૂર્ણ અવલોકન : પિતાની હેબિયસ કોર્પસ અરજી ફગાવી

અમદાવાદ,

ગુજરાત હાઈકોર્ટે સગીર દીકરીની કસ્ટડી મામલે એક મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે જેમાં, કુદરતી વાલી તરીકે માતા પાસે બાળકની કસ્ટડી હોય તો તેને સામાન્ય રીતે ગેરકાયદે કસ્ટડી ગણાવી શકાય નહીં. હાઈકોર્ટે પિતાની હેબિયસ કોર્પસ અરજી ફગાવી દીધી છે. પિતાએ આક્ષેપ કર્યો હતો કે સેશન્સ કોર્ટના આદેશ મુજબ મે મહિનાના અંતમાં દીકરીની કસ્ટડી પરત સોંપવાની હતી, પરંતુ માતાએ દીકરીને પરત સોંપી નહોતી.

આ કેસમાં પતિ-પત્ની વચ્ચે વૈવાહિક વિવાદ થતાં બંને અલગ રહેવા લાગ્યા હતા. દંપતિને બે દીકરીઓ છે. અલગ થયા બાદ મોટી દીકરી પિતા પાસે રહી હતી, જ્યારે નાની દીકરી માતા પાસે હતી. બંને પક્ષોએ ફેમિલી કોર્ટમાં દીકરીઓની કાયમી કસ્ટડી મેળવવા માટે અરજીઓ કરી હતી.

દરમિયાન માતાએ ઘરેલુ હિંસા કાયદા હેઠળ અરજી કરીને મોટી દીકરીની વચગાળાની કસ્ટડી માગી હતી. એપ્રિલમાં અરજી નામંજૂર થતાં માતાએ સેશન્સ કોર્ટમાં પડકાર્યો હતો. સેશન્સ કોર્ટે મે મહિનાના અંતિમ સપ્તાહમાં સાત દિવસ માટે દીકરીની વચગાળાની કસ્ટડી માતાને આપવાનો આદેશ કર્યો હતો અને ત્યારબાદ દીકરીને પિતા પાસે પરત સોંપવાની સૂચના આપી હતી. પિતાએ સેશન્સ કોર્ટના આદેશ મુજબ દીકરીને માતાને સોંપી હતી. જોકે વચગાળાની કસ્ટડીનો સમયગાળો પૂર્ણ થયા બાદ માતાએ દીકરીને અમદાવાદમાં પિતા પાસે પરત સોંપી ન હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. આથી પિતાએ ગુજરાત હાઈકોર્ટમાં હેબિયસ કોર્પસ અરજી કરીને દીકરીની કસ્ટડી પરત મેળવવાની માગ કરી હતી.

આ કેસની સુનવણી દરમિયાન, પિતાના પક્ષે હાજર રહેલા એડવોકેટ આશિષ એન. પંડ્યાએ દલીલ કરી હતી કે, માતાએ સેશન્સ કોર્ટના આદેશ છતાં દીકરીની કસ્ટડી પરત સોંપી નથી. નિર્ધારિત સમયગાળો પૂર્ણ થયા બાદ પણ દીકરીને પોતાની પાસે રાખવી એ કોર્ટના આદેશનું જાણીજોઈને ઉલ્લંઘન છે.

એડવોકેટ આશિષ એન. પંડ્યાએ વધુમાં રજૂઆત કરી હતી કે, દીકરીને પરત સોંપવાની સમયમર્યાદા પૂર્ણ થવાના એક દિવસ પહેલાં માતાએ પિતા અને તેમના પરિવારજનો સામે મારપીટના આક્ષેપ સાથે ફરિયાદ નોંધાવી હતી. પિતાના પક્ષે આ સમગ્ર ઘટનાક્રમને કોર્ટના આદેશનું પાલન ટાળવાના પ્રયાસ તરીકે રજૂ કરવામાં આવ્યો હતો.

ગુજરાત યુથ કોંગ્રેસના કુલ ૪૯ હોદ્દેદારને સસ્પેન્ડ કરવામાં આવ્યા

યુથ કોંગ્રેસમાં સંગઠનાત્મક સ્તરે મોટી કાર્યવાહી કરવામાં આવી

અમદાવાદ,

આવતા વર્ષે ચૂંટણી છે ત્યારે ઊંઘમાંથી જાગેલી કોંગ્રેસ હાઈકમાન્ડની ટીમ દ્વારા સંગઠનમાં શિસ્ત જાળવી રાખવા માટે અત્યંત કડક પગલાં લેવામાં આવ્યા છે. તાજેતરમાં દિલ્હી ખાતે યોજાયેલી રાહુલ ગાંધીની રેલીમાં ગેરહાજર રહેનારા ગુજરાત યુથ કોંગ્રેસના હોદ્દેદારો પર ગાજ વિંઝાઈ છે. પાર્ટી દ્વારા લેવાયેલા આ મોટા પગલાં હેઠળ રાજ્યભરના કુલ ૪૯ હોદ્દેદારોને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે.

મળતી માહિતી અનુસાર, ગુજરાત યુથ કોંગ્રેસના ૨૫ હોદ્દેદારો અને ૨૪ જિલ્લાના પ્રમુખો સામે સસ્પેન્શનની કાર્યવાહી કરવામાં આવી છે. આમ, કુલ ૪૯ હોદ્દેદારોને સંગઠનની જવાબદારીઓમાંથી દૂર કરવામાં આવ્યા છે. ગુજરાત યુવક કોંગ્રેસના પ્રમુખ અને યુવક કોંગ્રેસના રાષ્ટ્રીય મહામંત્રી દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

આ સમગ્ર કાર્યવાહી પાછળનું કારણ દિલ્હી ખાતે યોજાયેલી કોંગ્રેસની રેલીમાં હોદ્દેદારોની ગેરહાજરી હોવાનું રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે. ચર્ચા મુજબ, કોંગ્રેસ દ્વારા આયોજિત આ રેલીમાં હાજર ન રહેવાને પગલે સંબંધિત હોદ્દેદારો સામે સંગઠનાત્મક પગલાં લેવામાં આવ્યા છે. કોંગ્રેસ સંગઠનમાં શિસ્ત જાળવવા અને પક્ષના કાર્યક્રમોમાં હોદ્દેદારોની સક્રિય ભાગીદારી સુનિશ્ચિત કરવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો હોવાની ચર્ચા છે.

બંધ મકાનને નિશાન બનાવી રોકડ અને કિંમતી વસ્તુઓની ચોરી કરનાર માણેકચોકમાંથી ઝડપાયો

૨.૩૬ લાખનો મુદ્દામાલ સાથે ઝડપાયેલા આરોપીની ૩પથી વધુ ગુનાઓમાં સંડોવણી

અમદાવાદ,

અમદાવાદના ખાડિયા વિસ્તારમાં આવેલી રાયપુરની સિદ્ધિની પોળમાં થયેલી ઘરફોડ ચોરીનો એલસીબી ઝોન-૩ની ટીમે ગણતરીના કલાકોમાં ભેદ ઉકેલી નાખ્યો છે. બંધ મકાનને નિશાન બનાવી રોકડ અને કિંમતી ચીજવસ્તુઓની ચોરી કરનાર લાલજીભાઈ ઉકાભાઈ સોલંકીને પોલીસે માણેકચોકમાંથી ઝડપી પાડ્યો છે. પોલીસના જણાવ્યા મુજબ, આરોપી વિરુદ્ધ અગાઉ ૩પથી વધુ ગુનાઓ નોંધાયેલા છે. તેની પાસેથી રૂ. ૨.૩૬ લાખનો મુદ્દામાલ પણ કબજે કરવામાં આવ્યો છે.

પોલીસના જણાવ્યા અનુસાર, ૨ નવેમ્બરના રોજ આરોપીએ



રાયપુરની સિદ્ધિની પોળમાં આવેલા એક બંધ મકાનને નિશાન બનાવ્યું હતું. મકાનનો દરવાજો અર્ધો ખુલ્લો હોવાનો લાભ લઈને તે ઘરમાં પ્રવેશ્યો હતો. ત્યારબાદ રોકડ રકમ અને કિંમતી ચીજવસ્તુઓ સહિત કુલ રૂ. ૨.૯૬ લાખની મત્તાની ચોરી કરીને ફરાર થઈ ગયો હતો.

ઘટનાની તપાસ દરમિયાન એલસીબી ઝોન-૩ની ટીમે આસપાસના સીસીટીવી ફૂટેજ તપાસ્યા હતા. ટેક્નિકલ એનાલિસિસ અને બાતમીદારો પાસેથી મળેલી માહિતીના આધારે પોલીસ આરોપી સુધી પહોંચી હતી. ચોરી કરેલા સોનાના દાગીના વેચવા માટે આરોપી માણેકચોક વિસ્તારમાં પહોંચ્યો હોવાની માહિતી મળતાં પોલીસે વોચ ગોઠવી તેને ઝડપી પાડ્યો હતો.

પકડાયેલા આરોપીની ઓળખ લાલજી ઉકાભાઈ સોલંકી તરીકે થઈ છે, જે અમદાવાદના વાડજ વિસ્તારમાં રહે છે. પોલીસે તેની પાસેથી રૂ. ૧.૪૦ લાખ રોકડા, સોનાની બે વીંટીઓ, વિદેશી બ્રાન્ડની ઘડિયાળ અને આઈફોનનાં ઈયરબડ્સ સહિત કુલ રૂ. ૨.૩૬ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

દિવાળી પહેલાં અમુલ ઘીના ભાવમાં ૫૦ રૂપિયા અને બટરના ભાવમાં ૧૫ રૂપિયાનો વધારો

અમદાવાદ,

દિવાળીના તહેવારની બિલકુલ પૂર્વે અમુલે ઘી અને માખણના ભાવમાં વધારો કર્યો છે, જેનાથી તહેવારોની મોસમમાં મોટા પાયે વપરાતી આ બે ડેરી પ્રોડક્ટ્સ મોંઘી થઈ ગઈ છે. ઘીના ૧ કિલોના કાર્ટનની કિંમતમાં ૫૦ રૂપિયાનો વધારો થયો છે - એટલે કે તે ૬૩૦ રૂપિયાથી વધીને ૬૮૦ રૂપિયા થઈ ગયું છે, જ્યારે માખણના ૫૦૦ ગ્રામના પેકની કિંમતમાં ૧૫ રૂપિયાનો વધારો થયો છે.

ભાવમાં આ ફેરફાર એવા સમયે આવ્યો છે જ્યારે અમુલ ગાયના ઘીની માંગમાં અનેક બજારોમાં વધારો જોવા મળ્યો છે, જ્યાં અમુક સ્થળોએ તેની અછત પણ નોંધાઈ છે. ગુજરાત અને પડોશી રાજ્ય રાજસ્થાનમાં ભેળસેળયુક્ત ઉત્પાદનો સામે કડક કાર્યવાહી થયા બાદ બ્રાન્ડેડ ઘીની માંગમાં વધારો થયો છે. ભાવમાં થયેલા આ તાજેતરના વધારાને કારણે ગ્રાહકોને સપ્ટેમ્બર ૨૦૨૫માં જ્જી દરો ઘટવાથી મળેલી રાહત પણ ઘણી અંશે ઘટી ગઈ છે.

અમુલ ઘી અને માખણના ભાવમાં વધારો

ભાવમાં થયેલો આ ફેરફાર ઘી અને માખણના વિવિધ પેક સાઈઝ પર લાગુ થાય છે. અમુલ શુદ્ધ ઘીના ૫૦૦ ગ્રામના પાઉચની કિંમત હવે ૩૨૫ રૂપિયાથી વધીને ૩૪૫ રૂપિયા થઈ ગઈ છે. માખણના ભાવમાં પણ બે અલગ-અલગ પેક સાઈઝ માટે વધારો કરવામાં આવ્યો છે.

માખણના ૧૦૦ ગ્રામના પેકની કિંમત ૬૩ રૂપિયાથી વધીને ૬૬ રૂપિયા થઈ છે, જ્યારે ૫૦૦ ગ્રામના પેકની કિંમત ૩૧૦ રૂપિયાથી વધીને ૩૨૫ રૂપિયા થઈ ગઈ છે.

કબ્રસ્તાનમાંથી માથા વગરનું નગ્ન ધડ મળ્યું, ૩ કિમી દૂર રેલવે ટ્રેક પરથી માથું મળી આવ્યું!

સુરતના કતારગામ વિસ્તારમાં હત્યાની આશંકા જન્માવતી ચોંકાવનારી ઘટના

સુરત,

સુરતના કતારગામ વિસ્તારમાંથી હત્યાની આશંકા જન્માવતી ચોંકાવનારી ઘટના સામે આવી છે. ગોટાલાવાડી ચાર રસ્તા પાસે આવેલા ખ્રિસ્તી કબ્રસ્તાનમાંથી અજાણ્યા પુરુષનું માથા વગરનું નગ્ન ધડ મળી આવ્યું હતું. ત્યારબાદ પોલીસની તપાસ દરમિયાન મૃતકનું માથું કબ્રસ્તાનથી આશરે ૩ કિલોમીટર દૂર અલકાપુરી રેલવે ટ્રેક પરથી મળી આવ્યું છે. પ્રાથમિક તપાસમાં મૃતકની ઓળખ છુપાવવાના ઈરાદે તેની હત્યા કરી માથું અલગ કરવામાં આવ્યું હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

મળતી માહિતી મુજબ, ૩ નવેમ્બરની રાત્રે કતારગામ પોલીસને કંટ્રોલ મેસેજ મળ્યો હતો કે ગોટાલાવાડી ચાર રસ્તા પાસે આવેલા ખ્રિસ્તી કબ્રસ્તાનમાં એક વ્યક્તિનો મૃતદેહ પડ્યો છે. માહિતી મળતાં જ પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો. તપાસ દરમિયાન મૃતદેહનું માથું ગાયબ હોવાનું અને શરીર પર કપડાં ન હોવાનું સામે આવ્યું હતું.

પોલીસે તપાસ આગળ વધારતાં મૃતકનું માથું અલકાપુરી રેલવે ટ્રેક પરથી મળી આવ્યું હતું. કબ્રસ્તાનમાં મળેલા ધડ અને રેલવે ટ્રેક પરથી મળેલા માથા વચ્ચે આશરે ૩ કિલોમીટરનું અંતર હોવાનું સામે આવ્યું છે. પ્રાથમિક અનુમાન મુજબ મૃતકની ઉંમર ૩૦થી ૩૫ વર્ષની આસપાસ હોઈ શકે છે.

પ્રાથમિક દૃષ્ટિએ આ મામલે હત્યાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. અજાણ્યા શખ્સોએ પુરાવાનો નાશ કરવા અથવા મૃતકની ઓળખ છુપાવવા માટે માથું અલગ કર્યું હોવાની શક્યતા તપાસવામાં આવી રહી છે. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઉપરાંત એફએસએલ અને ડોગ સ્ક્વોડની ટીમોએ પણ ઘટનાસ્થળે તપાસ હાથ ધરી હતી.

પોલીસના પ્રાથમિક અનુમાન મુજબ, મૃતકની હત્યા આશરે બે દિવસ પહેલાં થઈ હોઈ શકે છે.

કેનેડા મોકલવાના નામે અમદાવાદના યુવક સાથે ૧૬.૫૨ લાખની છેતરપિંડી, બે ચેક પણ બાઉન્સ

વિઝા એજન્સીના ડિરેક્ટરે ૧૨થી ૧૪ મહિનામાં વિઝા અપાવવાની ખાતરી આપી પિતા-પુત્ર પાસેથી અલગ-અલગ હપ્તામાં રૂપિયા મેળવ્યા હતા

અમદાવાદ,

અમદાવાદના સેટેલાઈટ વિસ્તારમાં કેનેડાના વર્ક વિઝા અપાવવાના બહાને યુવક સાથે ૧૬.૫૨ લાખની છેતરપિંડી થયાની ઘટના સામે આવી છે. નહેરુનગર સ્થિત વિઝા એજન્સીના ડિરેક્ટરે ૧૨થી ૧૪ મહિનામાં વિઝા અપાવવાની ખાતરી આપી યુવક અને તેના પિતા પાસેથી અલગ-અલગ હપ્તામાં રૂપિયા મેળવ્યા હતા. જોકે, નક્કી કરેલી સમયમર્યાદા પૂરી થયા બાદ પણ વિઝા ન મળતાં યુવકે પોતાના રૂપિયા પરત માગ્યા હતા. એજન્ટે આપેલા બંને ચેક બાઉન્સ થતાં અને બાદમાં ફોન ઉપાડવાનું બંધ કરી દેતાં યુવકે પોલીસ ફરિયાદ નોંધાવી છે. મળતી માહિતી મુજબ, સેટેલાઈટ વિસ્તારમાં રહેતો અને ફાર્મા કંપનીમાં નોકરી કરતો ૨૬ વર્ષીય મયુર મકવાણા વર્ષ ૨૦૨૨માં કેનેડાના વર્ક વિઝા મેળવવા માગતો હતો. આ માટે તેણે અને તેના પિતાએ નહેરુનગર સ્થિત ડ્રીમ વર્લ્ડ હોલીડેઝના ડિરેક્ટર તપન જોષીનો સંપર્ક કર્યો હતો. ફરિયાદ મુજબ, તપન જોષીએ ૧૨થી ૧૪ મહિનામાં વર્ક વિઝા અપાવવાની ખાતરી આપી હતી. આ સમગ્ર પ્રક્રિયા માટે આશરે ૨૩.૬૦ લાખનો ખર્ચ થશે તેમ જણાવ્યું હતું. જો વિઝા ન મળે તો ચૂકવેલા રૂપિયા પરત કરવાની બાંહેધરી પણ આપી હતી. આ અંગે એમઓયુ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ૭ ઓક્ટોબર ૨૦૨૨ના રોજ ૭.૪૪ લાખ અને ૧૦ ઓક્ટોબર ૨૦૨૨ના રોજ ૨ લાખના ચેક આપવામાં આવ્યા હતા. ત્યારબાદ એજન્ટે એલએમઆઈએ લેટર આવી ગયો હોવાનું જણાવી વધુ ૫૮ હજાર અને ૬.૫૦ લાખના ચેક લીધા હતા.

લાંબો સમય વીતી જવા છતાં વિઝા ન મળતાં મયુરે એજન્ટ પાસે વારંવાર પૂછપરછ કરી હતી. કરાર મુજબ રૂપિયા પરત માગતાં તપન જોષીએ ૨૩ જુલાઈ ૨૦૨૪ના રોજ ૧૬.૫૨ લાખનો ચેક આપ્યો હતો. જોકે, આ ચેક બેંકમાં જમા કરાવતાં બાઉન્સ થયો હતો. ત્યારબાદ એજન્ટે ફરી સમય પસાર કર્યો હતો અને ૫ એપ્રિલ ૨૦૨૫ના રોજ જીએસટીની રકમ કાપીને ૧૪ લાખનો બીજો ચેક આપ્યો હતો. જોકે, આ ચેક પણ બેંકમાં બાઉન્સ થયો હતો.

અમદાવાદ-ગાંધીનગરમાં કેફેની આડમાં હુક્કાબારનો પર્દાફાશ: એસએમસીના દરોડામાં ૯૪ હુક્કા જપ્ત

હુક્કા, ચિલમ, અલગ-અલગ ફ્લેવરનાં પેકેટ સહિતનો મુદ્દામાલ



અમદાવાદ,

રાજ્યમાં હુક્કાબાર પર પ્રતિબંધ હોવા છતાં અમદાવાદ અને ગાંધીનગરનાં કેટલાંક કેફેમાં હુક્કા પીરસવામાં આવતા હોવાની માહિતીના આધારે સ્ટેટ મોનિટરિંગ સેલ (એસએમસી)એ દરોડા પાડ્યા છે. રાજ્ય પોલીસવડા જી.એસ. મલિકની સૂચનાથી સ્થાનિક પોલીસને જાણ કર્યા વિના ચાંદખેડા, ગુજરાત કોલેજ રોડ, સિંધુભવન રોડ અને ગાંધીનગરના ઈન્ફોસિટી વિસ્તારમાં કાર્યવાહી કરવામાં આવી હતી. દરોડા દરમિયાન હુક્કા, ચિલમ, અલગ-અલગ ફ્લેવરનાં પેકેટ સહિતનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. પ્રાથમિક માહિતી મુજબ, કુલ ૯૪ હુક્કા સહિતનો સામાન કબજે કરાયો છે. સ્થાનિક પોલીસ દ્વારા હુક્કાબાર સામે પૂરતી કાર્યવાહી થતી ન હોવાની ફરિયાદોને પગલે રાજ્ય પોલીસવડાએ સીધી એસએમસીને કાર્યવાહી કરવાની સૂચના આપી હતી. તેના આધારે ટીમે અમદાવાદ અને ગાંધીનગરમાં અલગ-અલગ સ્થળોએ દરોડા પાડ્યા હતા. આ કાર્યવાહી દરમિયાન કેફેના સંચાલકો, મેનેજરો અને કર્મચારીઓ સહિત અનેક લોકો મળી આવ્યા હતા. હુક્કાબાર ચલાવવાના મામલે સંચાલકો સામે જાણવાજોગ ફરિયાદ નોંધવાની કાર્યવાહી કરવામાં આવી છે. અમદાવાદના ચાંદખેડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ઝુંડાલ સર્કલ પાસે આવેલી શ્રી ખોડિયાર કાઠિયાવાડી હોટેલ નજીકના કિંગ્સ કેફેમાં એસએમસીએ દરોડો પાડ્યો હતો. આ કેફેના માલિક સાવનકુમાર દલપતભાઈ પરમાર (રહે. ઉપવન રેસિડેન્સી, ચાંદખેડા) સહિત કાઉન્ટર સંભાળતા અને હુક્કાના ફ્લેવર તૈયાર કરતા લોકો મળી આવ્યા હતા.

સૌરાષ્ટ્ર આસપાસ

બાગાયત ખેડૂતોને નવી યોજનાઓનો લાભ મેળવવા આઈ-ખેડૂત પોર્ટલ ૨.૦ પર ઓનલાઈન અરજી કરવા અનુરોધ

બાગાયતી યોજનાઓનો લાભ મેળવવા તા. ૧૫ નવેમ્બર, ૨૦૨૬ સુધી ઓનલાઈન અરજી કરી શકાશે

અમરેલી:

અમરેલી જિલ્લાના બાગાયત ખાતા દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ માટે બાગાયતી પાકોના વાવેતર વિસ્તાર વધારવા, રાઈઝોમેટિક (આદુ, હળદર) પાકોને પ્રોત્સાહન આપવા તથા ફળપાકોમાં ફિલ્ડ કવર થકી ગુણવત્તાયુક્ત ઉત્પાદન મેળવવા જેવી વિવિધ યોજનાઓ મંજૂર કરવામાં આવી છે. આ યોજનાઓનો લાભ મેળવવા માટે ખેડૂતોને નવીન 'આઈ-ખેડૂત પોર્ટલ ૨.૦' મારફતે તા. ૧૫ નવેમ્બર, ૨૦૨૬ સુધી ઓનલાઈન અરજી કરવા અનુરોધ કરવામાં આવે છે.

લાભ મેળવવા ઈચ્છુક બાગાયત ખેડૂતોએ પોર્ટલ પર ઓનલાઈન અરજી કરવાની રહેશે. ચાલુ વર્ષ ૨૦૨૬-૨૭થી નવીન આઈ-ખેડૂત પોર્ટલ ૨.૦ પર નોંધણી કરાવનાર તેમજ નવા નોંધણી કરાવનારા ખેડૂતોએ આધાર ઓથેન્ટિકેશન ફરજિયાત કરાવવાનું રહેશે. ત્યારબાદ જ તેઓ ઓનલાઈન અરજી કરી શકશે.

અરજીમાં જણાવ્યા મુજબના જરૂરી દસ્તાવેજો અપલોડ કરી અરજી કન્ફર્મ કર્યા બાદ તેની પ્રિન્ટ લઈ ખેડૂતોએ પોતાની પાસે રાખવાની રહેશે.

યોજનાની મંજૂરી મળ્યા બાદ ક્લેઈમ સબમિટ કરતી વખતે જરૂરી સાધનિક પુરાવા સાથે અરજીની નકલ રજૂ કરવાની રહેશે.વધુ માહિતી માટે નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી, સરદાર ચોક, ચક્કરગઢ રોડ, અમરેલીનો સંપર્ક કરવા એક યાદીમાં જણાવાયું છે.

અમરેલીમાં પિતૃ કલ્યાણ અર્થે ભવ્ય શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન

તા. ૧૪ થી ૨૦ નવેમ્બર દરમિયાન દાદા ભગવાન મંદિર ખાતે ગુંજશે કથાની અમૃતવાણી

અમરેલી:

કુળદેવી શ્રી અંબાજી માતાજી તેમજ આરાધ્ય દેવ નાગેશ્વર મહાદેવની પરમ કૃપાથી અને પવિત્ર કારતક માસના પાવન અવસરે અમરેલી ખાતે પિતૃઓના મોક્ષાર્થે ભવ્ય 'શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ'નું સુંદર આયોજન કરવામાં આવ્યું છે.લાભ પાંચમથી દેવઉઠી એકાદશી સુધી લિલીયા રોડ સ્થિત દાદા ભગવાન મંદિરમાં યોજાશે ધર્મોત્સવ.જૂનાગઢના સુપ્રસિદ્ધ ભાગવતાચાર્ય શાસ્ત્રી શ્રી અંકુરભાઈ રાવળ વ્યાસાસનેથી કરાવશે કથારસપાન. પોથી યાત્રા, નંદ મહોત્સવ, ગોવર્ધન પૂજા અને રૂક્ષ્મણી વિવાહ સહિતના ધાર્મિક ઉત્સવો ધામધૂમથી ઉજવાશે

આ ધાર્મિક મહોત્સવ વિક્રમ સંવત ૨૦૮૩ના કારતક સુદ-૫ (લાભ પાંચમ), શનિવાર તા. ૧૪ નવેમ્બર ૨૦૨૬થી પ્રારંભ થશે અને કારતક સુદ-૧૧ (દેવઉઠી એકાદશી), શુક્રવાર તા. ૨૦ નવેમ્બર ૨૦૨૬ના રોજ વિરામ પામશે. સમગ્ર કથાનું આયોજન અમરેલીના લિલીયા રોડ પર આવેલા સુપ્રસિદ્ધ દાદા ભગવાન મંદિર પરિસરમાં રાખવામાં આવ્યું છે.

આ પાવનકારી જ્ઞાનયજ્ઞમાં વ્યાસાસને બિરાજીને જૂનાગઢના ખ્યાતનામ ભાગવતાચાર્ય, ગુજરાત યુનિવર્સિટી સર્ટિફાઈડ જ્યોતિષાચાર્ય તેમજ વાસ્તુશાસ્ત્રી શાસ્ત્રી શ્રી અંકુરભાઈ રાવળ



પોતાની ઓજસ્વી અને મધુર વાણીથી હરિભક્તોને ભાગવત કથાના ગૂઢ રહસ્યો અને ભક્તિભાવનું અમૃતપાન કરાવશે.

સપ્તાહ દરમિયાન ઉજવાનારા મુખ્ય ધાર્મિક ઉત્સવોની રૂપરેખા:

★ ૧૪-૧૧-૨૦૨૬ (શનિવાર): ભવ્ય પોથી યાત્રા (સાંજે ૪:૦૦ કલાકે)

★ ૧૬-૧૧-૨૦૨૬ (સોમવાર): શ્રી નૃસિંહ પ્રાગટ્ય મહોત્સવ (સાંજે ૬:૦૦ કલાકે)

★ ૧૭-૧૧-૨૦૨૬ (મંગળવાર): શ્રી વામન પ્રાગટ્ય (સવારે ૧૦:૦૦ કલાકે), શ્રી રામ જન્મોત્સવ (બપોરે ૧૨:૦૦ કલાકે) તેમજ શ્રી નંદ મહોત્સવ / શ્રીકૃષ્ણ જન્મોત્સવ (સાંજે ૬:૦૦ કલાકે)

★ ૧૮-૧૧-૨૦૨૬ (બુધવાર): શ્રી ગોવર્ધન લીલા / અન્નકૂટ ઉત્સવ (સાંજે ૬:૩૦ કલાકે)

★ ૧૯-૧૧-૨૦૨૬ (ગુરૂવાર): ભવ્ય શ્રી રૂક્ષ્મણી વિવાહ મહોત્સવ (સાંજે ૬:૦૦ કલાકે)

★ ૨૦-૧૧-૨૦૨૬ (શુક્રવાર): શ્રી નારાયણ હવન (સવારે ૮:૦૦ થી ૧૦:૩૦), સુદામા ચરિત્ર (સવારે ૧૧:૦૦ કલાકે) તેમજ બપોરે ૨:૦૦ કલાકે કથા વિરામ

કળિયુગમાં જીવમાત્રના કલ્યાણ અને પિતૃ શાંતિ અર્થે વહેનારી આ દિવ્ય જ્ઞાનગંગાનો લાભ લેવા માટે આયોજક સ્વ. પુરુષોતમભાઈ લવજીભાઈ જાની પરિવાર તથા સમગ્ર જાની પરિવાર (અમરેલી) દ્વારા સર્વે ધર્મપ્રેમી જનતા તથા હરિભક્તોને સહપરિવાર પધારવા ભાવભર્યું જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

તોલમાપ વિભાગનાં રાજયવ્યાપી દરોડા ગેરરીતિ કરનાર ૮૬૦ એકમોને દંડ ફટકારાયો

મિઠાઈ - ફરસાણ - ડ્રાયફ્રુટની દુકાનો અને મોલ્સમાંથી રૂા. ૨૦ લાખથી વધુની માંડવાળ ફી વસુલાઈ

અમરેલી:

નવરાત્રી-દશેરા અને દિવાળીના તહેવારો દરમિયાન ગ્રાહકો મીઠાઈ, ફરસાણ, ડ્રાયફ્રુટ્સની ખરીદી મોટા પ્રમાણમાં કરતા હોય છે. આ ખરીદીમાં ગ્રાહકોને વજનમાં ઓછું આપવા કે છેતરવાના બનાવો ન બને તથા ગ્રાહકો તેમના અધિકારો પ્રત્યે જાગૃત રહે તે હેતુસર ગ્રાહક સુરક્ષાને લગતી બાબતોના મંત્રી શ્રી રમણભાઈ સોલંકીના માર્ગદર્શન હેઠળ કાનૂની માપવિજ્ઞાન અને ગ્રાહક બાબતોની કચેરી દ્વારા રાજયવ્યાપી તપાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.

તંત્ર દ્વારા નવરાત્રી-દશેરાના તહેવારો દરમિયાન તા. ૧૧ થી ૨૦ ઓક્ટોબર, ૨૦૨૬ અને દિવાળીના તહેવારો દરમિયાન તા. ૨૮ થી ૨૯ ઓક્ટોબર,



૨૦૨૬ દરમિયાન આ વિશેષ ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સેવાયજ્ઞ દરમિયાન રાજયભરની ૧,૫૯૭ જેટલી મીઠાઈ, ફરસાણ, ડ્રાયફ્રુટની દુકાનો, હોલસેલ વેપારીઓ, સુપરમાર્કેટ અને મોલ વગેરે પર સામુહિક તપાસણી હાથ ધરવામાં આવી હતી. તપાસણી દરમિયાન કાયદા અને નિયમોની જોગવાઈઓનું ઉલ્લંઘન કરતા કુલ ૮૬૦ એકમો સામે ગુનાઓ નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે, અને દંડ સ્વરૂપે રૂ. ૨૦,૨૩,૮૦૦/- ની માંડવાળ ફી વસૂલ કરવામાં આવી છે.

તપાસ દરમિયાન મુખ્યત્વે વજનમાં ઓછું આપવું, વજનકાંટાનું ફેરચકાસણી/મુદ્રાંકન ન કરાવવું, પી.સી.આર. નિયમો હેઠળ ઉત્પાદક-પેકર રજીસ્ટ્રેશન ન કરાવવું તેમજ એમ.આર.પી. કરતાં વધુ ભાવ વસૂલવા જેવી ગેરરીતિઓ સામે આવી હતી. જેમાં ચકાસણી-મુદ્રાંકન/ફેર ચકાસણી-મુદ્રાંકન ન કરાવવા બાબતના ૫૧૫ કેસમાંથી રૂ. ૬,૬૧,૩૦૦/- વસૂલ કરાયા છે.

તે જ રીતે, પેકર રજીસ્ટ્રેશન ન કરાવવા બાબતના ૬૯ કેસમાં રૂ. ૫,૦૮,૦૦૦/-, અન્ય પ્રકારની ગેરરીતિના ૧૪૫ કેસમાં રૂ. ૩,૪૬,૫૦૦/-, વજન કે માપ ઓછું આપવા બાબતના ૯૫ કેસમાં રૂ. ૩,૧૩,૦૦૦/- અને એમ.આર.પી. કરતા વધુ ભાવ વસૂલવા કે ચેકચાક કરવા બાબતના ૩૬ કેસમાં રૂ. ૧,૯૫,૦૦૦/- ની માંડવાળ ફી વસૂલ કરવામાં આવી છે.

અમરેલીના પીઠવાજાળ ગામે રોગોનું સ્ક્રિનિંગ અને સગર્ભા, ધાત્રી માતાઓને પૌષ્ટિક આહાર કીટ વિતરણ કરાયું

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી:

અમરેલીના પીઠવાજાળ ગામે આયુષ્યમાન આરોગ્ય મંદિર પીઠવાજાળ ખાતે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો રશ્મિકાંત જોશી, તાલુકા હેલ્થ ઓફિસર એસ.બી. સતાણીના માર્ગદર્શન હેઠળ ડાયાબિટીસ, બી.પી તથા સર્વ રોગ નિદાન કેમ્પ અને GSACS લીંક વર્કર સ્કીમ દ્વારા HIV હિપેટાઈટિસ-બી હિપેટાઈટિસ-સી સિફિલિસ વગેરે રોગોનું સ્ક્રિનિંગ મૌલિકભાઈ ઝન્ઉ હરેશભાઈ ઢઈં દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં ૬૪ થી વધારે લોકોનું સ્ક્રિનિંગ કરવામાં આવ્યું હતું.

HIV STI હિપેટાઈટિસ વિશે સમજાવવામાં આવ્યું જરૂરી પગલા અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઉપરાંત ઊૅંફ/છૈંઢજી છષ્ઠ-૨૦૧૭ અને હેલ્પલાઈન નંબર ૧૯૯૭



અંગે જાણકારી આપવામાં આવી હતી. અને વિવિધ આરોગ્યના પ્રોગ્રામ વિશે રાષ્ટ્રીય વાહક જન્ય રોગ વિશે સમજાવવામાં આવ્યું હતું

આ કેમ્પમાં ૧૦૦ થી વધારે ગ્રામજનોએ લાભ લીધો હતો. અને અંબુજા ફાઉન્ડેશન દ્વારા નાસ્તાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. અને વિઝન ફોર વાઈલ્ડ લાઈફ ફાઉન્ડેશન અને આરોગ્ય મંદિરના સહયોગથી પરપ્રાંતીય મજુર વર્ગના સગર્ભા માતા ધાત્રી માતા પૌષ્ટિક આહાર કીટ વિતરણનો કાર્યક્રમ પણ સાથે યોજાયો હતો. હેઠળ આ કાર્યક્રમમાં ડો રમેશ ચૌહાણ દ્વારા વિઝન ફોર વાઈલ્ડ લાઈફ ની ખાસ ઉપસ્થિતિમાં પીઠવાજાળ વિઠ્ઠલપુર અને તરકતળાવના ૧૯ જેટલી પરપ્રાંતિય સગર્ભા માતા અને ધાત્રી માતાને એક માસ ચાલે તેટલું પોષણ કીટ વિતરણ કરવામાં આવ્યું હતું. તેઓને સમજાવવામાં આવ્યું કે, વાડી વિસ્તારમાં રહેણાંક દરમિયાન વન્ય જીવથી સાવધાન અને સલામત કેમ રહેવું તેઓ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પ્રોગ્રામમાં સરપંચ ભાવેશભાઈ દેસાઈ ગામના આગેવાનો પણ ઉપસ્થિત રહેલા હતા. આગામી પૌષ્ટિક આહાર ૬ મહિના ચાલે તેટલું સગર્ભા અને ધાત્રી માતાને પૌષ્ટિક આહાર કીટ આપવામાં આવશે.

પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર ડો. મિહિર મહેતા, ડો કિરણ મેડમ અને સુપરવાઈઝર ભગતભાઈ તાલુકા સુપરવાઈઝર જીતુભાઈ જોશીનું દ્વારા માર્ગદર્શન મળેલ હતું.

આ કાર્યક્રમને સફળ બનાવવા આયુષ્યમાન આરોગ્ય મંદિર પીઠવાજાળના CHO જીનલબેન પ્રજાપતિ FHW ગીતાબેન વાઘમસી, આશા વર્કર ભગવતીબેન મકવાણા, સલમાબેન તરકેસા, રમજુબેન વાળા, રીનાબેન વૈષ્ણવ અને યોગેશ મકવાણા દ્વારા જહેમત ઉઠાવેલ હતી.

'વોકલ ફોર લોકલ'ના નારાને અમરેલીમાં મળ્યું બળ

મહિલા સ્વસહાય જૂથોની બહેનો અને સ્થાનિક કારીગરોની મહેનત રંગ લાવી,અમરેલીવાસીઓનો ઉત્સાહ છલકાયો

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી:

દિવાળીના પર્વની ખરીદીમાં જો સ્થાનિક કારીગરોની કળા, મહિલાઓની મહેનત અને સ્વદેશી ઉત્પાદનોને પ્રોત્સાહન મળે તો તહેવારની ખુશીઓની સાથે સ્થાનિક અર્થતંત્રને પણ નવી ઊર્જા મળી શકે છે. આ વાતને અમરેલીમાં યોજાયેલા સ્વદેશી મેળાએ સાર્થક કરી બતાવી છે. દિવાળી પહેલાં જ 'વોકલ ફોર લોકલ' અને 'આત્મનિર્ભર ભારત'ના સંકલ્પને સાકાર કરવાની દિશામાં અમરેલી નગરપાલિકા દ્વારા આયોજિત દસ દિવસીય સ્વદેશી મેળામાં રૂ.૨૭ લાખથી વધુનું માતબર વેચાણ નોંધાયું છે. ખાસ કરીને મહિલા સ્વસહાય જૂથો દ્વારા તૈયાર કરવામાં આવેલી વિવિધ ચીજવસ્તુઓ અને સ્થાનિક વેપારીઓના ઉત્પાદનોને શહેરીજનો તરફથી વ્યાપક પ્રતિસાદ મળતાં સ્થાનિક રોજગારી અને સ્વરોજગારને પ્રોત્સાહન મળ્યું છે.

શહેરી વિકાસ વર્ષ અંતર્ગત અમરેલીમાં સ્વદેશી ઉત્પાદનોના વેચાણ અને સ્થાનિક કારીગરોને બજાર પૂરું પાડવાના ઉમદા આશય સાથે આ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

અમરેલી નગરપાલિકા દ્વારા ગત તા. ૨૨ ઓક્ટો.થી ૩૧ ઓક્ટો. દરમિયાન શહેરના સિનીયર સિટીઝન પાર્ક, સેન્ટર પોઈન્ટ ખાતે સ્વદેશી મેળા (શોપિંગ ફેસ્ટિવલ)નું આયોજન કરવામાં આવ્યું હતું. દસ દિવસ સુધી ચાલેલા આ મેળામાં શહેર તેમજ આસપાસના વિસ્તારોના નાગરિકોએ મોટી સંખ્યામાં મુલાકાત લઈ ખરીદી કરી હતી.

આ મેળાની વિશેષતા એ રહી કે તેમાં માત્ર તૈયાર માલસામાનના વેચાણને જ સ્થાન આપવામાં આવ્યું નહોતું, પરંતુ મહિલાઓના સ્વસહાય જૂથો અને સ્થાનિક ઉત્પાદકોને પોતાની આવડત તથા કૌશલ્યના આધારે તૈયાર કરેલી વસ્તુઓ સીધા ગ્રાહકો સુધી પહોંચાડવા માટેનું મંચ



દસ દિવસના મેળામાં સ્વદેશી ઉત્પાદનોને મળ્યો અભૂતપૂર્વ પ્રતિસાદ,નાના વેપારીઓને આર્થિક રીતે પગભર બનાવવાની દિશામાં પાલિકાનો સરાહનીય પ્રયાસ

પણ પૂરું પાડવામાં આવ્યું હતું. મહિલાઓ દ્વારા તૈયાર કરવામાં આવતી વિવિધ ગૃહઉપયોગી ચીજવસ્તુઓ, હસ્તકલા આધારિત ઉત્પાદનો અને અન્ય સ્વદેશી વસ્તુઓના સ્ટોલ મેળાનું આકર્ષણ બન્યા હતા.

આ મેળાનું ઉદ્ઘાટન સાંસદ ભરત સુતરીયા અને રાજયમંત્રી કૌશિક વેકરિયા દ્વારા કરવામાં આવ્યું હતું. લોકપ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં શરૂ થયેલા આ મેળાને પ્રથમ દિવસથી જ લોકોનો સારો પ્રતિસાદ મળ્યો હતો. દિવાળીના તહેવારને ધ્યાનમાં રાખીને લોકોએ ઘરવપરાશની વિવિધ વસ્તુઓની ખરીદી માટે મેળાની મુલાકાત લીધી હતી.

આ મેળા દરમિયાન સ્વસહાય જૂથોની બહેનો ઉપરાંત સ્થાનિક વેપારીઓએ પણ વિવિધ સ્વદેશી ચીજવસ્તુંના વેચાણ માટે સ્ટોલ ઊભા કર્યા હતા. દસ દિવસ દરમિયાન મોટી સંખ્યામાં લોકોએ મેળાની મુલાકાત લઈને સ્વદેશી વસ્તુઓની ખરીદી કરી હતી. પરિણામે કુલ રૂપિયા ૨૭,૦૧, ૦૬૧નું માતબર વેચાણ નોંધાયું હતું.

આ આંકડો માત્ર વેપારની સફળતા પૂરતો સીમિત નથી, પરંતુ સ્થાનિક સ્તરે ઉત્પાદન કરતા નાના કારીગરો, મહિલા મંડળીઓ અને સ્વરોજગાર સાથે સંકળાયેલા પરિવારો માટે નવી આશાનું પ્રતીક પણ બન્યો છે. સ્થાનિક સ્તરે તૈયાર થતી વસ્તુઓને યોગ્ય બજાર અને ગ્રાહકો સુધી પહોંચવાની તક મળે તો નાના ઉત્પાદકો પણ આર્થિક રીતે સક્ષમ બની શકે છે, તેનું ઉદાહરણ આ મેળાએ પૂરું પાડ્યું છે.

સરકારના 'વોકલ ફોર લોકલ', 'હર ઘર સ્વદેશી' અને 'ઘર ઘર સ્વદેશી'ના સૂત્રોને સાકાર કરવાની દિશામાં યોજાયેલા આ મેળાએ દિવાળીની ખરીદીમાં સ્થાનિક ઉત્પાદનોને પ્રાથમિકતા આપવાનો સંદેશ પણ આપ્યો છે. એક તરફ ગ્રાહકોને સ્વદેશી ચીજવસ્તુઓ ખરીદવાનો અવસર મળ્યો તો બીજી તરફ સ્થાનિક વેપારીઓ અને મહિલા સ્વસહાય જૂથોને પોતાની આવક વધારવા માટેનું ઉત્તમ માધ્યમ મળ્યું. અમરેલીમાં યોજાયેલા આ સ્વદેશી મેળાની સફળતા એ વાતનો સંકેત આપે છે કે સ્થાનિક કારીગરો અને મહિલા મંડળીઓને યોગ્ય પ્લેટફોર્મ, પ્રચાર અને બજાર મળે તો તેઓ પણ મોટા આર્થિક વ્યવહારોમાં પોતાનું યોગદાન આપી શકે છે. રૂ. ૨૭ લાખથી વધુના વેચાણ સાથે આ આયોજન સ્થાનિક સ્વરોજગારને પ્રોત્સાહન આપવાની દિશામાં નોંધપાત્ર પહેલ બની રહ્યું છે.

સનાળીમાં ગ્રામ પંચાયત ભવન લોક હિતાર્થે ખુલ્લું મુકાયું



અમરેલી:વડીયા પંથકના સનાળી ગામમાં નવનિર્મિત ગ્રામ પંચાયત ભવનનું લોકાર્પણ રાજયના કાયદા અને ઊર્જા રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે કરવામાં આવ્યું હતું.

૨૫ લાખના ખર્ચે તૈયાર થયેલા આ આધુનિક ભવનને રિબન કાપીને ગ્રામજનોની સુવિધા માટે ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. સનાળી ગામમાં ૨૫ લાખના ખર્ચે નિર્માણ પામેલું નવું ગ્રામ પંચાયત ભવન વિવિધ ભૌતિક સુવિધાઓથી સજ્જ છે. આ ભવનના કારણે ગ્રામજનોને સ્થાનિક કક્ષાએ જ સરકારી સેવાઓનો લાભ મેળવવામાં સરળતા રહેશે.

સાથે જ વિવિધ સરકારી યોજનાઓનો લાભ વધુ ઝડપી અને સુલભ રીતે નાગરિકો સુધી પહોંચશે. લોકાર્પણ સમારોહમાં તાલુકા પંચાયતના હોદ્દેદારો, કુંકાવાવ એ.પી.એમ.સી.ના ચેરમેન ગોપાળભાઈ અંટાળા, સનાળીના સરપંચ ગિરીશભાઈ મોવલીયા, સ્થાનિક આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. ગ્રામ પંચાયત ભવન લોક હિતાર્થે ખુલ્લું મુકાયું.

છતડીયામાં જાહેરમાં જુગાર રમતા ૧૧ શખ્સો ઝડપાયા

અમરેલી:

રાજુલાના છતડીયા ગામે જાહેરમાં જુગાર રમતા ૧૧ શખ્સોને રાજુલા પોલીસે ઝડપી પાડ્યા હતા. પોલીસને મળેલી બાતમીના આધારે ગઈ કાલે મોડી રાત્રે શીતળામાંના મંદિર પાસે ગામના ઝાપામાં ખેતર તરફ જતા રસ્તા પર દરોડો પડાયો હતો. પોલીસે રોકડ સહિતનો મુદામાલ કબજે કર્યો છે.

રાજુલાના છતડીયા ગામે કેટલાક શખ્સો જુગાર રમતા હોવાની બાતમીના આધારે રાજુલા પોલીસે ગઈ કાલે મધરાત્રે ૧૨:૩૦ કલાકે બાતમી વાળી જગ્યા પર દરોડો પાડ્યો હતો.

કાર્યવાહી દરમિયાન સ્થળ પરથી ખોડુ પોપટભાઈ રાઠોડ, વિપુલ હંસરાજભાઈ ચૈાહાણ, અશોક માધાભાઈ વાઘેલા, ચેતન કિશનભાઈ ચૈાહાણ, વિજય મધુભાઈ વાળા, ગૈાતમ સુરેશભાઈ ચૈાહાણ, ગાંગા કાળુભાઈ ખાંભલા, હરેશ ભાભલુભાઈ વાળા, દર્શન લાભશંકરભાઈ જાખરા, ખોડુ જોરૂભાઈ ડાભીયા, નાગજીભાઈ તેજાભાઈ ચાવડા સહિત ૧૧ શખ્સોને જુગાર રમતા રંગેહાથ ઝડપી પાડ્યા હતા. પોલીસે સ્થળ પરથી રૂપિયા ૧૯૭૫૦ રોકડા સહિતનો મુદામાલ કબજે કર્યો હતો.

અમરેલી જિલ્લા પોલીસ વડાએ બે પોલીસ સ્ટેશનનું નિરીક્ષણ કર્યું

ચલાલા અને ધારીમાં રેકોર્ડ, તપાસ, પેન્ડિંગ કેસો અને કર્મચારીઓની કામગીરીની સમીક્ષા કરી

અમરેલી:અમરેલી જિલ્લા પોલીસ વડાએ ચલાલા અને ધારી પોલીસ સ્ટેશનની મુલાકાત લઈને કામગીરીનું નિરીક્ષણ કર્યું. તેમણે કાયદો-વ્યવસ્થા અને વહીવટી કામગીરીની સમીક્ષા કરી.

પોલીસ સ્ટેશનમાં રાખવામાં આવતા રેકોર્ડ, ગુનાની તપાસ, પેન્ડિંગ કેસો અને પોલીસ કર્મચારીઓની કામગીરી તપાસવામાં આવી. કામગીરી વધુ સુવ્યવસ્થિત બને તે માટે અધિકારીઓ અને કર્મચારીઓને માર્ગદર્શન અને સૂચનાઓ અપાઈ.

આ પ્રસંગે ચલાલા નગરપાલિકા પ્રમુખ જયરાજભાઈ વાળા અને અમરેલી જિલ્લા ઉપપ્રમુખ મહાવીર બાપુએ પોલીસ વડાનું પુષ્પગુચ્છ આપીને સન્માન કર્યું.



ઓનલાઈન ટેન્ડર ટુંકી મુદ્દતની જાહેર નિવિદા નં.૨૦ સને ૨૦૨૬-૨૭

ગુજરાત રાજ્યના રાજ્યપાલ વતી કાર્યપાલક ઈજનેરશ્રી માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય) મુખ્ય પોસ્ટ ઓફિસની સામે અમરેલી ફોન નં. (૦૨૭૯૨) ૨૨૩૧૦૦ દ્વારા માન્ય ઈજારદારો પાસેથી આ વિભાગ હસ્તકના રોડ રોડ / બ્રીજ / કન્સ્લટન્સી વર્કના કામ ના માટે ઈ-ટેન્ડર પદ્ધતિથી ટેન્ડરો માંગવામાં આવે છે. આ કામના ટેન્ડર https://tender.nrpocure.com ઉપરથી તા.૧૯/૧૧/૨૦૨૬ ના રોજ ૧૮.૦૦ કલાક સુધી જોવા મળી શકશે. શક્ય હશે તો તા.૨૦/૧૧/૨૦૨૬ ના રોજ સમય ૧૦.૩૦ કલાકે સક્ષમ કક્ષાએથી ખોલવામાં આવશે.

આ કામોની વિગતવાર નોટીસ માહિતી ખાતાની વેબસાઈટ www.statetender.gujarat.gov.in તથા કચેરીના નોટીસ બોર્ડ ઉપર જોવા મળશે. આ નોટીસ અંગે વધુ માહિતી મેળવવા માટે ઉપરોક્ત કચેરીનો જાહેર રજા સિવાયના કામ-કાજના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારશ્રીઓએ રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી. જિલ્લાક/અમર/૩૭૫૨૫

સૌરાષ્ટ્ર આસપાસ

Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Narayan Arcde, Nr.Old Bus Stand, Amreli. Res.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

સ્વદેશી ડિઝાઇન, સુરક્ષિત સમુદ્ર

સમુદ્રની છાતી પર તરતું યુદ્ધજહાજ માત્ર સ્ટીલનો ટુકડો નથી હોતો, તે દેશના આત્મવિશ્વાસનું તરતું પ્રતીક હોય છે. ભારતીય સુરક્ષા ઈતિહાસમાં એક નવો સુવર્ણ અધ્યાય લખાયો છે. કેન્દ્ર સરકારની સર્વોચ્ચ સુરક્ષા સમિતિ એવી સુરક્ષા બાબતોની કેબિનેટ સમિતિ, જેની અધ્યક્ષતા ખુદ વડાપ્રધાન કરે છે, તેણે ભારતીય નૌસેના માટે ૮ નવી પેઢીના કાર્વેટ યુદ્ધજહાજો બનાવવાની મહત્વાકાંક્ષી યોજનાને મંજૂરી આપી છે. અને આ મંજૂરી બાદ તરત જ બીજી નવેમ્બર બે હજાર છવ્વીસના રોજ સંરક્ષણ મંત્રાલયે આ માટે ત્રેપન હજાર આઠસો છાસઠ કરોડ પચાસ લાખ રૂપિયાના ઐતિહાસિક કરાર પર હસ્તાક્ષર કર્યા છે. આ કરાર નવી દિલ્હીના કર્તવ્ય ભવન ખાતે કરવામાં આવ્યો હતો.આ પ્રોજેક્ટની સૌથી મોટી અને ગૌરવપૂર્ણ વિશેષતા એ છે કે ભારતીય નૌસેનાના પંચોતેર વર્ષથી વધુના ઈતિહાસમાં પ્રથમ વખત યુદ્ધજહાજોની સંપૂર્ણ ડિઝાઇન પોતે નૌસેનાએ તૈયાર કરી છે. અત્યાર સુધી આપણે ડિઝાઇન માટે વિદેશી કંપનીઓ કે અન્ય ડિઝાઇન એજન્સીઓ પર આધાર રાખતા હતા, પરંતુ હવે નૌસેનાના પોતાના યુદ્ધજહાજ ડિઝાઇન વિભાગ દ્વારા સંપૂર્ણપણે સ્વદેશી ડિઝાઇન તૈયાર કરવામાં આવી છે. સંરક્ષણ મંત્રાલયે પોતે કહ્યું છે કે આ પહેલો એવો નૌકાદળ પ્રોજેક્ટ છે જ્યાં ડિઝાઇન નૌસેના કરશે અને બાંધકામ સ્પર્ધાત્મક પ્રક્રિયાથી પસંદ થયેલા જાહેર ક્ષેત્રના શિપયાર્ડ્સ કરશે.આ નિર્ણયને વર્તમાન સમાચાર પ્રવાહ સાથે જોડીએ તો તેનું મહત્વ અનેક ગણું વધી જાય છે. હિંદ મહાસાગર ક્ષેત્રમાં સતત વધતી જતી ભૂ-રાજકીય ગતિવિધિઓ, ચાંચિયાગીરી, તસ્કરી અને કુદરતી આપત્તિ સમયે રાહત કાર્યો માટે ભારતને એક મજબૂત અને કુશળ નૌસેનાની સખત જરૂર છે. સરકારની આત્મનિર્ભર ભારત અને ભારતમાં બનાવો યોજના હેઠળ સંરક્ષણ ક્ષેત્રમાં સ્વદેશીકરણ સતત વધી રહ્યું છે. આંકડા મુજબ, છેલ્લા પાંચ વર્ષમાં ભારતના સંરક્ષણ ઉત્પાદનમાં સિત્તેર ટકાથી વધુનો વધારો થયો છે અને નૌસેનાના એંસી ટકાથી વધુ નવા પ્લેટફોર્મ હવે સ્વદેશી છે. તાજેતરમાં જ ભારતીય નૌકાદળનું જહાજ અંજદીપ, જે ભારતીય સ્ટીલ સત્તામંડળના સ્વદેશી ખાસ સ્ટીલથી બન્યું છે, અને કોચીન શિપયાર્ડ દ્વારા બનાવવામાં આવેલું માહે વર્ગનું સબમરીન વિરોધી જહાજ, જે એંસી ટકાથી વધુ સ્વદેશી છે, તે આત્મનિર્ભરતાના ઉત્તમ ઉદાહરણો છે.આ આઠ નવા સ્ટીથ કાર્વેટ્સ લગભગ બે હજાર ટન વજનના, લગભગ ત્રીસ નોટ ઝડપ ધરાવતા અને રડારથી બચવા માટે અદ્યતન ટેક્નોલોજીથી સજ્જ હશે. આ જહાજો નાના હોવા છતાં ખૂબ જ શક્તિશાળી હશે. તેમાં અદ્યતન પ્રક્ષેપાસ્ત્રો, તોપ અને સંવેદક પ્રણાલી લાગેલી હશે જે હવાઈ, સપાટી અને પાણીની અંદરના ત્રણેય મોરચે લડવા માટે સક્ષમ હશે. આ જહાજોનું નિર્માણ કોલકાતાની ગાર્ડન રીચ શિપબિલ્ડર્સ એન્ડ એન્જિનિયર્સ જે પાંચ જહાજો બનાવશે અને ગોવા શિપયાર્ડ લિમિટેડ જે ત્રણ જહાજો બનાવશે, દ્વારા કરવામાં આવશે. પહેલું જહાજ બે હજાર ત્રીસ સુધીમાં નૌસેનાને મળવાની અપેક્ષા છે.

આ ઘટનાનું તટસ્થ વિશ્લેષણ કરીએ તો ત્રણ મોટા લાભ સ્પષ્ટ દેખાય છે. પહેલો લાભ છે ટેક્નોલોજીકલ સાર્વભૌમત્વ. જ્યારે ડિઝાઇન આપણી પોતાની હોય, ત્યારે આપણે કોઈ પણ સમયે તેને જરૂરિયાત મુજબ બદલી શકીએ છીએ, અપગ્રેડ કરી શકીએ છીએ. યુદ્ધના સમયે જો કોઈ નવું હથિયાર લગાવવું હોય તો આપણે કોઈ વિદેશી કંપનીની પરવાનગી લેવી પડતી નથી. આનાથી દેશની ઈજનેરી ક્ષમતા પરનો વિશ્વાસ વધશે. બીજો લાભ છે આર્થિક. ત્રેપન હજાર કરોડથી વધુનું રોકાણ સીધું દેશની અંદર રહેશે. ગાર્ડન રીચ અને ગોવા શિપયાર્ડ સાથે જોડાયેલા સેંકડો સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો, સ્ટીલ ઉત્પાદકો, ઇલેક્ટ્રોનિક્સ ઉદ્યોગને સીધો ફાયદો થશે. એક અંદાજ મુજબ એક મોટા યુદ્ધજહાજના નિર્માણથી પાંચ હજારથી વધુ પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીનું સર્જન થાય છે. એટલે આ આઠ જહાજો હજારો પરિવારોને રોજગારી આપશે.

ફટાકડા પ્રદૂષણ નિવારોઃ રોશની કરો, ધુમાડો નહી

"દિવાળીની રાત્રે આકાશ રંગબેરંગી રોશનીથી ઝળહળી ઉઠે છે, પણ બીજી સવારે એ જ આકાશ ધુમાડાની જાડી ચાદરમાં કેમ છુપાઈ જાય છે?" આ એક સવાલ દર વર્ષે આપણે બધા અનુભવીએ છીએ. તહેવાર ખુશીનો છે, પ્રકાશનો છે, પણ જો તેની ઉજવણી જ આપણા શ્વાસને ભારે બનાવી દે તો શું તે સાચી ઉજવણી કહેવાય?

તાજેતરના વર્ષોના સમાચાર અને આંકડા આ વાત તરફ આપણું ધ્યાન દોરે છે. ગત વર્ષે દિવાળી પછી દિલ્હી-એનસીઆરમાં હવાની ગુણવત્તાનો આંક (AQI) ૪૦૦ ને પાર કરી ગયો હતો, જે ગંભીર શ્રેણીમાં આવે છે. અમદાવાદ, વડોદરા અને રાજકોટ જેવા ગુજરાતના મોટા શહેરોમાં પણ દિવાળીની રાત પછી PM 2.5 નું પ્રમાણ સામાન્ય દિવસો કરતા ૩ થી ૫ ગણું વધી જતું જોવા મળ્યું છે. સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (CPCB) ના રિપોર્ટ મુજબ, ફટાકડા ફોડવાના માત્ર ૬ કલાકમાં હવામાં સલ્ફર ડાયોક્સાઈડ, નાઈટ્રોજન ઓક્સાઈડ અને નાના કણોનું પ્રમાણ ખતરનાક રીતે વધે છે.

પ્રાંસગિક
સુરેશ ભટ્ટ

આ સ્થિતિને ધ્યાનમાં રાખીને સરકાર અને ન્યાયતંત્ર દ્વારા સતત પ્રયાસો થઈ રહ્યા છે. સુપ્રીમ કોર્ટે માત્ર લીલા ફટાકડા (Green Crackers) ફોડવાની અને રાત્રે ૮ થી ૧૦ વાગ્યા સુધીનો જ સમય નક્કી કરવાની માર્ગદર્શિકા આપી છે. વૈજ્ઞાનિક સંસ્થા CSIR-NEERI દ્વારા વિકસાવવામાં આવેલા ગ્રીન ફટાકડામાં ૩૦% ઓછું પ્રદૂષણ થાય છે અને તેની જાણકારી હવે વધુ લોકો સુધી પહોંચી રહી છે. કેન્દ્ર સરકારની નેશનલ ક્લીન એર પ્રોગ્રામ (NCAP) યોજના અને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) દ્વારા શાળા-કોલેજોમાં ચલાવાતું જાગૃતિ અભિયાન પણ આ દિશામાં મહત્વના પગલાં છે. હવે તો બજારમાં પણ લેસર લાઈટ શો અને ડ્રોન લાઈટ શો જેવા નવા ટ્રેન્ડ્સ આવ્યા છે જે પ્રદૂષણ વગર ઉજવણીનો અહેસાસ કરાવે છે.

હવે પ્રશ્ન થાય કે ફટાકડાથી પ્રદૂષણ ખરેખર કેવી રીતે થાય છે? તેનું તથ્ય આધારિત વિશ્લેષણ સમજવું જરૂરી છે. એક ફટાકડું ફૂટે ત્યારે તેમાં રહેલું બારૂદ, ધાતુના કણો અને રસાયણો બળીને સીધા હવામાં ભળે છે. આ કણો એટલા નાના હોય છે કે તે આપણા ફેફસામાં ઊંડે સુધી પહોંચી જાય છે. તેનાથી બાળકો, વડીલો અને અસ્થમા કે હૃદયરોગ ધરાવતા લોકોને શ્વાસ લેવામાં તકલીફ, આંખમાં બળતરા અને એલર્જી જેવી સમસ્યાઓ વધે છે. બીજું, ફટાકડાનો કચરો એટલે કે કાગળ, પ્લાસ્ટિક અને રસાયણયુક્ત ભૂકી જમીન અને પાણી બંનેને પ્રદૂષિત કરે છે. અને ત્રીજું, ૧૨૦ ડેસિબલથી વધુ અવાજ કરતા ફટાકડા ધ્વનિ પ્રદૂષણ ફેલાવે છે, જે નાના બાળકો, પાળતુ પ્રાણીઓ અને પક્ષીઓ માટે ભારે તણાવનું કારણ બને છે. આ કોઈ એક વ્યક્તિની સમસ્યા નથી, આખા સમાજના સ્વાસ્થ્ય અને પર્યાવરણની સહિયારી સમસ્યા છે.

આ સમસ્યાનો ઉકેલ ફટાકડા બંધ કરી દેવામાં નથી, પણ તેને સમજદારીપૂર્વક ઉજવવામાં છે. આપણે તહેવારની ખુશીને જાળવી રાખીને પણ પ્રદૂષણ ઘટાડી શકીએ છીએ. આ માટે કેટલાક વ્યવહારુ અને સકારાત્મક ઉપાયો અપનાવી શકાય.

ઉપાય ૧: ગ્રીન ફટાકડા અને સામૂહિક ઉજવણીને પ્રોત્સાહન

સંપૂર્ણપણે ફટાકડા બંધ કરવાને બદલે આપણે ગ્રીન ફટાકડા તરફ વળી શકીએ. આ ફટાકડા ઓછું પ્રદૂષણ કરે છે અને તેને વૈજ્ઞાનિક રીતે પ્રમાણિત કરવામાં આવ્યા છે. સાથે સાથે, સોસાયટી કે મહોલ્લામાં બધા લોકો અલગ-અલગ ફટાકડા ફોડવાને બદલે એક સાથે મળીને એક નાનો, નિર્ધારિત સમયમાં સામૂહિક ફટાકડા કાર્યક્રમ કરી શકે. તેનાથી ફટાકડાનો ઉપયોગ ઘટશે, ખર્ચ ઘટશે અને સૌ સાથે મળીને ઉજવણીનો આનંદ પણ વધશે. કેટલાક શહેરોમાં હવે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આયોજિત લેસર શો અને ડ્રોન શો ખૂબ જ લોકપ્રિય થયા છે, જે આંખોને ગમે તેવા અને પ્રદૂષણમુક્ત હોય છે.

ઉપાય ૨: જાગૃતિ એ જ સૌથી મોટું ફટાકડું

સૌથી અસરકારક ઉપાય છે જાગૃતિ. શાળાઓમાં બાળકોને દિવાળી પહેલા પર્યાવરણની જાળવણી વિશે સમજાવવું, સોસાયટીઓમાં વડીલો દ્વારા સમય-મર્યાદાનું પાલન કરાવવું અને સોશિયલ મીડિયા પર હકારાત્મક સંદેશ ફેલાવવો ખૂબ જરૂરી છે. જ્યારે બાળક પોતે સમજશે કે એક ફૂલઝડી ઓછી ફોડવાથી તે પોતાના દાદા-દાદીના સ્વાસ્થ્યનું રક્ષણ કરે છે, ત્યારે તે જાતે જ જવાબદાર બનશે. આપણે સૌએ નક્કી કરવું પડશે કે આપણે અવાજવાળા ફટાકડાને બદલે માત્ર રોશનીવાળા ફટાકડાને પસંદ કરીશું અને રાત્રે ૧૦ વાગ્યા પછી ફટાકડા નહીં ફોડીએ.



ઉપાય ૩: પરંપરાગત અને ટકાઉ દિવાળી તરફ પાછા વળીએ

આપણી સાચી પરંપરા તો દીવા, રંગોળી, મીઠાઈ અને મળવાનું છે. માટીના દીવાઓથી આંગણું શણગારવું, કુદરતી રંગોથી રંગોળી બનાવવી, હાથથી બનાવેલી ભેટો આપવી અને કુટુંબ સાથે સમય વિતાવવો એ દિવાળીનો સાચો આનંદ છે. જો આપણે ફટાકડા પાછળ ખર્ચાતા હજારો રૂપિયામાંથી થોડા રૂપિયા એક છોડ વાવવામાં કે કોઈ જરૂરિયાતમંદને મદદ કરવામાં વાપરીએ તો આ તહેવાર વધુ પ્રકાશમય બનશે. આનાથી સ્થાનિક કુંભારો અને કારીગરોને પણ રોજગારી મળશે, જે આત્મનિર્ભર ભારતના વિચારને મજબૂત કરશે.

આખરે વાત એટલી જ છે કે તહેવાર આપણા માટે છે, આપણે તહેવાર માટે નથી. ફટાકડાનો થોડો સમયનો આનંદ ક્યાંક કોઈના સ્વાસ્થ્ય માટે લાંબા સમયની તકલીફ ન બની જાય તે જોવું એ આપણી સૌની સામાજિક જવાબદારી છે. પ્રદૂષણ ઘટાડવું એ કોઈ સરકારી આદેશ નથી, પણ આવનારી પેઢી માટે સ્વચ્છ હવા છોડી જવાની આપણી ફરજ છે.

ફટાકડા પ્રદૂષણની સમસ્યા વિકરાળ છે, પણ તેનો ઉકેલ અશક્ય નથી. ગ્રીન ટેકનોલોજીનો સ્વીકાર, સામૂહિક અને સમયબદ્ધ ઉજવણી, અને સૌથી વધુ તો આપણી વિચારસરણીમાં પરિવર્તન - આ ત્રણ પગલાં દ્વારા આપણે દિવાળીની રોશનીને વધુ ટકાઉ અને સ્વસ્થ બનાવી શકીએ છીએ. ચાલો, આ વર્ષે આપણે એવી દિવાળી ઉજવીએ જ્યાં આકાશમાં રોશની હોય, પણ હવામાં ધુમાડો ન હોય. જ્યાં અવાજ ખુશીનો હોય, પ્રદૂષણનો નહીં. કારણ કે સાચી દિવાળી તો ત્યારે જ કહેવાય જ્યારે દરેક વ્યક્તિ ખુલ્લા મને શ્વાસ લઈ શકે.

ઉજાસના અવસરે ઘર-આંગણાનો શણગાર

એ પુરાણી ઉક્તિ યથાર્થ છે! તંદુરસ્ત, સ્વસ્થ, સ્વચ્છ મન હોય ત્યારે તેનું શરીર પણ એવો જ સાથ આપે છે અને આ તન અને મનનું પ્રતિબિંબ આંગણામાં ઝીલાય છે.

આંગણુ એ ગૃહ પ્રવેશનું પ્રથમ સોપાન છે અને તે પ્રવેશમાં જેટલી પ્રસન્નતા, ઉલ્લાસ વેરાયા હોય છે. તેટલી ઘરની સુખ-સમૃદ્ધિની માત્રા વધતી હોય છે. આંગણાને સ્વચ્છ રાખવાનો આપણો આગ્રહ હોય છે પણ તેને શણગારવાનું કામ આપણે માત્ર વાર તહેવાર કે શુભ પ્રસંગે જ કરતા હોઈએ છીએ, ખાસ કરીને દિવાળીના દિવસોમાં આંગણુ બારણું, ચોકની સજાવટ ખાસ થાય છે. અને એ રીતે દિવાળીનું મહત્ત્વ સમજાય છે.



દિવાળી એટલે સામાજિક, ધાર્મિક, મનોરંજક તહેવારનો સંગમ દિવાઓનો પ્રકાશ પથરાતા કાળીરાતના અંધકારના ઓળા અદ્રશ્ય થતા નજરે પડે છે. દિવાળીના પ્રસંગને પણ અનેરા શણગાર સજી તહેવારને વધાવીએ છીએ એ જ રીતે આંગણાને પણ સજી-ધજીને તેને પુનિત પાવન કરવાનું કામ સદીઓ જુનું છે.

કેટલાંક ઘરોમાં ખાસ કરીને ગામડાઓમાં હજી આજે પણ આંગણામાં તુલસીનો ક્યારો, ક્યારામાં દીવોને દીવા નીચે સાથિયો બનવા લાગ્યા છે. ત્યારે આંગણા સંકોચવા લાગ્યા છે તેનું ક્ષેત્રફળ ઘટવા લાગ્યું છે.

૧૦ ૮ ૧૨ની (ફૂટની) ઓરડીનું આંગણું પાડોશી સાથે બે ભાગમાં વહેચાય છે! એવા આંગણાને શણગારવાનું કામ, સજાવવાનું

વિશેષ

ગૃહિણી માટે કલાત્મક બની જાય છે! ફ્લેટનુંય નાનું આંગણુ હોય તોય તેને સજાવવાથી જિંદગીના અનેક અજંપાને ટેન્શનમાં મધુર રાહત રહે છે.

આંગણાની સજાવટમાં દિવાળીમાં ખાસ કરીને સાથિયા, દિવડાની હારમાળા, આસોપાલવના તોરણ, કુંડાઓ અને ફૂલ-પાનના શણગાર કરી શકાય.

સાથિયાના પલટાતા રંગો

પારસી કોમના આંગણામાં સદાય બીબા ઢાળેલો ચુનાનો સાથિયો બારેમાસ તમારું સ્વાગત કરતો હોય છે? મહારાષ્ટ્રમાં ભોજનના થાળ નીચે પાટલા પર રંગોળી ચીતરાય છે. આપણે ત્યાં ધાર્મિક વાર-તહેવારે સાથિયા થાય છે. હવે આધુનિક યુગમાં સાથિયાનું ય સ્વરૂપ બદલાયું છે.રંગોળી અને કરોટીના ભુકાનું સ્થાન આધુનિક સ્ટિકર્સે લઈ લીધું છે, પ્લાસ્ટિકના વિવિધ રંગીન ડિઝાઈનના તૈયાર, વિવિધ આકારના સ્ટિકર્સના બે ત્રણ ફાયદા છે. તેને બહારથી લાવી ટાઈલ્સ પર ચિપકાવી દેવાના અને ન જોઈએ ત્યારે ઉખેડી લેવાના! કોઈ બાળક એની ઉપર ચાલી જાય તોય વાંધો નહીં.

પણ સ્ટિકર્સમાં કલાના સ્પર્શનો અભાવ લાગે છે! ગૃહિણીની હૃદય-પૂર્વકની શણગારની પ્રીતિનો અભાવ મને હંમેશ લાગે છે! આંગણાને શણગાર માટે થોડા પ્રયત્નોની કચાશ તેમાં પ્રાણ પૂરી શકતી નથી. ચિરોટીના રંગોથી, ચોકની લાકડીથી અલ્પનાના ચુનાના બનાવેલાં રેખાંકનો આગંતુકની જે પ્રશંસા મેળવે છે તે સ્ટિકર્સ મેળવી શકતા નથી. તેમાં ભૌતિકતાનું ઘોરણ નીચું હોય તેમ લાગે છે. એટલે બહેનો થોડો પરિશ્રમ લઈને પણ રંગોળી બનાવે એ સ્પર્શ વધુ પ્રાણવંતુ બની જાય છે. તેમાં ફૂલ, અનાજ, રેતી, કોલસો,લાકડાનો વ્હેર, રંગો પાનડાની વિવિધતા વગેરે ઘણું બધું વાપરી શકે છે. આવી રંગોળીપ્રાંગણને નવું રૂપ આપે છે. આંગતુકનો તે ઉમળકાભેર સત્કાર કરે છે.

દીવડાઓમાં આધુનિકતા

''ગગન ગોખે દીવડો એક ચાંદ
ને આંગણામાં તેજ ભર્યો દીપ,
અંતરમાં ઝળકી રહ્યો પ્રેમ
ને આંગણામાં શતશત તેના તેજ.''

એવી પંક્તિઓ આપો આપ જ સ્ફૂરી ગઈ છે!

આંગણામાં ઉંબરો તો હવે અદ્રશ્ય છે. નવા મકાનોની ગુંથણીમાં પણ ઊંબર ઉપર, ટોડલા ઉપર કોડિયા એ દિવાળીના જીવંત પ્રતીક છે! એક નાનું સરખું કોડિયું દૂરથી અનુપમ શણગાર બની ગયું છે! પણ શહેરોની બલિહારી એવી છે કે દિવાઓ પણ ઈલેક્ટ્રીક લાઈટના પ્રકાશિત હોય! તેલના આસમાને જતાં ભાવ દીવડાનો પ્રકાશ ઝૂંટવી લે છે એવું લાગે છે! અનુકૂળતા માટે ભલે ઈલેક્ટ્રીક લાઈટની હારમાળા રચાઈ હોય ને તેનો પ્રકાશ ઝબુક ઝબુક થતો હોય પણ કોડિયું જેપ્રાણ પાથરે છે જે ઉજાસ પાથરે છે તે જ આંગણાનો સાચો શણગાર છે! કંઈ નહી તો આંગણુ સુંદર લાગે જ છે! જીવંત લાગે છે.

તોરણમાં આધુનિકતા

વિજ્ઞાાન જેટલું આગળ વધતું જાય છે તેટલી જીવનની સ્વાભાવિકતા લુંટાતી જાય છે. બારણે સ્વાગત કરતાં આસોપાલવના તોરણ જેટલા જીવંત લાગે છે એટલા બીજા એ કે તોરણ લાગતા નથી! પણ હવે તેમાં પ્રવેશેલી ફેશને ભરત-ગુંથણને વેલ્વેટના કપડાના તૈયાર તોરણ લટકાવી દીધાં છે! ગમે ત્યારે ખીલામાં ભરાવી દેવાનું! પણ આસોપાલવ અને હજારી ગોટાના ફૂલના હાર જેટલી પ્રસન્નતા આપે છે તેવી પ્રસન્નતા બીજા કોઈ શણગાર આપતો નથી. એટલી હદ સુધી આધુનિકતા પ્રવેશી છે કે આસોપાલવના પાન પણ પ્લાસ્ટિકના! એટલાં તો આબેહૂબ કે છેતરાઈ જવાય! પણ આંગણાને ખરેખર સજાવવું હોય તો જીવંત પાન ચૂંટીને તોરણ બનાવી જુઓ. હૃદયને એક નવા ઊમંગની ભેટ મળી જશે ને ચિરંજીવ પણ હશે.

ફૂલ-ઝાડ ને કુંડા

જેમને સગવડ હોય તેઓ પ્રવેશદ્વારમાં ફૂલ-ઝાડના કુંડા પણ મુકે તો પ્રવેશ સુંદર આકર્ષક બની રહે છે, એથી ય વધુ સગવડ હોય તો મોટો ફ્લાવર વાઝ તૈયાર કરી બારણામાં ગોઠવી દેવાથી આવનારા ઘણા જ પ્રસન્નતા અનુભવે છે! ફ્લાવર-વાઝને માત્ર દિવાનખાનાનો શણગાર ન બનાવતાં તેને આંગણાનો શણગાર પણ બનાવી શકાય.આંગણામાં જેટલી મૌલિકતા સાહજીકતા અને નવીનતા હશે તેટલી તેની મહત્તા વધવાની છે. પ્રકૃતિના આ અંશોને વિજ્ઞાાન યુગમાં વિસારે પાડવા જેવા નથી, નહીતર જીવન અને પ્રસન્નતા બંને યંત્ર વત્ બની જશે!

ગાય અને વાછરડાની પૂજાનું આધ્યાત્મિક રહસ્ય

દિવાળીના તેજસ્વી પર્વની શરૂઆત જ વાઘબારસથી થાય છે. આસો વદ બારસના દિવસે આ તહેવાર આવે છે. આ દિવસને વસુબારસ પણ કહેવામાં આવે છે. આપણા શાસ્ત્રોમાં ગાયને માતાનો દરજ્જો આપવામાં આવ્યો છે અને કહેવાય છે કે ગાયના શરીરમાં તેત્રીસ કરોડ દેવતાઓનો વાસ હોય છે. તેથી આ દિવસે ગાય અને તેના વાછરડાની પૂજા કરવાથી બધા દેવતાઓની કૃપા એક સાથે મળે છે.

વાઘબારસ શબ્દ પાછળ પણ એક રહસ્ય છે. વાઘ એટલે વાણી અને બારસ એટલે દ્વાદશી. એટલે કે આપણી વાણીને પવિત્ર કરવાનો દિવસ. ગાયને પણ વાણીનું પ્રતીક માનવામાં આવે છે. આ દિવસે જે વ્યક્તિ સાચા દિલથી ગાયની સેવા કરે છે તેની વાણીમાં મીઠાશ આવે છે.

આ દિવસનું બીજું એક સુંદર નામ છે નંદિની વ્રત. કહેવાય છે કે આ વ્રત ખાસ કરીને સ્ત્રીઓ પોતાના સંતાનોના સુખ માટે કરે છે. જે સ્ત્રીને સંતાન સુખમાં તકલીફ હોય તે જો શ્રદ્ધાપૂર્વક ગોવત્સ દ્વાદશીનું વ્રત કરે અને ગાય વાછરડાની પૂજા કરે તો તેની મનોકામના જરૂર પૂર્ણ થાય છે. સાંજે પૂજા પછી વ્રત કથા સાંભળવાનું પણ ખૂબ મહત્વ છે. કથા સાંભળ્યા વગર વ્રત અધૂરું માનવામાં આવે છે.

વાઘબારસની પૂજા પાછળ વૈજ્ઞાનિક કારણ પણ છે. ગાયના છાણમાં લક્ષ્મીનો વાસ માનવામાં આવે છે. આજે વિજ્ઞાને પણ સાબિત કર્યું છે કે ગાયના છાણમાં જીવાણુઓનો નાશ કરવાની શક્તિ છે. તેથી દિવાળી પહેલા ઘરને ગાયના છાણથી લીંપવાથી ઘર જંતુમુક્ત બને છે. ગાયના ઘીથી દીવો કરવાથી વાતાવરણ શુદ્ધ થાય છે અને હવામાં ઓક્સિજન વધે છે. ગાયના પગની રજને ધૂળ નહીં પણ ધૂળેશ્વરી કહેવામાં આવે છે. ગાય જ્યાં ચાલે છે ત્યાંની જમીન પવિત્ર થઈ જાય છે.

આજના આધુનિક યુગમાં જ્યારે આપણે ફ્લેટમાં રહીએ છીએ ત્યારે ગાયની પૂજા કેવી રીતે કરવી તે સવાલ થાય. તો તેનો પણ ઉપાય છે. જો ગાય પ્રત્યક્ષ ન મળે તો ગાયના ચિત્રની પૂજા કરી શકાય છે. ગૌશાળામાં જઈને ગાયોને ઘાસ ખવડાવી શકાય છે. કોઈ ગરીબ ખેડૂતને ગાય માટે આર્થિક મદદ કરી શકાય છે. મહત્વ ગાયના શરીરનું નથી પણ તેના પ્રત્યેના ભાવનું છે. આપણા ઋષિમુનિઓએ કહ્યું છે કે ગાયની સેવા એટલે નિઃસ્વાર્થ સેવા. કારણ કે ગાય ક્યારેય પોતાનું દૂધ પોતે પીતી નથી. તે બધું જ બીજાને આપી દે છે. આપણે પણ જીવનમાં આવું જ ઉદાર બનવું જોઈએ. વાઘબારસ આપણને આ જ ત્યાગનો પાઠ ભણાવે છે અને આ પાઠ દિવાળીની ખુશીઓ માણવા માટે આપણા મનને તૈયાર કરે છે.

આસપાસ યોપાસ
સુરેશ ભટ્ટ

આ તહેવાર પાછળ એક ખૂબ જ સુંદર કથા જોડાયેલી છે. પ્રાચીન કાળમાં નંદબાબાને ત્યાં ખૂબ જ ગાયો હતી. તેમની પત્ની યશોદાજી ગાયોની ખૂબ સેવા કરતા હતા. એક વખત ભગવાન શ્રીકૃષ્ણ નાના હતા ત્યારે તેમણે ગાયોની સેવાનું મહત્વ સમજાવ્યું હતું. કહેવાય છે કે આ જ દિવસે સમુદ્ર મંથનમાંથી કામધેનુ ગાય પ્રગટ થઈ હતી. કામધેનુ એવી ગાય છે જે બધી મનોકામનાઓ પૂરી કરે છે. તેના પ્રાગટ્યની ખુશીમાં આ તહેવાર ઉજવવામાં આવે છે.બીજી એક કથા એવી પણ છે કે એક રાજાને સંતાન ન હતું. તેણે એક ઋષિને પૂછ્યું તો ઋષિએ કહ્યું કે તું ગોવત્સ દ્વાદશીનું વ્રત કર. રાજાએ શ્રદ્ધાપૂર્વક વ્રત કર્યું અને ગાય વાછરડાની સેવા કરી. તેના પ્રતાપે તેને સુંદર પુત્રની પ્રાપ્તિ થઈ. ત્યારથી આ વ્રત સંતાન સુખ અને પરિવારની સુખાકારી માટે કરવામાં આવે છે.

આ દિવસે સવારે વહેલા ઉઠીને સ્નાન કરીને ગાયોને નવડાવવામાં આવે છે. તેમને કંકુ ચાંદલો કરવામાં આવે છે. ફૂલોની માળા પહેરાવવામાં આવે છે. ગાયને લીલું ઘાસ, ગોળ અને રોટલી ખવડાવવામાં આવે છે. ઘરની સ્ત્રીઓ ગાયના પગની રજને પોતાના કપાળે લગાવે છે કારણ કે તેને ખૂબ જ પવિત્ર માનવામાં આવે છે. આ દિવસે ગાયના દૂધમાંથી બનેલી કોઈ પણ વસ્તુ ખાવામાં આવતી નથી. દૂધ, દહીં, ઘી, છાશ કશું જ ખવાતું નથી. લોકો અડદની દાળ અને તળેલી વાનગીઓ ખાઈને ઉપવાસ કરે છે. એવું માનવામાં આવે છે કે આ દિવસે વાછરડાએ જેટલું દૂધ પીવું હોય તેટલું પીવા દેવું જોઈએ અને તેનું દૂધ આપણે ન લેવું જોઈએ. આનાથી આપણામાં ત્યાગ અને કરુણાની ભાવના જાગે છે.



વાઘબારસ શબ્દ પાછળ પણ એક રહસ્ય છે. વાઘ એટલે વાણી અને બારસ એટલે દ્વાદશી. એટલે કે આપણી વાણીને પવિત્ર કરવાનો દિવસ. ગાયને પણ વાણીનું પ્રતીક માનવામાં આવે છે. આ દિવસે જે વ્યક્તિ સાચા દિલથી ગાયની સેવા કરે છે તેની વાણીમાં મીઠાશ આવે છે અને તેના ઘરમાં ક્યારેય ધનની કમી રહેતી નથી. આ જ દિવસથી દિવાળીની તૈયારીઓ શરૂ થઈ જાય છે. લોકો ઘરની સાફ સફાઈ કરે છે અને ગાયના છાણથી ઘરને લીપે છે જેનાથી ઘરમાં સકારાત્મક ઉર્જા આવે છે.આપણા ખેડૂતો માટે તો આ દિવસ ખૂબ જ મહત્વનો છે. ખેડૂતનો સાચો મિત્ર ગાય છે. ગાયના છાણથી ખેતર ફળદ્રુપ બને છે. તેથી ખેડૂતો આ દિવસે પોતાની ગાયોને શણગારે છે અને તેમનો આભાર માને છે. આ તહેવાર આપણને એ શીખવે છે કે પ્રાણીઓ પ્રત્યે પણ પ્રેમ અને આદર રાખવો જોઈએ. ગાય આપણને બધું જ આપે છે અને બદલામાં કશું જ માંગતી નથી. તેનો આ ગુણ આપણે આપણા જીવનમાં ઉતારવો જોઈએ.

બીસીસીઆઈએ મહિલા અને પુરુષ ટીમોમાં સપોર્ટ સ્ટાફની ખાલી જગ્યા માટે પ્રક્રિયા શરૂ કરી

નવીદિલ્હી,

ભારતીય ક્રિકેટ નિયંત્રણ બોર્ડ (બીસીસીઆઈ) એ મહિલા અને પુરુષ ટીમોમાં ખાલી સપોર્ટ સ્ટાફ પદો ભરવા માટે પ્રક્રિયા શરૂ કરી છે. મહિલા ટીમ માટે ફિલ્ડિંગ કોચ પદ ખાલી છે, જ્યારે પુરુષ ટીમ માટે હેડ ફિઝિયોથેરાપિસ્ટ પદ માટે અરજીઓ મંગાવવામાં આવી છે. આ બે જગ્યાઓ ભારતીય મહિલા ક્રિકેટ ટીમ માટે ફિલ્ડિંગ કોચ મુનિષ બાલી અને પુરુષ ક્રિકેટ ટીમ માટે ફિઝિયો કમલેશ જૈનના પદો ભરવા માટે છે. જ્યારે એ બંને જગ્યાઓ માટે અરજીઓ જાહેર કરી છે અને લાયક ઉમેદવારો માટે અરજી કરવા માટે ૧૬ નવેમ્બરની અંતિમ તારીખ નક્કી કરી છે.

ભારતીય ટીમે તાજેતરમાં ઝિમ્બાબ્વે મહિલા ક્રિકેટ ટીમ સામે ટી ૨૦ અને વનડે બંને ફોર્મેટમાં શ્રેણી રમી હતી, જેમાં બંનેમાં શાનદાર જીત મેળવી હતી. આ શ્રેણીના સમાપન સાથે, ફિલ્ડિંગ કોચ મુનિષ બાલીનો કાર્યકાળ પણ સમાપ્ત થાય છે. બીસીસીઆઈએ ફિલ્ડિંગ કોચ પદ માટે અરજી ફોર્મ બહાર પાડ્યું છે. ફિલ્ડિંગ કોચ ત્રણેય ફોર્મેટમાં સિનિયર મહિલા ટીમ માટે જવાબદાર રહેશે, જે ટીમના પ્રદર્શનને સુધારવામાં મુખ્ય ભૂમિકા ભજવશે. આ ભૂમિકામાં એક મજબૂત ફિલ્ડિંગ શેડ્યૂલ વિકસાવવા, પ્રેક્ટિસ અને મેચ-રે સત્રોનું આયોજન કરવા અને ખેલાડીઓને તેમની કુશળતા



સુધારવા માટે વ્યક્તિગત કોચિંગ આપવાનો સમાવેશ થશે. ફિલ્ડિંગ કોચના પદ માટે અરજદારોએ ઓછામાં ઓછા એક નિર્ધારિત પાત્રતા માપદંડને પૂર્ણ કરવો આવશ્યક છે, જેમાં આંતરરાષ્ટ્રીય સ્તરે ભારત અથવા અન્ય દેશનું પ્રતિનિધિત્વ કર્યું હોય, ઓછામાં ઓછું બીસીસીઆઈ લેવલ બી કોચિંગ પ્રમાણપત્ર હોવું જોઈએ, ઓછામાં ઓછા ૩૦ ફર્સ્ટ-ક્લાસ મેચ રમી હોય, અથવા ઓછામાં ઓછા એક સીઝન માટે આંતરરાષ્ટ્રીય ટીમને કોચિંગ આપ્યું હોય, અથવા ઓછામાં ઓછા બે સીઝન માટે ટી ૨૦ ફ્રેન્ચાઇઝ અથવા રાજ્ય-સ્તરીય ટીમને કોચિંગ આપ્યું હોય.

બીસીસીઆઈએ ભારતીય પુરુષ ટીમ માટે મુખ્ય ફિઝિયોથેરાપિસ્ટના પદ માટે અરજીઓ મંગાવી છે. આ પદ મુખ્યત્વે ઈજાઓને કારણે ખેલાડીઓના પ્રદર્શનમાં ઘટાડો અટકાવવા માટે જવાબદાર રહેશે. તેઓ બીસીસીઆઈની સ્પોર્ટ્સ સાયન્સ એન્ડ મેડિસિન ટીમ, સ્પોર્ટ્સ સાયન્સ એન્ડ મેડિસિન હેડ, બીસીસીઆઈ સેન્ટર ઓફ એક્સેલન્સ, કોચિંગ સ્ટાફ અને સ્ટ્રેન્થ અને કન્ડીશનીંગ પ્રોફેશનલ્સ સાથે નજીકથી કામ કરશે.

રોહિત શર્માએ ન્યુઝીલેન્ડના ડેરિલ મિશેલને રન આઉટ કરીને અસાધારણ ફિટનેસ દર્શાવી

મુંબઈ,

ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચેની પાંચ મેચની વનડે શ્રેણીની શરૂઆત ઓકલેન્ડના ઈડન પાર્ક ખાતે રમાઈ રહેલી પહેલી મેચ સાથે થઈ ગઈ છે. શ્રેણીની પહેલી મેચમાં, ટીમ ઈન્ડિયાના કેપ્ટન શુભમન ગિલે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો, જે નિર્ણય બોલરોએ સંપૂર્ણપણે સાચો સાબિત કર્યો. ઓકલેન્ડ વનડેમાં યજમાન ટીમે ડેરિલ મિશેલના રૂપમાં ૯૭ રનના સ્કોર પર પાંચમી વિકેટ ગુમાવી દીધી. રોહિત શર્માએ મિશેલને આઉટ કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી, જે વનડે ક્રિકેટમાં ક્યારેય રન આઉટ થયો ન હતો, જ્યારે ૩૯ વર્ષની ઉંમરે, તેણે એક શાનદાર ડાઇવ અને એક શાનદાર થ્રો કર્યો.ન્યૂઝીલેન્ડની ઇનિંગ્સની ૨૨મી



ઓવરના પહેલા બોલનો સામનો કરીને, જે ભારત માટે અક્ષર પટેલ દ્વારા ફેંકવામાં આવી હતી, ગ્લેન ફિલિપ્સે લેગ સાઇડ તરફ હળવાશથી રમીને સિંગલનો પ્રયાસ કર્યો. મિશેલ શરૂઆતમાં દોડવામાં ખચકાટ અનુભવતો હતો, પરંતુ બાદમાં દોડવાનું શરૂ કર્યું. મિડ-વિકેટ પર ફિલ્ડિંગ કરતા રોહિત શર્મા ઝડપથી બોલ તરફ આગળ વધ્યા, તેને પકડવા માટે ડાઇવ કર્યો અને તેને વિકેટકીપર કેએલ રાહુલ તરફ હવામાં ફેંકી દીધો.

ઇંગ્લેન્ડના ઓલરાઉન્ડર લિયામ લિવિંગસ્ટોનને ચેન્નાઈ સુપર કિંગ્સ ટીમમાં સામેલ કરવાનો પ્રયાસ

મુંબઈ,

આઈપીએલ ૨૦૨૭ ની હરાજી પહેલા ફ્રેન્ચાઇઝી વચ્ચે ખેલાડીઓની આપ-લેનું બજાર ગરમ થઈ રહ્યું છે. હાર્દિક પંડ્યા માટે સંભવિત વેપાર અંગે ચાલી રહેલી ચર્ચાઓ વચ્ચે, ઇંગ્લેન્ડના વિસ્ફોટક ઓલરાઉન્ડર લિયામ લિવિંગસ્ટોનનું નામ પણ સામે આવ્યું છે. ચેન્નાઈ સુપર કિંગ્સ (સીએસકે) આ અંગ્રેજી ખેલાડીને તેમની ટીમમાં ઉમેરવામાં રસ ધરાવે છે અને સનરાઇઝર્સ હૈદરાબાદ (એસઆરએચ) સાથે વાતચીત કરી રહી છે. જોકે, હૈદરાબાદની ટીમ હજુ સુધી આ દરખાસ્ત પર કોઈ નિષ્કર્ષ પર પહોંચી નથી.ક્રિકબઝના અહેવાલ



મુજબ, ચેન્નાઈ સુપર કિંગ્સ લિવિંગસ્ટોનનો વેપાર કરવાની શક્યતા ચકાસી રહી છે. હૈદરાબાદે છેલ્લી હરાજીમાં આ ઓલરાઉન્ડરને ૧૩ કરોડમાં હસ્તગત કર્યો હતો. જોકે, ગયા સિઝનમાં તેના પ્રદર્શનને જોતાં, ફ્રેન્ચાઇઝ હવે તેના ભવિષ્ય પર વિચાર કરી રહી છે. રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે બીજી એક ઉત્તર ભારતીય ફ્રેન્ચાઇઝીએ પણ લિવિંગસ્ટોનમાં રસ દર્શાવ્યો છે, પરંતુ હાલમાં વાટાઘાટો પ્રારંભિક તબક્કામાં છે.૩૩ વર્ષીય લિયામ લિવિંગસ્ટોન માટે છેલ્લી આઈપીએલ સીઝન નિરાશાજનક રહી હતી. તેણે સનરાઇઝર્સ હૈદરાબાદ માટે માત્ર બે મેચ રમી હતી, જેમાં તેણે માત્ર ૧૫ રન બનાવ્યા હતા. આ પછી, તે પ્લેઇંગ ઇલેવનમાં સ્થાન મેળવી શક્યો ન હતો. તેને ઇમ્પેક્ટ પ્લેયર તરીકે ગણવામાં આવવાનું પણ બંધ થઈ ગયું.રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરથી રિલીઝ થયા પછી હૈદરાબાદે તેને પોતાની ટીમમાં ઉમેર્યો હતો. અગાઉ,આરસીબીએ મેગા હરાજીમાં લિવિંગસ્ટોનને ૮.૭૫ કરોડમાં હસ્તગત કર્યો હતો. જોકે, તે આ વચન પર ખરા ઉતરવામાં નિષ્ફળ ગયો, અને હવે તે ટીમો બદલી શકે તેવી શક્યતા છે.

વૈભવ સૂર્યવંશીને રેડ-બોલ ક્રિકેટમાં નેતૃત્વની ભૂમિકા આપવામાં ઉતાવળ ન કરવી જોઈએ: સચિન તેંડુલકર

નવીદિલ્હી,

ન્યૂઝીલેન્ડ પ્રવાસ પર ભારતીય ટી ૨૦ ટીમનો ભાગ રહેલા વૈભવ સૂર્યવંશીને ફક્ત બે મેચ રમવાની તક મળી હતી, જેમાં તે એક મેચમાં બેટથી શાનદાર પ્રદર્શન કરી શક્યો હતો. હવે, વૈભવ ૧૯ નવેમ્બરથી કતારમાં શરૂ થઈ રહેલી ઈમર્જિંગ એશિયા કપ ટુર્નામેન્ટમાં રમતો જોવા મળશે, જ્યાં બધાની નજર તેના પ્રદર્શન પર રહેશે. દરમિયાન, ૧૫ વર્ષીય વૈભવ સૂર્યવંશીએ અત્યાર સુધીમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૧૦ ટી૨૦ મેચ રમી છે, અને તેના પ્રદર્શને વિશ્વભરમાં ધ્યાન ખેંચ્યું છે. આ ઉપરાંત, વૈભવે ઘરેલુ ક્રિકેટમાં



૧૧ ફર્સ્ટ-ક્લાસ મેચ પણ રમી છે, જેમાં ૨૦૨૬ની દુલીપ ટ્રોફી જીતનાર પૂર્વ ઝોન ટીમનો ભાગ હોવાનો સમાવેશ થાય છે અને તેને ઉપ-કેપ્ટન પદ આપવામાં આવ્યું હતું. હવે, સર્વકાલીન મહાન બેટ્સમેન, સચિન તેંડુલકરે સ્પષ્ટ કર્યું છે કે પસંદગીકારોએ તેને રેડ-બોલ ક્રિકેટમાં નેતૃત્વની ભૂમિકા આપવામાં ઉતાવળ ન કરવી જોઈએ.સચિન તેંડુલકરે રેડિટ પર પ્રશ્ન-જવાબ સત્રમાં ભાગ લીધો, ચાહકોના પ્રશ્નોના જવાબ આપ્યા. એક ચાહકે વૈભવ સૂર્યવંશીને પૂછ્યું, "માત્ર ૧૫ વર્ષની ઉંમરે તેને નેતૃત્વની જવાબદારીઓ આપવા વિશે તમારો શું વિચાર છે?" જવાબમાં, સચિન તેંડુલકરે કહ્યું, તેંડુલકરે કહ્યું, "મને લાગે છે કે દુલીપ ટ્રોફીમાં વૈભવને ઉપ-કેપ્ટન તરીકે નિયુક્ત કરવો એ થોડી ઉતાવળ છે. આપણે તેને રેડ-બોલ ક્રિકેટમાં વધુ મેચ રમવાની અને એક પછી એક પગલું આગળ વધવાની તક આપવી જોઈએ."વધુમાં, ધ્યાન ગુમાવવાનું કેવી રીતે ટાળવું અને ધ્યાન કેન્દ્રિત કરવાની યોગ્ય રીત વિશેના પ્રશ્નના જવાબમાં, સચિન તેંડુલકરે કહ્યું કે તમારે થોડીવાર માટે તમારી આંખો બંધ કરીને ફક્ત તમારા શ્વાસ પર ધ્યાન કેન્દ્રિત કરવાનો પ્રયાસ કરવો જોઈએ.

કાર્તિક આર્યનના અભિનયવાળી ફિલ્મ 'લડાકુ' ૧૮ જુન, ૨૦૨૭ના રોજ થશે રીલીઝ

મુંબઈ,

'ચંદુ ચેમ્પિયન'ની સફળતા બાદ, અભિનેતા કાર્તિક આર્યન ફિલ્મ નિર્માતા કબીર ખાન સાથે તેમની આગામી ફિલ્મ 'લડાકુ' માટે ફરી એકવાર જોડાઈ રહ્યા છે. નિર્માતા સંસ્થા 'બિરલા સ્ટુડિયો'એ બુધવારે, ૪ નવેમ્બર ૨૦૨૬ના રોજ આ ફિલ્મનું શીર્ષક અને તેની વૈશ્વિક થિયેટર રિલીઝ તારીખ જાહેર કરી છે.જેઓ જાણતા નથી તેમના માટે, કાર્તિક આર્યન અને કબીર ખાને અગાઉ ૨૦૨૪ની ફિલ્મ 'ચંદુ ચેમ્પિયન'માં સાથે કામ કર્યું હતું. આ ફિલ્મ ભારતના પ્રથમ પેરાલિમ્પિક ગોલ્ડ મેડલ વિજેતા મુરલીકાંત પેટકરના વાસ્તવિક જીવન પર આધારિત હતી. આ ફિલ્મમાં પોતાના અભિનય માટે કાર્તિકે 'શ્રેષ્ઠ અભિનેતા' (મિજં છર્ઠી)નો રાષ્ટ્રીય



ફિલ્મ પુરસ્કાર પણ જીત્યો હતો.

કાર્તિક આર્યનની 'લડાકુ' ક્યારે રિલીઝ થશે?

કાર્તિક આર્યનની આગામી ડ્રામા ફિલ્મ 'લડાકુ' ૧૮ જૂન, ૨૦૨૭ના રોજ વિશ્વભરના થિયેટરોમાં રિલીઝ થવાની છે. નોંધનીય છે કે, ફિલ્મની વાર્તા, પાત્રો અને કલાકારો વિશેની વધુ વિગતો હજુ સુધી જાહેર કરવામાં આવી નથી.'લડાકુ': આ ફિલ્મ શેના વિશે છે?

ઉપલબ્ધ માહિતી મુજબ, 'લડાકુ' મહત્વાકાંક્ષા, દ્રઢ નિશ્ચય અને આશાની એક અસાધારણ વાસ્તવિક જીવનકથા પર આધારિત છે. આ ફિલ્મ દ્વારા કાર્તિક પોતાના બેનર 'ડોપામાઈન સ્ટુડિયો' (Dopamine Studios) હેઠળ નિર્માતા તરીકે પણ પદાર્પણ કરી રહ્યા છે. આ ફિલ્મનું નિર્માણ બિરલા સ્ટુડિયો, કબીર ખાન એન્ટરટેઈનમેન્ટ અને ડોપામાઈન સ્ટુડિયો દ્વારા કરવામાં આવી રહ્યું છે.'શ્રેષ્ઠ અભિનેતા'નો રાષ્ટ્રીય પુરસ્કાર જીત્યા બાદ કાર્તિક આર્યનની પોસ્ટ ૧૮ જુલાઈએ ૭૨મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોના વિજેતાઓની જાહેરાત થયાના થોડા સમય બાદ, કાર્તિક આર્યને ઈન્સ્ટાગ્રામ પર એક હૃદયસ્પર્શી પોસ્ટ દ્વારા પોતાનો આભાર વ્યક્ત કર્યો હતો.

રમેશ તૌરાનીની દિવાળી પાર્ટીમાં મૃણાલ ઠાકુર અને રવિના સહિત બોલિવૂડ કપલ્સે ગ્લેમરસ લુક્સ બતાવ્યા

મુંબઈ,

નિર્માતા રમેશ તૌરાનીએ સ્ટાર્સથી ભરેલી દિવાળી પાર્ટીનું આયોજન કર્યું હતું, જેમાં બોલિવૂડની અનેક હસ્તીઓએ હાજરી આપી હતી. સલમાન ખાન, બોબી દેઓલ, મૃણાલ ઠાકુર, રવિના ટંડન અને અન્ય સ્ટાર્સે તેમના ગ્લેમરસ ફેસ્ટિવ લુક્સથી શોને ચોર્યો હતો, જ્યારે બોલિવૂડ કપલ્સે તેમના સ્ટાઇલિશ ટચથી ઉજવણીમાં ગ્લેમર ઉમેર્યું હતું.

સાન્યા મલ્હોત્રાએ ક્રીમ રંગનો અનારકલી સૂટ પહેર્યો હતો જેમાં કોન્ટ્રાસ્ટ એમ્બ્રોઇડરીવાળા હેમ હતા. તેણી તાજેતરમાં "સની સંસ્કારી કી તુલસી કુમારી" માં જોવા મળી હતી. અભિનેત્રીએ તેના લુકને સ્લીક બન અને મેચિંગ



પોટલી બેગ સાથે પૂર્ણ કર્યો હતો. ભૂમિ પેડનેકર પાર્ટીમાં સુંદર હાથીદાંત રંગની સાડી અને સ્ટ્રેપલેસ બ્લાઉઝ પહેરીને પહોંચી હતી. તાજેતરમાં "દલદલ" માટે પ્રશંસા મેળવનાર અભિનેત્રીએ સિલ્વર ક્લચ અને આકર્ષક ઇયરિંગ્સ સાથે પોતાનો લુક પૂર્ણ કર્યો હતો.હિન્દી અને તેલુગુ સિનેમાની લોકપ્રિય અભિનેત્રી મૃણાલ રમેશ તૌરાનીની દિવાળી પાર્ટીમાં સુંદર મિરર-વર્ક સાડી પહેરીને પહોંચી હતી, જે એકદમ અદભુત દેખાતી હતી. તેણીએ પાપારાઝી માટે સુંદર રીતે પોઝ આપ્યો. તેણી હાલમાં ઘણી ફિલ્મોના શૂટિંગમાં વ્યસ્ત છે, પરંતુ તેમ છતાં, તેણીએ દિવાળીની ઉજવણી માટે સમય કાઢ્યો. રવિનાએ ચૂનાના લીલા ભરતકામવાળા શરારા સેટમાં દિવાળી પાર્ટીમાં ગ્લેમર ઉમેર્યું. પીઢ સ્ટારે એક સરળ છતાં ભવ્ય પરંપરાગત લુક દર્શાવ્યો, ચાહકોને યાદ અપાવ્યું કે તે પેઢીઓથી પ્રિય કેમ રહે છે.ખુશી કપૂર એક અનોખા મિરર-શણગારેલા પોશાકમાં આવી હતી. જનરલ ઝેડ સ્ટારે તેની અનોખી ફેશન સેન્સથી બધાનું ધ્યાન ખેંચ્યું હતું અને સ્ટાર-સ્ટડેડ ઈવેન્ટમાં તેની સ્ટાઇલ રજૂ કરી હતી. જેનેલિયા, જેણે તાજેતરમાં કેટલાક પ્રોજેક્ટ્સ પૂર્ણ કર્યા છે અને તેની આગામી બહુભાષી ફિલ્મનું આયોજન કરી રહી છે, તેણે એથનિક પોશાક છોડીને એક ફેશ, મોર્ડન ફ્યુઝન લુક બનાવ્યો હતો. તેની બબલી સ્ટાઇલ અને અદભુત સ્ટાઇલે રેડ કાર્પેટ પર એક ફેશ અને એનર્જેટિક વાઇબ ઉમેર્યું હતું.

શબ્દ શોધો

ઊ	કા	જી	સ	ચી	લ	ક	વ	એ	ચ	ગ	રી
ળો	દ	અ	વ	ળ	ત	જી	લ	ન	તી	મ	ગ
ક	ગ	સા	અઃ	વા	ક્રો	ત	મા	અ	ન	ઝ	ચી
ઓ	ક્ષ	આ	લ	ર	ર	સ	રો	ગ	લ	ક	ર
ક	ગ	કુ	આ	ડ	મ	રો	ર	ડ	ણે	મ	તા
ણે	ભા	આ	આ	જ	બા	કા	મ	ગ	ળ	પ	ગુ
ગુ	લા	મ	પ્ર	અ	બૂ	રી	ન	લ	સ	મા	ર
રા	ગં	અ	આ	વા	ક્ષ	ન	શ	ચા	ન	બં	ણા
ણા	જ	દ	વ	ડો	સ	જ્ઞા	ગુ	તુ	કી	સા	વા
મ	સા	ભા	રો	ગં	ન	ગં	મ	ક્ષ	ભો	કા	કા
ગ	ણિ	દ	ચ	ક	ચા	ર	ના	ગ	દા	ર	કા
અ	ણે	વિ	આ	બ	ર	અઃ	મ	ર	મો	બા	ન

શબ્દ શોધો

ગઝલ, ગુમનામ, ગુમાન, ગુલામ, ચકચાર, ચમચી, જ્ઞાન, ડમરી, ડમરો, તાપસ

એઆઈ છબીઓ બનાવવા માટે રૂપાલી ગાંગુલીના ફોટા સાથે છેડછાડ : અભિનેત્રીએ બોમ્બે હાઈકોર્ટનો દરવાજો ખખડાવ્યો

મુંબઈ,

ટીવી સીરિયલ "અનુપમા" થી ઘરે ઘરે જાણીતી બનેલી અભિનેત્રી રૂપાલી ગાંગુલીએ તેના ફોટા અને ઓળખના કથિત દુરુપયોગ સામે કાનૂની કાર્યવાહી કરી છે. અભિનેત્રીએ બોમ્બે હાઈકોર્ટમાં અરજી દાખલ કરીને આરોપ લગાવ્યો છે કે કેટલાક ઓનલાઈન પોર્ટલ તેની પરવાનગી વિના તેના ફોટા અને અન્ય સામગ્રીનો ઉપયોગ કરી રહ્યા છે. વધુમાં, કૃત્રિમ બુદ્ધિમત્તાનો ઉપયોગ કરીને તેના નકલી ફોટા બનાવવામાં આવી રહ્યા છે અને વીડિયો બનાવવામાં આવી રહ્યા છે. રૂપાલીનો આરોપ છે કે આ સામગ્રીનો ઉપયોગ એવી વેબસાઇટ્સ પર પણ થઈ રહ્યો છે જે અશ્લીલ અને વાંધાજનક સામગ્રી પ્રદર્શિત કરે છે.રૂપાલી ગાંગુલીએ તેની અરજીમાં તેની



ઓળખ અને છબી અધિકારોનો મુદ્દો ઉઠાવ્યો છે. અભિનેત્રીના જણાવ્યા અનુસાર, તેના ફોટા અને અન્ય વ્યક્તિગત રીતે ઓળખી શકાય તેવી સામગ્રીનો ઉપયોગ તેની સંમતિ વિના કરવામાં આવી રહ્યો છે. છેં ટેકનોલોજીનો ઉપયોગ કરીને બનાવેલા નકલી ફોટા અને સંપાદિત વિડિઓઝ તેની છબીને નુકસાન પહોંચાડી શકે છે. અરજીમાં, અભિનેત્રી દલીલ કરે છે કે દરેક વ્યક્તિને તેની છબી, અવાજ, નામ અને ઓળખનો અધિકાર છે. વ્યાપારી અથવા અન્ય દુર્ભાવનાપૂર્ણ હેતુઓ માટે પરવાનગી વિના આનો ઉપયોગ કરવો તેમના વ્યક્તિત્વ અધિકારોનું ઉલ્લંઘન છે. તેણીએ કોર્ટને આવી સામગ્રીના પ્રસાર પર પ્રતિબંધ મૂકવા અને તેની ઓળખના અયોગ્ય ઉપયોગ સામે કાર્યવાહી કરવા વિનંતી કરી છે. આ કેસની સુનાવણી ૪ નવેમ્બરે બોમ્બે હાઈકોર્ટમાં થશે. આ મામલો જસ્ટિસ માધવ જામદારની બેન્ચ સમક્ષ રજૂ કરવામાં આવશે. સુનાવણી દરમિયાન, કોર્ટ આ અરજીમાં ઉઠાવવામાં આવેલા મુદ્દાઓ પર વિચાર કરશે.

ચાર વર્ષના લગ્નજીવન પછી કનિકા કપૂર અને ગૌતમના સંબંધોનો અંત : ગાયિકાએ પતિથી અલગ થવાની જાહેરાત કરી

મુંબઈ,

બોલીવુડ પ્લેબેક સિંગર કનિકા કપૂરે ઉદ્યોગપતિ ગૌતમ હાથીરામણીથી અલગ થવાની જાહેરાત કરી છે. તેણીએ ૨૦૨૨ માં લંડનમાં ગૌતમ સાથે લગ્ન કર્યા હતા. ૪૮ વર્ષીય કનિકાએ સોશિયલ મીડિયા પર આ માહિતી શેર કરી હતી અને લોકોને તેની ગોપનીયતાનો આદર કરવા વિનંતી કરી હતી. આ જાહેરાત તેણીએ ઈન્સ્ટાગ્રામ પર તેના લગ્નના ફોટા અને વીડિયો દૂર કર્યા પછી આવી હતી. કનિકા કપૂરે સ્પષ્ટતા કરી કે તેમના અલગ થવા પાછળ કોઈ ત્રીજો પક્ષ નહોતો. તેમણે એવા દાવાઓને પણ ફગાવી દીધા કે તેમના લગ્ન તૂટી ગયા કારણ કે તે લાગોસમાં જવા માંગતી ન હતી, જ્યાં ગૌતમ રહે છે, કામ માટે જવા માંગતી ન હતી.તેમના



સત્તાવાર નિવેદનમાં, કનિકા કપૂરે કહ્યું, "ઘણી વિચાર-વિમર્શ પછી, મેં અને મારા પતિએ અલગ થવાનો નિર્ણય લીધો છે. અમે સાથે વિતાવેલા સમય માટે હું આભારી છું અને ભવિષ્ય માટે તેમને શુભકામનાઓ પાઠવું છું. જેમ જેમ આપણે આપણા જીવનમાં આગળ વધીએ છીએ, હું તમને બધાને વિનંતી કરું છું કે અમારી ગોપનીયતાનો આદર કરો." એક ન્યૂઝ પોર્ટલ સાથે વાત કરતા, કનિકા કપૂરે કહ્યું, "મને બીજું કોઈ મળ્યું નથી, અને જ્યાં સુધી હું જાણું છું, ગૌતમને બીજું કોઈ મળ્યું નથી. આ મારો બીજો છૂટાછેડાનો અનુભવ છે, અને તે મને ખૂબ જ દુઃખ અને નિરાશા લાવે છે." ગાયિકા કનિકાએ ખુલાસો કર્યો કે તે હાલમાં મુંબઈમાં છે અને ત્રણ પ્રોજેક્ટ્સ પર કામ કરી રહી છે.

મહાનગરપાલિકા સંચાલિત પુસ્તકાલયોમાં વેકેશનમાં જ્ઞાનનો ખજાનો ખુલ્લો મૂકાયો

વાંચન અને જ્ઞાનવર્ધક રૂચી વધારવા પ્રયાસ : મહિનામાં ૪૯૪૩૪ નાગરિકોએ લાયબ્રેરીની મુલાકાત લીધી

રાજકોટ, તા.૪

મહાનગરપાલિકા સંચાલિત લાઈબ્રેરીઓ શહેરના નાગરિકોને અવિરત વિવિધ પ્રકારની સેવાઓ આપી રહી છે. આગામી દિવાળી તહેવારો અને વેકેશન દરમ્યાન બાળકો, વિધાર્થી, ભાઈઓ તથા બહેનો માટે જ્ઞાન રૂપી ખજાનો જેમાં નવા પુસ્તકોમાં ગુજરાતી સાહિત્ય, નવલકથા, નવલિકાઓ, બાળ સાહિત્ય, વિધાર્થીઓ માટે વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાલક્ષી સાહિત્ય, મેગેઝીનની સાથે સાથે બાળકો માટે ટોયઝ લાઈબ્રેરીઓમાં ગેમ્સ, પઝલ્સ વગેરે અંદાજીત ૧૫૦૦ જેવા વસાવવામાં આવ્યા છે અને ઈશ્યૂમાં મૂકવામાં આવ્યા છે. જેનો વેકેશન ગાળા દરમ્યાન બાળકો અને નાગરીકોને ઉત્સાહ પૂર્વક



ભરપૂર લાભ લેવા મનપાએ અપીલ કરી છે.

વોર્ડ નં.૭માં શ્રીમતી પ્રભાદેવી જે. નારાયણ પુસ્તકાલય, વોર્ડ નં.૨માં દતોપંત ઠેગડી પુસ્તકાલય, વોર્ડ નં. ૯માં બાબુભાઈ વૈધ લાઈબ્રેરી, વોર્ડ નં.૧૪માં ડો. બાબાસાહેબ આંબેડકર ભવન લાઈબ્રેરી, વોર્ડ નં.૬માં આવેલ ચાણક્ય પુસ્તકાલય, વોર્ડ નં.૩માં મનહરપુર લાઈબ્રેરી, બહેનો તથા બાળકો માટેના ફરતા પુસ્તકાલય યુનિટ-૧ અને યુનિટ-૨ તથા વિધાર્થીઓ માટેના વાંચનાલયોમાં છેલ્લા એક માસમાં અંદાજીત ૪૯૪૩૪ નાગરીકોએ લાઈબ્રેરી સેવાઓનો લાભ લીધેલ હતો અને આ એક માસ દરમ્યાન ૨૨૪ નવા સભ્યો લાઈબ્રેરી સાથે જોડાયા હતા.

મા. શિક્ષણ સમિતિ ચેરમેન સોનલબેન સેલારા, વાઈસ ચેરમેન દર્શનભાઈ પેગ્યાતર તથા સભ્યો અરુણાબેન આડેસરા, હીનાબેન બેલાણી તથા કાળુભાઈ કુંગસિયા દ્વારા લોકો દીપાવલીના પાવન પર્વ અને વેકેશનમાં લાઈબ્રેરી સાથે જોડાઈને જ્ઞાનનો દીપ પ્રગટાવે અને વાંચનની સંસ્કૃતિને આગળ વધારે તેવી અપીલ કરવામાં આવી છે.

સ્વદેશી ચીજવસ્તુના ખરીદ-વેંચાણને દિવાળી પર નવું માર્કેટ મળ્યું

મેઈક ઈન ઈન્ડિયાને સમર્થન આપવા પરસોતમભાઈ અને દર્શિતાબેનનો અનુરોધ : આર્ટ ગેલેરીમાં ફેરીયાઓ માટે સ્વનીધિ મહોત્સવ યોજાયો

રાજકોટ: રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રેસકોર્સમાં ડો.શ્યામાપ્રસાદ મુખર્જી આર્ટ ગેલેરી ખાતે સ્વનિધિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે સાંસદ પરસોત્તમભાઈ રૂપાલાએ કહ્યું હતું કે, વડાપ્રધાનના વોકલ ફોર લોકલના અભિયાનને વેગ મળતો રહે તે માટે મનપા દ્વારા યોજાયેલ આ કાર્યક્રમ માટે મેયર અને મ્યુનિ. કમિશનરની ટીમ અભિનંદનને પાત્ર છે. હાલ દિવાળીનાં તહેવારો છે ને ખરીદીની મૌસમ છે. જે ઉત્પાદનો માટે સ્થાનિક કારીગરોએ પરસેવો પાડ્યો છે તેની સૌએ સ્થાનિક વેપારીઓ પાસેથી ખરીદી કરવી



જોઈએ. નાના ધંધાર્થીઓને બેંકમાંથી જામીન વગર લોન મળી રહી છે.

ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહે કહ્યું હતું કે, નાના ધંધાર્થીઓ માટે આશીર્વાદરૂપ એવી પી.એમ.સ્વનિધિ યોજના હેઠળ યોજાયેલા આજના આ કાર્યક્રમમાં ઘરેથી કામ કરતા બહેનોને મહત્વનું પ્લેટફોર્મ મળ્યું છે. સ્વદેશી ચીજવસ્તુઓના ઉત્પાદન અને વેંચાણને પ્રોત્સાહન મળ્યું છે. લોકો પણ સ્થાનિક સ્વદેશી ચીજવસ્તુઓની ખરીદી પર ભાર મુકતા જોવા મળી રહ્યા છે જેનો લાભ નાના ધંધાર્થીઓ અને કારીગરોને મળી રહ્યો છે.

કાર્યક્રમમાં શેરી ફેરિયાઓના બાળકોને શહેર, રાજ્ય કે રાષ્ટ્રીય સ્તરે શૈક્ષણિક ક્ષેત્રમાં, રમત-ગમત ક્ષેત્રમાં, કલા ક્ષેત્રમાં સિદ્ધિ બદલ સન્માનિત કરવામાં આવ્યા હતાં. સ્ત્રી ફેરીયા, દિવ્યાંગોના સન્માન કરી લાભાર્થીઓની સકસેસ સ્ટોરી આર્ટ ગેલેરીમાં રજૂ કરવામાં આવી હતી. ડે.મેયર દક્ષાબેન વસાણી, કોર્પોરેટરો, ડે.કમિશનર સમીર ધડુક, અધિકારીઓ, કર્મચારીઓ, લાભાર્થીઓ તેમજ તેમના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

કાંચી કામકોટી પીઠના જગતગુરુ શંકરાચાર્યની SGVP ગુરુકુળ ખાતે પધરામણી

સંસ્થા દ્વારા થતી ભારતીય સંસ્કૃતિના પોષણ અને જતન માટેની પ્રવૃત્તિની સરાહના કરી

રાજકોટ

શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ (SGVP), અમદાવાદ ખાતે કાંચી કામકોટી પીઠના શંકરાચાર્ય પરમ પૂજ્ય જગદ્ગુરુ શંકરાચાર્ય શ્રી શ્રી શંકર વિજયેન્દ્ર સરસ્વતી સ્વામીજી મહારાજની ભવ્ય અને પાવન પધરામણી થઈ હતી. સંસ્થાના અધ્યક્ષ પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામીના સસ્નેહ આમંત્રણનો સ્વીકાર કરીને શંકરાચાર્ય મહારાજ ખાસ સંસ્થાના સંતો, ઋષિકુમારો તથા વિદ્યાર્થીઓને દર્શન અને આશીર્વાદ આપવા પધાર્યા હતા.

આ મંગલ પ્રસંગે પ.પૂ. સ્વામીજીએ શંકરાચાર્ય મહારાજનું





અત્યંત ભાવભીનું સ્વાગત કર્યું હતું. સ્વામીજીએ પોતાના સંસ્મરણો વાગોળતા જણાવ્યું હતું કે, "વર્ષો પહેલાં જ્યારે અમે બનારસમાં અભ્યાસ કરતા હતા, ત્યારે પૂર્વ પીઠાધીશ્વર શંકરાચાર્ય આચાર્ય શ્રી જયેન્દ્ર સરસ્વતીજીના દર્શનનો લાભ મળ્યો હતો. તદુપરાંત, ઈ.સ. ૨૦૧૨માં જ્યારે SGVP ગુરુકુળ ખાતે 'આચાર્ય સભા'નું આયોજન થયું હતું, ત્યારે પણ પૂજ્ય મહારાજશ્રીએ આ કેમ્પસને પાવન કર્યું હતું. આજે તે જ પીઠના વર્તમાન આચાર્યશ્રી તરીકે આપશ્રીએ અહીં પધારીને સમગ્ર કેમ્પસ અને અમને સહુને પાવન કર્યા છે."

મુલાકાત દરમિયાન શંકરાચાર્યજીએ SGVP ગુરુકુળ દ્વારા સંચાલિત વિવિધ શૈક્ષણિક, સામાજિક અને આધ્યાત્મિક પ્રવૃત્તિઓનું નિરીક્ષણ કર્યું હતું. વિશેષરૂપે ચાર વેદ અને સનાતન શાસ્ત્રોના અધ્યયન-અધ્યાપન માટે સંસ્થા દ્વારા તથા પૂજ્ય માધવપ્રિયદાસજી સ્વામીના ભગીરથ પ્રયાસોથી થઈ રહેલા કાર્યને તેમણે ખૂબ જ બિરદાવ્યું હતું.

શંકરાચાર્ય મહારાજે પોતાના આશીર્વચનમાં જણાવ્યું હતું કે, "આજે આ પાવન પરિસરમાં આવીને અમને અત્યંત આનંદ થાય છે. સંસ્થા દ્વારા થઈ રહેલી પ્રવૃત્તિઓ સાચા અર્થમાં ભારતીય સંસ્કૃતિનું પોષણ જતન કરનારી છે."સભાના સમાપન સમયે શંકરાચાર્યજી મહારાજે પૂજ્ય માધવપ્રિયદાસજી સ્વામીનું સાલ ઓઢાડીને ખાસ બહુમાન કર્યું હતું અને સંસ્થાના ઉત્તરોત્તર વિકાસ માટે મંગળ આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે ગુરુકુળના સંતો, ઋષિકુમારો અને ઉપસ્થિત હરિભક્તોએ ધન્યતાની અનુભૂતિ કરી હતી.

રાજકોટ મોચી જ્ઞાતિ કર્મચારી પ્રગતિ મંડળ આયોજિત 'રંગોળી સ્પર્ધા' ના વિજેતાઓ જાહેર

રાજકોટ :શ્રી રાજકોટ મોચી જ્ઞાતિ કર્મચારી પ્રગતિ મંડળ દ્વારા મહિલા વર્ગ માટે આયોજિત 'રંગોળી સ્પર્ધા'નું તા. ૨૫-૧૦-૨૦૨૬, રવિવારના રોજ 'લાલ ભવન' ખાતે ભવ્ય સફળતા સાથે આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં જુનિયર અને સિનિયર એમ બંને ગ્રુપમાં ૬૦ જેટલી મહિલા સ્પર્ધકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.સ્પર્ધાના વિજેતાઓ ચૌહાણ પ્રિયાંશી,ચુડાસમા ફોરમ, ઝાલા પ્રિયાંશી,નાગર પ્રિયંકા,પરમાર દિવ્યા, ચુડાસમા દિપાલી,વાળા અંકિતા બન્યા હતા.બંને ગ્રુપના વિજેતાઓને સુંદર અને ઉપયોગી ઈનામો આપી અભિનંદિત તથા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.



સૂર્ય પૂજા સેવા સમિતિ-રાજકોટ દ્વારા તા. ૧૫ તથા ૧૬ના છઠ્ઠ પૂજા મહોત્સવ ભવ્ય રીતે ઉજવાશે

રાજકોટ

સૂર્યપૂજા સેવા સમિતિ રાજકોટ દ્વારા દર વર્ષની પરંપરા જાળવી આ વર્ષે પણ છઠ્ઠ પૂજાના પાવન મહાપર્વની ભવ્ય ઉજવણીનું આયોજન તા.૧૫ તથા ૧૬ના આજીડેમ ખાતે કરવામાં આવેલ છે. છઠ્ઠ પૂજા એ ભારતીય સંસ્કૃતિ, આસ્થા, શ્રધ્ધા અને પ્રકૃતિ પ્રત્યેની કૃતજ્ઞતા વ્યકત કરતું અત્યંત પવિત્ર મહાપર્વ છે. આ પર્વમાં ભગવાન સૂર્ય નારાયણ અને છઠ્ઠી માતાની ઉપાસના કરવામાં આવે છે. સૂર્યદેવ જીવન, ઉર્જા, આરોગ્ય અને સમૃધ્ધિના પ્રતીક છે. આ પર્વ નિમિતે વ્રતધારીઓ દ્વારા કઠીન નિર્જળ ઉપવાસ રાખી જળાશયના કિનારે ઉભા રહી આસ્તાચળ અને ઉદયમાન સૂર્યદેવને અર્ધ્ય અર્પણ કરવામાં આવે છે.

પરિવારની સુખ સમૃધ્ધિ,



સંતાનના સુખી જીવન, સારા સ્વાસ્થ્ય અને સમગ્ર સમાજના કલ્યાણ માટે પ્રાર્થના કરવામાં આવે છે. ખાસ કરીને ઉતરપ્રદેશ, બિહાર, ઝારખંડ તેમજ અન્ય હિન્દીભાષી સમાજના ભાઈ બહેનો આ પર્વને અત્યંત શ્રધ્ધા, પવિત્રતા, ભકિતભાવ સાથે ઉજવે છે. છઠ્ઠ પૂજા માત્ર ધાર્મિક તહેવાર જ નહીં પરંતુ સામાજીક એકતા ભાઈચારો સંસ્કૃતિ અને પરંપરાનું પ્રતીક છે.

મહોત્સવના કાર્યક્રમની વિગતો તા.૧૫/૧૧ રવિવાર બપોરે ૩થી સાંજે ૭ સુધી તા.૧૬ના સવારે પથી ૮ કલાક સુધી. આ બંને દિવસ દરમ્યાન સમાજના તમામ ભાઈ બહેનો એકત્રીત થઈ છઠ્ઠી માતાની પૂજા અર્ચના કરશે તથા હસ્તાચળ અને ઉદયમાન સૂર્યદેવને અર્ઘ્ય અર્પણ કરી પરીવાર અને સમાજની સુખ શાંતિ, સમૃધ્ધિ કલ્યાણ માટે પ્રાર્થના કરશે.

આ મહોત્સવને સફળ બનાવવા માટે સમિતિના કાર્યકર્તાઓ ઘ્યામ મિશ્રા, વિકાસ પંડીતજી, કૃષ્ણ ગુપ્તા, રાજુ શર્મા, રાજુ જાયસવાલ, શૈલેષસિંહ, અનિલ યાદવ, રાકેશસિંહ, સુધીર ઠાકુર અને દેવેન્દ્ર યાદવ સહિતના કાર્યકર્તાઓ ભારે જહેમત ઉઠાવી રહ્યા છે. આ પાવન અને ભવ્ય મહાપર્વમાં ઉત્સાહપૂર્વક જોડાઈ છઠ્ઠી માતાના દર્શન, પૂજાનો લાભ લેવા રાજકોટના ધર્મપ્રેમી નાગરીકો, સમાજ આગેવાનો, ભાઈ બહેનોને સૂર્યપૂજા સેવા સમિતિ રાજકોટ તરફથી હાર્દિક આમંત્રણ પાઠવાયું છે.

શ્રી રઘુવંશી યુવા મિત્ર મંડળ દ્વારા ૨૭મો શ્રી જલારામ જયંતી મહોત્સવ અને ભક્તિ સંગીત સંધ્યાનું ભવ્ય આયોજન

૩૦૦૦થી ૫૦૦૦ જેટલા ભાવિક ભક્તો મહાપ્રસાદનો લાભ લેશે

રાજકોટ

સૌરાષ્ટ્રના સંત શિરોમણી પરમ વંદનીય, પરમ પૂજ્ય શ્રી જલારામ બાપાની ૨૨૭મી જન્મજયંતી નિમિત્તે શ્રી રઘુવંશી યુવા મિત્ર મંડળ - નવાગામ (આણંદપર), રાજકોટ દ્વારા ૨૭મા શ્રી જલારામ જયંતી મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.આ ધાર્મિક મહોત્સવ આગામી તા. ૧૬/૧૧/૨૦૨૬ ને સોમવારના રોજ નવાગામ (આણંદપર), તળાવ રોડ પર આવેલી 'શ્રી વેલનાથ બાપુની જગ્યા' ખાતે યોજાનાર છે.મહોત્સવ અંતર્ગત વિવિધ ધાર્મિક કાર્યક્રમો જેમાં બપોરે મહાઆરતી ૧:૦૦ કલાકે, સાંજે ૬:૩૦ કલાકે: લાઈવ ભક્તિ સંગીત સંધ્યા, રાત્રે ૭:૦૦ કલાકે સર્વે જલારામ ભક્તો તથા ગ્રામજનો માટે મહાપ્રસાદ રાખેલ છે. મહોત્સવને વધુ આકર્ષક



બનાવવા માટે આ વર્ષે વિશેષ રૂપે લાઈવ ભક્તિ સંગીતના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સંગીત સંધ્યા સંયોજક તરીકે ડો. હિતેશ પોપટ, ઓર્ગેનાઈઝર અને એન્કર તરીકે રક્ષાબેન જોશી, તથા એન્કર મનોજભાઈ નથવાણી ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત, જાણીતા સિંગર જિગીષાબેન રાવલ અને એચ. કે. લીયા પોતાના મધુર કંઠથી ભક્તોને મંત્રમુગ્ધ કરશે.

શ્રી રઘુવંશી મિત્રમંડળની સ્થાપના ભરતભાઈ વસંત, અશ્વિનભાઈ વિઠ્ઠલાણી, ડો. હિતેશ પોપટ, સુરેશભાઈ બુદ્ધદેવ, દિલીપભાઈ બુદ્ધદેવ, વિજયભાઈ બુદ્ધદેવ અને ભાવેશભાઈ ખાખરીયા દ્વારા કરવામાં આવી છે. આ પાયાના કાર્યોમાં સ્વ. પ્રફુલભાઈ રાયઠઠા, સ્વ. મનુભાઈ ચંદારાણા, સ્વ. લલિતભાઈ રાચ્છ, સ્વ. કાંતિભાઈ રાચ્છ, સ્વ. હિતેશભાઈ બુદ્ધદેવ અને સ્વ. દીપકભાઈ બુદ્ધદેવનો પણ અમૂલ્ય સહકાર રહેલો છે.દર વર્ષે આ મહોત્સવમાં ૩૦૦૦ થી ૫૦૦૦ જેટલા ભાવિક ભક્તો મહાપ્રસાદનો લાભ લે છે.

અવસાન નોંધ — બેસણું

રાજકોટ : વાંકાનેર નિવાસી હાલ રાજકોટ, સ્થાનકવાસી જૈન સ્વ. હીરાલાલ કસલચંદ પટેલના પૌત્ર તથા એડવોકેટ રાજેશભાઈ હીરાલાલ પટેલના પુત્ર રચિત (ઉ.વ.૨૩)નું. તા. ૨ ના અમદાવાદ ખાતે દુઃખદ અવસાન થયું છે. સ્વ. રચિત પટેલ, જાણીતા એડવોકેટ અને કાઠિયાવાડ નિરાશ્રિત બાલાશ્રમના ઉપપ્રમુખ ચંદ્રકાંતભાઈ એચ. પટેલ તેમજ એડવોકેટ બીનેશભાઈ પટેલ, હરેશભાઈ, ધીરજલાલ તથા મુકેશભાઈના ભત્રીજા તથા વાંકાનેર નિવાસી ગૌતમભાઈ તથા વિપુલભાઈ હસમુખભાઈ મગીયાના ભાણેજ થાય. સદગતનું



બેસણું તા. ૫ ને ગુરુવારે, સવારે ૧૦ થી ૧૧.૩૦, તેમના નિવાસસ્થાન, નંદવિહાર, સાધુ વાસવાણી રોડ, શાક માર્કેટ સામે, રાજકોટ ખાતે રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

ભૂદેવ સેવા સમિતિ દ્વારા નૂતન વર્ષની પૂર્વ સંધ્યાએ કેલેન્ડર વિમોચન

રાજકોટ

ભૂદેવ સેવા સમિતિ દ્વારા સતત ચૌદમાં વર્ષે નૂતન વર્ષની પૂર્વસંધ્યાએ કેલેન્ડર વિમોચન વિધિનું આયોજન કરવામાં આવ્યું હતું. સમાજમાં એકતા, સંવાદ અને સેવા ભાવના મજબૂત બને તે હેતુસર યોજાયેલ આ કાર્યક્રમમાં બ્રાહ્મણ સમાજના અગ્રણીઓ, તડગોળના પ્રમુખ-ઉપપ્રમુખ તથા શહેરના પ્રતિષ્ઠિત વ્યક્તિઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે ગુજરાત પ્રદેશ ભા.જ.પ.ના મહામંત્રી અને માંડવીના લોકપ્રિય ધારાસભ્ય અનિરૂધ્ધભાઈ દવે, પ્રદેશ ભાજપ



અગ્રણી નીતિનભાઈ ભારદ્વાજ, રાજકોટ શહેર ભા.જ.પ. પ્રમુખ ડો. માધવ દવે, સૌરાષ્ટ્ર-કચ્છના ખ્યાતનામ સીનીયર ન્યુરો સર્જન ડો. હેમાંગ વસાવડા, શ્રીમાળી બ્રહ્મસમાજના ટ્રસ્ટી હરીશભાઈ ત્રિવેદી અને કમલેશભાઈ ત્રિવેદી, હડીયાળા ચોવીસી બ્રહ્મસમાજના વિકીભાઈ ઠાકર, હળવદ બ્રહ્મસમાજના દિલીપભાઈ જાની, પરશુ બ્રહ્મયુવા ગ્રુપના પ્રમુખ-એડવોકેટ મોનિશ જોશી ઉપસ્થિત રહ્યા હતા.

રાજકોટના સંજયનગર વિસ્તારમાંથી ગુમ યુવતીની ભાળ આપવા અંગે

રાજકોટ

રાજકોટ શહેરના કોઠારીયા રોડ પર પાવર હાઉસ પાછળ આવેલા સંજયનગર શેરી નં.-૨ ખાતે રહેતાં ૨૮ વર્ષીય ભાવિશાબેન રોહીતભાઈ ઓતરાકી ગત તા. ૨૨ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ બપોરે આશરે ૧:૨૫ વાગ્યાના અરસામાં કોઈને કહ્યા વગર પોતાના ઘરેથી ક્યાંક નીકળી ગયેલ છે.તેઓ શરીરે મધ્યમ બાંધો, આશરે ૫.૨ ફૂટ ઊંચાઈ, ઘઉંવર્ણ રંગ ધરાવે છે તથા તેમના જમણા હાથે મોરપીંછ ત્રોફાવેલું છે અને ગુમ થયા સમયે લાલ કલરનો ડ્રેસ પહેરેલ છે.આ વર્ણનવાળી યુવતી બાબતે કોઈને પણ જાણકારી કે ભાળ મળે તો તુરંત જ આજીડેમ પોલીસ સ્ટેશન, રાજકોટ શહેર ફોન નં. ૭૪૩૩૮ ૧૪૮૦૮ અથવા તપાસ અમલદાર એ.જે. રાણા (અ.હે.કો.) મો. નં. ૯૪૨૮૨ ૫૭૩૯૭ પર સંપર્ક કરવા આજીડેમ પોલીસ સ્ટેશનની યાદીમાં જણાવાયું છે.

યુએસ મધ્યવર્તી ચૂંટણી : ઈરાન યુદ્ધથી લઈને ફુગાવા સુધીના મુદ્દાઓએ રાજકીય રમતને ફેરવી દીધી

ડોનાલ્ડ ટ્રમ્પ અને રિપબ્લિકન પાર્ટીની હાર પાછળ છ મુખ્ય કારણો ઉભરી આવ્યા



વોશિંગ્ટન,

૨૦૨૬ ની મધ્યસત્ર ચૂંટણીઓ યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ માટે એક મોટો રાજકીય આંચકો હતો. રિપબ્લિકન પાર્ટી, જેના બળ પર ટ્રમ્પ તેમની નીતિઓ અને રાજકીય કાર્યસૂચિને આગળ ધપાવી રહ્યા હતા, તેને આ વખતે મતદારો દ્વારા મોટો ફટકો પડ્યો છે. ડેમોક્રેટિક પાર્ટીએ યુએસ કોંગ્રેસના બંને ગૃહો, સેનેટ અને હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં બહુમતી મેળવી. આ જીત સાથે, ડેમોક્રેટ્સે માત્ર અમેરિકન રાજકારણની ગતિશીલતા જ બદલી નથી, પરંતુ ટ્રમ્પના બાકીના કાર્યકાળ માટે મુશ્કેલીઓ પણ વધારી છે.

રોઇટર્સ અને એસોસિએટેડ પ્રેસના ચૂંટણી અહેવાલો અનુસાર, ફુગાવો, ઈરાન યુદ્ધ, વધતી કિંમતો અને સરકારના કામકાજ પ્રત્યે અસંતોષ આ ચૂંટણીમાં મુખ્ય મુદ્દાઓ હતા. ટ્રમ્પે રિપબ્લિકન ઉમેદવારોના સમર્થનમાં અસંખ્ય રેલીઓ યોજી હતી અને તેમના સમર્થકોને તેમને મત આપવા અપીલ કરી હતી જાણે કે તેઓ પોતે ચૂંટણી લડી રહ્યા હોય. આ છતાં, પાર્ટી અપેક્ષિત સફળતા પ્રાપ્ત કરવામાં નિષ્ફળ ગઈ.

ઈરાન યુદ્ધને ટ્રમ્પની ચૂંટણી મુશ્કેલીઓનું સૌથી મોટું કારણ માનવામાં આવી રહ્યું છે. અમેરિકન મતદારોના એક મોટા વર્ગે આ લશ્કરી કાર્યવાહી અને તેના લાંબા સ્વભાવથી નારાજગી વ્યક્ત કરી હતી. ટ્રમ્પ વહીવટીતંત્ર યુએસ વિદેશ નીતિમાં સ્થિરતા લાવશે તેવી અપેક્ષા હતી, પરંતુ ઈરાન સાથે વધતા સંઘર્ષથી અમેરિકન રાજકારણ અને અર્થતંત્ર બંને પર દબાણ વધ્યું. મેસેચ્યુસેટ્સ એમ્હર્સ્ટ યુનિવર્સિટી દ્વારા ઓગસ્ટ ૨૦૨૬ ના સર્વેમાં, ૬૮ ટકા ઉત્તરદાતાઓએ ટ્રમ્પ દ્વારા ઈરાન યુદ્ધના સંચાલનને નાપસંદ કર્યું હતું, જ્યારે ૫૪ ટકા લોકોએ ઈરાનમાં યુએસ લશ્કરી કાર્યવાહીનો વિરોધ કર્યો હતો.

આ મુદ્દાની અસર ફક્ત વિદેશ નીતિ સુધી મર્યાદિત નહોતી. યુદ્ધે ઉર્જા બજારમાં અનિશ્ચિતતા વધારી, અને સામાન્ય અમેરિકનોએ પણ તેની આર્થિક અસર અનુભવી. ડેમોક્રેટ્સે ચૂંટણી પ્રચાર દરમિયાન આ મુદ્દો ઉઠાવ્યો હતો, ટ્રમ્પ વહીવટીતંત્રની નીતિઓ પર સવાલ ઉઠાવ્યા હતા. આમ, ઈરાન યુદ્ધ રિપબ્લિકન પાર્ટી માટે રાજકીય બોજ બની ગયું. ઈરાન યુદ્ધની બીજી મોટી અસર તેલ અને ગેસના ભાવ પર પડી. પેટ્રોલના ભાવ હંમેશા યુએસમાં સામાન્ય નાગરિકો માટે મુખ્ય ચૂંટણી મુદ્દો રહ્યા છે. મોટી સંખ્યામાં લોકો દરરોજ કાર દ્વારા કામ પર જાય છે. તેથી, પેટ્રોલના વધતા ભાવ તેમના માસિક બજેટ પર સીધી અસર કરે છે.

ઊર્જા સુરક્ષા માટે મંત્રીમંડળે ૧૭,૩૧૪ કરોડ રૂપિયાની બે યોજનાઓને મંજૂરી આપી

લિથિયમ અને નિકલ જેવા મહત્વપૂર્ણ ખનિજોની પ્રક્રિયાને પ્રોત્સાહન આપવા માટે ૨,૮૧૪ કરોડ રૂપિયાની યોજનાને પણ મળી લીલીઝંડી

નવીદિલ્હી,

કેન્દ્રીય કેબિનેટે બુધવારે દેશની ઉર્જા સુરક્ષા અને આત્મનિર્ભરતાને વેગ આપવા માટે બે મહત્વપૂર્ણ યોજનાઓને મંજૂરી આપી. આમાં ૯૨ જીડબ્લ્યુએચ ગ્રીડ-સ્કેલ ઊર્જા સંગ્રહ પ્રણાલીઓ માટે ૧૪,૫૦૦ કરોડ રૂપિયાનું વાયેબિલિટી ગેપ ફંડિંગનો સમાવેશ થાય છે. વધુમાં, લિથિયમ અને નિકલ જેવા મહત્વપૂર્ણ ખનિજોના પ્રક્રિયાને પ્રોત્સાહન આપવા માટે ૨,૮૧૪ કરોડ રૂપિયાની યોજનાને પણ લીલીઝંડી મળી છે.

આ બે યોજનાઓ માટે કુલ ૧૭,૩૧૪ કરોડ રૂપિયાની રકમને મંજૂરી આપવામાં આવી છે. આ નિર્ણયો વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટની બેઠકમાં લેવામાં આવ્યા હતા. માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે મીડિયાને આ નિર્ણયો વિશે માહિતી આપી. ઊર્જા સંગ્રહ યોજના નાણાકીય વર્ષ ૨૦૨૭ અને નાણાકીય વર્ષ ૨૦૩૧ વચ્ચે લાગુ કરવામાં આવશે. આનાથી ભારતને ૨૦૩૦ સુધીમાં ૫૦૦ ગ્ઘ નવીનીકરણીય ઊર્જાના મહત્વાકાંક્ષી લક્ષ્યાંક પ્રાપ્ત કરવામાં મદદ મળશે. આ વિકાસ ભારત માટે મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

આ યોજનાનો હેતુ ત્રણ તકનીકોમાં ૯૨ જીડબ્લ્યુએચ સંગ્રહ ક્ષમતા વિકસાવવાનો છે. આમાં બેટરી ઊર્જા સંગ્રહ પ્રણાલીઓ (૩૦ જીડબ્લુએચ)નો સમાવેશ થાય છે. પમ્પ્ડ સ્ટોરેજ પ્રોજેક્ટ્સ (૬૦ જીડબ્લુએચ) પણ આ યોજનાનો ભાગ છે. ઉભરતી સંગ્રહ તકનીકો (૨ જીડબ્લુએચ) પણ વિકસાવવામાં આવશે. આ યોજના ૨૦૩૦-૩૧ સુધી પાંચ વર્ષમાં અમલમાં મૂકવામાં આવશે.

પંજાબના ૮ લાખ કર્મચારીઓ માટે દિવાળી ભેટ: મોંઘવારી ભથ્થામાં ૫૩%નો વધારો

ચંડીગઢ,

પંજાબ સરકારી કર્મચારીઓ અને પેન્શનરો માટે દિવાળીનો તહેવાર ખાસ બનવાનો છે. મુખ્યમંત્રી ભગવંત માનએ કર્મચારીઓના મોંઘવારી ભથ્થા (ડીએ) માં ૩% નો વધારો કરવાની જાહેરાત કરી છે. આ સાથે, રાજ્યના કર્મચારીઓના કુલ મોંઘવારી ભથ્થામાં ૫૩%નો વધારો થયો છે. પંજાબમાં લગભગ ૮ લાખ કર્મચારીઓ અને પેન્શનરોને સીધો લાભ મળશે. આનો અર્થ એ થયો કે આ નિર્ણય રાજ્યના આશરે ૮૦૦,૦૦૦ પરિવારોને આર્થિક સહાય પૂરી પાડશે. આ નિર્ણય રાજ્યની તિજોરી પર નાણાકીય બોજ ચોક્કસપણે વધારશે, પરંતુ મોંઘવારીના આ યુગમાં કર્મચારીઓને નોંધપાત્ર રાહત આપશે.

મુખ્યમંત્રી ભગવંત માને જણાવ્યું હતું કે સરકાર ૩% ડીએ હમો જારી કરી રહી છે. તહેવારોની મોસમને ધ્યાનમાં રાખીને કુલ ૩,૯૮૮ કરોડ કર્મચારીઓના ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવશે. તેમણે જણાવ્યું હતું કે રાજ્ય સરકાર કર્મચારીઓના કલ્યાણ માટે, તેમના જીવનધોરણમાં સુધારો કરવા અને તેમને સંપૂર્ણ ઉત્સાહ સાથે તહેવારોનો આનંદ માણવા માટે સક્ષમ બનાવવા માટે સતત પગલાં લઈ રહી છે.

મુખ્યમંત્રીએ એ પણ માહિતી આપી હતી કે વર્તમાન સરકારના કાર્યકાળ દરમિયાન, પંજાબ સરકારી કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં કુલ ૧૧% વધારો કરવામાં આવ્યો છે. ૩% હમો જારી થતાં, પંજાબમાં ડીએનો આંકડો હવે ૫૩% પર પહોંચી ગયો છે.

૨૫ ટકા અગ્નિવીરો નિયમિત સૈનિક બનશે, સેવાનો સમયગાળો ચારથી વધારીને છ વર્ષ કરવામાં આવ્યો

અગ્નિવીરોને તેમની ઇચ્છા અને ઉદ્દેશ્ય પસંદગીના માપદંડોના આધારે સશસ્ત્ર દળોમાં નિયમિત સૈનિકો તરીકે જોડાવાની તક આપવામાં આવશે



નવીદિલ્હી,

દિવાળી પહેલા, મોદી સરકારે એક મોટો નિર્ણય લીધો છે. ૨૫ ટકા અગ્નિવીરો નિયમિત સૈનિક બનશે. વધુમાં, એવા સમાચાર છે કે અગ્નિવીરોનો સેવાકાળ બે વર્ષ માટે લંબાવવામાં આવ્યો છે. અગ્નિવીરોનો સેવાકાળ ચારથી વધારીને છ વર્ષ કરવામાં આવ્યો છે. ૭૫ ટકા અગ્નિવીરો છ વર્ષ સુધી સેનામાં રહેશે. ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ એનએસ રાજા સુબ્રમણીએ આ માહિતી આપી.

તેમણે કહ્યું, "આજનો દિવસ ભારતીય સંરક્ષણ દળો અને આપણા અગ્નિવીરો માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. આજે, કેબિનેટે બધા અગ્નિવીરોને ભારતીય સંરક્ષણ દળોમાં સમાવિષ્ટ કરવા માટે એક માર્ગ બનાવ્યો છે. હું પહેલા તેના મુખ્ય મુદ્દાઓની રૂપરેખા આપીશ, અને પછી હું આ જાહેરાત પર વિગતવાર ચર્ચા કરીશ. જેમ તમે જાણો છો, અગ્નિપથ યોજના ૧૪ જૂન, ૨૦૨૨ ના રોજ રજૂ કરવામાં આવી હતી. તે સમયે, એવું પણ નક્કી કરવામાં આવ્યું હતું કે અમે અગ્નિવીરોનું સતત પ્રદર્શન મૂલ્યાંકન કરીશું અને સમયાંતરે યોજનાની સમીક્ષા કરીશું. અગ્નિવીરોની પ્રથમ બેચ તેમના ચાર વર્ષ પૂર્ણ કરવા જઈ રહી છે. આ ચાર વર્ષ દરમિયાન, અમે કરેલા પ્રદર્શન મૂલ્યાંકન દરમિયાન અમને તેમના પ્રદર્શન પર ખૂબ જ સકારાત્મક પ્રતિસાદ મળ્યો છે."

ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ એનએસ રાજા સુબ્રમણીએ જણાવ્યું હતું કે, "જેમ તમે જાણો છો, ૨૫% અગ્નિવીરોને યોગ્યતાના આધારે નિયમિત દળોમાં નોંધણી કરાવવામાં આવશે. અગાઉ, ૭૫% અગ્નિવીરોને શિસ્તબદ્ધ અને પ્રેરિત યુવાનો તરીકે સમાજમાંથી બહાર નીકળવાનું હતું. જો કે, આ યોજના હેઠળ, બાકીના ૭૫% લોકોને બે વર્ષનો બીજો સગાઈનો સમયગાળો આપવામાં આવશે. એકવાર તેઓ આ બે વર્ષનો સગાઈનો સમયગાળો પૂર્ણ કરી લેશે, પછી બાકીના બધા અગ્નિવીરોને સશસ્ત્ર દળોમાં નોંધણી કરાવવામાં આવશે, જે ઉદ્દેશ્ય પસંદગીના માપદંડોને આધીન રહેશે.

એન્ટી-એરક્રાફ્ટ સુવિધા પર સચોટ પ્રહાર : ઈરાન પર અમેરિકી હુમલાની ટ્રમ્પે પુષ્ટિ કરી

વોશિંગ્ટન,

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મીડિયા સુત્રો સાથેની ટેલિફોનિક મુલાકાતમાં જણાવ્યું હતું કે યુનાઈટેડ સ્ટેટ્સે ઈરાન પર હુમલા કર્યા છે. હોર્મુઝની સામુદ્રધુનીમાં આવેલા કેશમ ટાપુ પર યુએસ સૈન્ય દ્વારા મર્યાદિત અને રક્ષણાત્મક હુમલા કરવામાં આવ્યા હોવાના અહેવાલો બાદ, ટ્રમ્પે પોતે આ "નાના હુમલા"ની પુષ્ટિ કરી છે.

'ફોક્સ એન્ડ ફ્રેન્ડ્સ' શોમાં ટ્રમ્પે કહ્યું, "તેમણે વિમાન-વિરોધી (એન્ટી-એરક્રાફ્ટ) સુવિધા બનાવી હતી... જેવી તે પૂર્ણ થઈ, અમે ગઈકાલે રાત્રે તેના પર જોરદાર પ્રહાર કર્યો."

મધ્યસત્ર ચૂંટણી (મિડટર્મ્સ) પછીની યોજનાઓ વિશે પૂછવામાં આવતા, ટ્રમ્પે કહ્યું કે તેઓ "ઘણા લોકોને મારી નાખવા માંગતા નથી, પરંતુ જો તેમ કરવું પડે, તો અમે કરીશું." મીડિયા સુત્રોએ સૌપ્રથમ કેશમ ટાપુ પર થયેલા આ 'ગુપ્ત' હુમલા વિશે અહેવાલ આપ્યો હતો, જે મર્યાદિત સ્વરૂપનો જણાતો હતો.

યુએસ અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ તાજેતરનો હુમલો રક્ષણાત્મક હતો. તેનો ઉદ્દેશ્ય ઈરાનને હોર્મુઝની સામુદ્રધુનીમાં વ્યાપારી જહાજો પર હુમલો કરવાની સ્વતંત્રતા મળતી અટકાવવાનો હતો. હોર્મુઝની સામુદ્રધુની તેલના પરિવહન માટેનો એક મુખ્ય માર્ગ છે, જે ફેબ્રુઆરીના અંતમાં યુદ્ધ શરૂ થયા ત્યારથી મોટાભાગે બંધ (અવરોધિત) છે.

દરમિયાન, ઈરાનના સરકારી મીડિયા આઉટલેટ 'IRNA'એ અહેવાલ આપ્યો છે કે ટાપુ પર એક પછી એક પાંચ વિસ્ફોટો સંભળાયા હતા અને કેટલાક રહેવાસીઓએ આકાશમાં બે વિમાનો ઉડતા જોયા હોવાનું જણાવ્યું હતું.

લદ્દાખ પ્રશાસને સોનમ વાંગચુકની શાળાને નોટિસ ફટકારી, વર્ગ પ્રવૃત્તિઓ સ્થગિત કરવાનો આદેશ આપ્યો

લદ્દાખ,

લદ્દાખ પ્રશાસને સોનમ વાંગચુક દ્વારા સ્થાપિત હિમાલયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઓલ્ટરનેટિવ્સ ને હાઈકોર્ટનો અંતિમ નિર્ણય ન આવે ત્યાં સુધી તેની "ઝઅર્ટ ફ્લાવર સ્કૂલ" માં બધી પ્રવૃત્તિઓ સ્થગિત કરવાનો નિર્દેશ આપ્યો છે.એચઆઈએએલના સહ-સ્થાપક અને સીઈઓ ગીતાંજલી જે. ના જણાવ્યા અનુસાર, લેહમાં તહસીલદારની ઓફિસ દ્વારા આ આદેશ જારી કરવામાં આવ્યો હતો. આ નોટિસ ૧ નવેમ્બરના રોજ એંગ્મોને સંબોધિત નોટિસ દ્વારા જારી કરવામાં આવી હતી.

અંગમો સોનમ વાંગચુકની પત્ની છે. નોટિસ અનુસાર, વહીવટીતંત્રને માહિતી મળી હતી કે લેહના ફ્યાંગમાં ડેઝર્ટ ફ્લાવર સ્કૂલમાં સક્ષમ અધિકારીઓ પાસેથી જરૂરી સંમતિ, મંજૂરી અથવા મંજૂરી મેળવ્યા વિના વર્ગોઅને અન્ય પ્રવૃત્તિઓ શરૂ કરવામાં આવી હતી. તેમાં ૨૨ સપ્ટેમ્બરના એક પત્રનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો, જેના દ્વારા એંગ્મોએ શાળાના સંચાલન સમિતિના પ્રસ્તાવિત સભ્યો માટે 'નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ' માંગ્યું હતું. શાળા એચઆઈએએલ મિકેનિઝમ હેઠળ કાર્ય કરે છે.

વહીવટીતંત્રે જણાવ્યું હતું કે એચઆઈએએલ સંબંધિત એક કેસ હાલમાં જમ્મુ અને કાશ્મીર અને લદ્દાખ હાઈકોર્ટ સમક્ષ પેન્ડિંગ છે. નોટિસમાં જણાવાયું છે કે પેન્ડિંગ ન્યાયિક કાર્યવાહીને ધ્યાનમાં રાખીને, તહસીલદારે એચઆઈએએલ અને એંગ્મોને સલાહ આપી છે કે જ્યાં સુધી હાઈકોર્ટ આ બાબતે અંતિમ નિર્ણય ન આપે અથવા વધુ સૂચનાઓ ન આપે ત્યાં સુધી શાળાના સંચાલન અથવા પ્રવૃત્તિઓ ફરી શરૂ કરવા અંગે કોઈ પગલાં ન લે. તે યથાસ્થિતિને કડક રીતે જાળવવાનું પણ કહે છે અને હાઈકોર્ટ સમક્ષ પેન્ડિંગ કેસને અસર કરી શકે તેવી કોઈપણ કાર્યવાહી કરવા સામે ચેતવણી આપે છે.

લદ્દાખ વહીવટીતંત્રે ઓગસ્ટ ૨૦૨૫ માં એચઆઈએએલને જમીન ફાળવણી રદ કરી. સંસ્થાએ આ નિર્ણયને જમ્મુ અને કાશ્મીર અને લદ્દાખ હાઈકોર્ટમાં પડકાર્યો. આ મામલે સુનાવણી અને કાનૂની કાર્યવાહી હજુ પણ ચાલુ છે. આને ધ્યાનમાં રાખીને, વહીવટીતંત્રે શાળાની પ્રવૃત્તિઓ પર રોક લગાવવાનો આદેશ આપ્યો છે.

હાઈ-સ્પીડ ટ્રેન અકસ્માતમાં ૬૯ લોકોના મોત બાદ સ્પેનના પરિવહન મંત્રીએ રાજીનામું આપ્યું

કાયદા ઘડનારાઓ સમક્ષ કલાકો સુધી ચાલેલી સુનાવણીના અંતે પરિવહન મંત્રીએ કરી જાહેરાત

મેડ્રિડ,

સ્પેનના પરિવહન મંત્રીએ મંગળવારે રાજીનામું આપવાની જાહેરાત કરી હતી. મેડ્રિડની દક્ષિણમાં એક હાઈ-સ્પીડ ટ્રેન અકસ્માતમાં ૬૯ લોકોના મોત થયાના છ દિવસ પછી આ જાહેરાત કરવામાં આવી છે. કાયદા ઘડનારાઓ સમક્ષ કલાકો સુધી ચાલેલી સુનાવણીના અંતે પરિવહન મંત્રી ઓસ્કર પુએન્ટેએ આ જાહેરાત કરી હતી. એ નોંધવું જોઈએ કે આ અકસ્માત આ વર્ષે સ્પેનના વિશાળ હાઈ-સ્પીડ રેલ નેટવર્ક પર આવો બીજો જીવલેણ અકસ્માત હતો.

ઓસ્કર પુએન્ટેએ કાયદા ઘડનારાઓને કહ્યું, "સ્પેન જેવા દેશમાં, એક વર્ષથી ઓછા સમયમાં બે અકસ્માતો પછી પરિવહન મંત્રી પદ પર રહી શકતા નથી. આ રાજકીય ગૌરવ અને પીડિતો પ્રત્યે સહાનુભૂતિનો પ્રશ્ન છે." ૨૮ ઓક્ટોબરના રોજ અકસ્માત થયો હતો જ્યારે એક હાઈ-સ્પીડ ટ્રેન પાટા પર ઉભી રહેલી બીજી ટ્રેન સાથે અથડાઈ હતી. આ અકસ્માત ત્યારે શરૂ થયો જ્યારે મેડ્રિડ-સેવિલે લાઈન પર સલામતી માટે મહત્વપૂર્ણ સંચાર પ્રણાલી નિષ્ફળ ગઈ. મેડ્રિડમાં સેન્ટ્રલ કંટ્રોલર્સે કબજો સંભાળ્યો અને એક ટ્રેનને આગળ વધવા દીધી, જોકે બીજી ટ્રેન પહેલેથી જ સ્થિર હતી.

કોંગ્રેસના નેતાઓ પક્ષમાં એકતા જાળવી રાખે તો પંજાબમાં જીત મળવી સંભવ : મલ્લિકાર્જુન ખડગે

કોંગ્રેસે પંજાબના સંગરુરમાં "ઇન્સાફ રેલી" સાથે ચૂંટણીનું બ્યુગલ વગાડ્યું

ચંડીગઢ,

કોંગ્રેસે પંજાબના સંગરુરમાં "ઇન્સાફ રેલી" સાથે ચૂંટણીનું બ્યુગલ વગાડ્યું છે. કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે પણ રાહુલ ગાંધી સાથે રેલીમાં હાજર રહ્યા હતા. રેલી દરમિયાન, મલ્લિકાર્જુન ખડગેએ આમ આદમી પાર્ટી, અકાલી દળ અને ભાજપ પર આકરા પ્રહારો કર્યા. ખડગેએ કહ્યું, "આજનો દિવસ આપણા માટે ખૂબ જ શુભ દિવસ છે. આપણે સંગરુરથી ચૂંટણી પ્રચાર શરૂ કરી રહ્યા છીએ. આજે બધા કોંગ્રેસના નેતાઓ એક મંચ પર બેઠા છે. આજે તમે જે એકતા જુઓ છો તે જાળવી રાખવાની જરૂર છે. વિજય અહીંથી શરૂ થવો જોઈએ, અને તેને



પ્રાપ્ત કરવા માટે, આપણે બધાએ એક રહેવું જોઈએ."

તેમણે આગળ કહ્યું, "જેમ રાહુલ ગાંધીએ તાજેતરમાં રામલીલા મેદાનમાં લાખો લોકોને ભેગા કરીને મત ચોરીનો મુદ્દો ઉઠાવ્યો હતો. તેમણે તમામ પક્ષોને બોલાવીને આ સરકારને જાગૃત કરી હતી કે મત ચોરી થઈ છે અને આ સરકાર મત ચોરી કરતી સરકાર ચલાવી રહી છે. હું વિનંતી કરવા આવ્યો છું કે જો આપણે પંજાબ જીતીશું, તો આપણે આખું ભારત જીતીશું, આ મારો દાવો છે. વિજય અહીંથી શરૂ થવો જોઈએ, અને બધાએ સાથે ઊભા રહેવું જોઈએ. હું પંજાબના લોકોને સલામ કરું છું."

આમ આદમી પાર્ટીની સરકાર પર પ્રહાર કરતા ખડગેએ કહ્યું, "તમે લોકોએ તેમને મત આપ્યા અને તેમને સરકાર બનાવી, પરંતુ તેમણે તમારી સાથે દગો કર્યો." તેમણે આમ આદમી પાર્ટીની સરકારને ડ્રગ્સથી ભરેલી સરકાર ગણાવી. તેમણે કહ્યું કે આ સરકારે યુવાનો અને ખેડૂતોને બરબાદ કરી દીધા છે.

ઇન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ અને અન્ય અનેક અગ્રણી વ્યક્તિઓના ફોન ટેપ કરવાના આરોપમાં ત્રણ પોલીસ જનરલોની ધરપકડ

અધિકારીઓ પર પરવાનગી વિના સંદેશાવ્યવહાર અટકાવવા, ઇલેક્ટ્રોનિક સિસ્ટમ્સમાં અનધિકૃત ઍક્સેસ અને ડિજિટલ ડેટા ભૂંસી નાખવાનો આરોપ

જકાર્તા,

ઇન્ડોનેશિયાની પોલીસે જાહેરાત કરી હતી કે રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાન્ટો અને અન્ય અનેક અગ્રણી વ્યક્તિઓના ફોન ટેપ કરવાના આરોપમાં ત્રણ વરિષ્ઠ પોલીસ જનરલોની અટકાયત કરવામાં આવી છે. રાષ્ટ્રીય પોલીસની ગુનાહિત તપાસ એજન્સીના વડા એસેપ સફરુદ્દીને જણાવ્યું હતું કે ત્રણેય અધિકારીઓ પર પરવાનગી વિના સંદેશાવ્યવહાર અટકાવવા, ઇલેક્ટ્રોનિક સિસ્ટમ્સમાં અનધિકૃત ઍક્સેસ અને ડિજિટલ ડેટા ભૂંસી નાખવાનો આરોપ છે.

પોલીસના જણાવ્યા અનુસાર, અટકાયત કરાયેલા અધિકારીઓમાં રાષ્ટ્રપતિ ચીફ ઓફ સ્ટાફ જનરલ લિસ્ટ્યો સિગિટ પ્રબોવો, રાષ્ટ્રીય પોલીસ કાનૂની વિભાગના વડા, ઇન્સ્પેક્ટર જનરલ અહારી સોન્ટા નાસુશન અને રાષ્ટ્રીય પોલીસ શિક્ષણ અને તાલીમ સંસ્થાના વરિષ્ઠ પ્રશિક્ષક, ઇન્સ્પેક્ટર જનરલ એકો હાદી સાન્ટુસોનો સમાવેશ થાય છે. ત્રણેયને રાષ્ટ્રીય પોલીસ મુખ્યાલય અટકાયત કેન્દ્રમાં રાખવામાં આવ્યા છે.

સફરુદ્દીને જકાર્તામાં પોલીસ મુખ્યાલય ખાતે એક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે આરોપીઓએ રાષ્ટ્રપતિ, સરકારી અધિકારીઓ, રાજકીય નેતાઓ, મીડિયા વ્યક્તિઓ, સામાજિક સંગઠનોના પ્રતિનિધિઓ, એનજીઓ કાર્યકરો અને ઉદ્યોગપતિઓના ફોન નંબરોનું ગેરકાયદેસર રીતે નિરીક્ષણ કર્યું હતું. પોલીસનો આરોપ છે કે અનધિકૃત ફોન ટેપિંગ પ્રવૃત્તિઓ ૨૦૨૫ અને ૨૦૨૬ વચ્ચે થઈ હતી અને ૨૦૧૦ ના રાષ્ટ્રીય પોલીસ નિયમો હેઠળ નિર્ધારિત પ્રક્રિયાઓનું પાલન કરવામાં આવ્યું ન હતું. તપાસકર્તાઓના જણાવ્યા મુજબ, યોગ્ય ચકાસણી વિના કાયદાકીય ઇન્ટરસેપ્શન મેનેજમેન્ટ સિસ્ટમમાં ઘણા ફોન નંબર દાખલ કરવામાં આવ્યા હતા. એવો આરોપ છે કે આરોપીએ તાજેતરમાં કથિત પ્રવૃત્તિઓના પુરાવા ભૂંસી નાખવા માટે સિસ્ટમમાંથી ઇન્ટરસેપ્ટેડ વાતચીત ફાઇલો કાઢી નાખવાનો આદેશ આપ્યો હતો. પોલીસે તપાસ દરમિયાન અત્યાર સુધીમાં ૧૦ સાક્ષીઓ અને ત્રણ નિષ્ણાતોની પૂછપરછ કરી છે અને ૧૧ મોબાઇલ ફોન, એક આઈપેડ અને ચાર પેન ડ્રાઇવ જપ્ત કર્યા છે. ઇન્ડોનેશિયાના કાયદા, માનવ અધિકાર, ઇમિગ્રેશન અને સુધારા મંત્રી યુસરીલ ઇહજા મહેન્દ્રએ જણાવ્યું હતું કે તપાસમાં હજુ સુધી ત્રણ સક્રિય વરિષ્ઠ પોલીસ અધિકારીઓ સામે રાજદ્રોહનો કોઈ પુરાવો મળ્યો નથી.

ડેમોક્રેટ્સે ૨૦ વર્ષ બાદ ઓહાયો અને આયોવા, ૨૮ વર્ષ બાદ જ્યોર્જિયા અને ૩૬ વર્ષ બાદ ટેક્સાસમાં બાજી પલટી

અમેરિકનોએ યુદ્ધને નકારી કાઢ્યું; ડેમોક્રેટ્સને બહુમતી મળતા ઈરાનની પ્રતિક્રિયા

વોશિંગ્ટન,

૨૦૨૬ની યુએસ મિડટર્મ (મધ્યસત્ર) ચૂંટણીઓએ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને રિપબ્લિકન પાર્ટીને મોટો રાજકીય ફટકો આપ્યો છે. ડેમોક્રેટિક પાર્ટીએ એવા રાજ્યોમાં મોટી સફળતા મેળવી છે જે વર્ષોથી રિપબ્લિકન પાર્ટીના નિયંત્રણ હેઠળ હતા. ગવર્નર પદ માટેની અત્યંત ચર્ચિત ચૂંટણીઓમાં, ઓહાયોમાં ડૉ. એમી એક્ટન, આયોવામાં રોબ સેન્ડ, જ્યોર્જિયામાં કેશા લેન્સ બોટમ્સ અને ટેક્સાસમાં જીના હિનોજોસાએ ઐતિહાસિક જીત નોંધાવી છે. આ જીત સાથે જ આ રાજ્યોમાં દાયકાઓથી ચાલી આવતા રિપબ્લિકન વર્ચસ્વનો અંત આવ્યો છે.

ડેમોક્રેટ્સે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને રિપબ્લિકન પાર્ટીના વ્યાપક વિરોધમાં કોંગ્રેસનું નિયંત્રણ મેળવી લીધું છે, એક એવી હાર જે વિશ્વસનીય ૈ પ્રદેશ સુધી પહોંચી હતી. ડેમોક્રેટ્સે રૂબી-લાલ રાજ્યો અને યુદ્ધના મેદાનોમાં ઓછામાં ઓછી સાત સેનેટ બેઠકો જીતી: કેન્સાસ, જેણે લગભગ એક સદીથી ડેમોક્રેટિક સેનેટર ચૂંટ્યો નથી, આયોવા, ટેક્સાસ, ઓહિયો, મૈને, ઉત્તર કેરોલિના અને દક્ષિણ કેરોલિના. તેઓએ જ્યોર્જિયા અને મિશિગનમાં યુદ્ધના મેદાનની બેઠકો જાળવી રાખી. ગૃહમાં, ડેમોક્રેટ્સે બે ડઝનથી વધુ જિલ્લાઓને ઉલટાવી દીધા, કેટલાકે ૨૦૨૪ માં ટ્રમ્પને બે આંકડાથી મત આપ્યો હતો.

૨૧૦ મિલિયનથી વધુ અમેરિકનો ચૂંટણીમાં મતદાન કરવા માટે લાયક હતા, જે યુએસ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સની તમામ ૪૩૫ બેઠકો, સેનેટની ૩૭ બેઠકો, ૩૬ ગવર્નરશીપ અને અનેક સ્થાનિક જાહેર કચેરીઓ નક્કી કરશે.

વિવિધ મીડિયા સ્ત્રોતોમાંથી પ્રારંભિક તારણો અનુસાર, મતદારોએ દેશની દિશા, આર્થિક સ્થિતિ અને ટ્રમ્પના કાર્ય પ્રદર્શન પ્રત્યે વ્યાપક અસંતોષ વ્યક્ત કર્યો હતો. સર્વેમાં એ પણ સૂચવવામાં આવ્યું છે કે ૨૦૨૪ ની રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ટ્રમ્પને ટેકો આપનારા લગભગ પાંચમા ભાગના મતદારો હવે તેમના પ્રદર્શનથી અસંમત છે.

આ પરિણામો ખાસ કરીને મહત્વપૂર્ણ છે કારણ કે ઓહાયો અને આયોવામાં છેલ્લા ૨૦ વર્ષથી કોઈ ડેમોક્રેટિક ગવર્નર ચૂંટાયા ન હતા; જ્યોર્જિયા ૧૯૯૮થી ડેમોક્રેટિક નિયંત્રણની બહાર હતું, જ્યારે



ટેક્સાસમાં ૧૯૯૦ પછી કોઈ ડેમોક્રેટિક ગવર્નર ચૂંટાયા ન હતા. આ ચાર જીત ડોનાલ્ડ ટ્રમ્પ માટે એક મોટી ચેતવણી સમાન છે, કારણ કે મિડટર્મ ચૂંટણી પ્રચાર દરમિયાન રિપબ્લિકન પાર્ટી પર તેમનો પ્રભાવ કેન્દ્રસ્થાને હતો. આ પરિણામો એ પણ સૂચવે છે કે આર્થિક ચિંતાઓ, મતદારોનો અસંતોષ અને બદલાતી રાજકીય પસંદગીઓ આગામી રાષ્ટ્રપતિ ચૂંટણી પહેલા અમેરિકન ચૂંટણીના માહોલને બદલી રહી હોઈ શકે છે.

ધારીના દુધાળા ગામની નદીમાં ૪૫ વર્ષીય આધેડને મગર ખેંચી ગયો

મગર હોવાના કારણે જીવના જોખમે ફાયર વિભાગે હોડી ઉતારી રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધર્યું

(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલી:

અમરેલી જિલ્લાના ગીર કાંઠાના ધારી તાલુકામાં સિંહ, દીપડા, અજગર પછી હવે ધારીના દુધાળા ગામે મગરના હુમલાની ચકચારી ઘટના સામે આવી છે. આ ગામમાં આવેલા એક રિસોર્ટની પાછળ આવેલી નદીમાં એક જીવતા વ્યક્તિને મગર પાણીમાં ખેંચીને લઈ જતાં ભારે ચકચાર મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં અમરેલી ફાયર ઈમરજન્સી સર્વિસની ટીમ તાત્કાલિક હોડી સાથે ઘટનાસ્થળે દોડી ગઈ હતી. નદીમાં મગરનો વસવાટ હોવા છતાં ફાયર ટીમે જીવના જોખમે હોડી ઉતારી માત્ર ૨૦ મિનિટની જહેમત બાદ ૪૫ વર્ષીય આધેડનો મૃતદેહ શોધી કાઢ્યો હતો. મગર એક જીવતા વ્યક્તિને નદીના પાણીમાં ખેંચી જતાં સર્જાયેલી આ ઘટનાથી દુધાળા અને આસપાસના પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે.



આ બનાવમાં સુત્રોમાંથી પ્રાપ્ત વિગતો અનુસાર, આજે બપોરે ૧૧૨ કંટ્રોલરૂમ ખાતેથી અમરેલી ફાયર કંટ્રોલરૂમને જાણ કરવામાં આવી હતી કે, ધારી તાલુકાના દુધાળા ગામે ગીરના રિસોર્ટ પાછળ આવેલી નદીમાં એક વ્યક્તિને મગર પાણીમાં ખેંચીને લઈ ગયો છે. આ ગંભીર ઘટનાની જાણ થતાં જ અમરેલી ફાયર ઈમરજન્સી સર્વિસના ઈનચાર્જ ફાયર ઓફિસર એચ.પી. સરતેજાની આગેવાની હેઠળ ફાયર વિભાગની ટીમ હોડી સહિત જરૂરી સાધનો સાથે ઘટનાસ્થળે પહોંચી હતી.

નદીમાં મગરનો વસવાટ હોવાના કારણે રેસ્ક્યૂ કામગીરી અત્યંત જોખમી બની હતી. જોકે, ફાયર વિભાગના જવાનોએ હિંમત દાખવી હોડી નદીમાં ઉતારી તે વ્યક્તિને શોધખોળ શરૂ કરી હતી. ફાયર ટીમની લગભગ ૨૦ મિનિટની જહેમત બાદ તે નદીમાંથી ધારી તાલુકાના કરમદડી ગામના રહેવાસી ચનાભાઈ છગનભાઈ મલણિયા (ઉં.વ. ૪૫)નો મૃતદેહ શોધી કાઢવામાં આવ્યો હતો. ત્યાર બાદ મૃતદેહ સ્થાનિક પોલીસને સોંપવામાં આવ્યો હતો.

આ સમગ્ર રેસ્ક્યૂ કામગીરી દરમિયાન વનવિભાગના અધિકારીઓ, તાલુકા મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી તેમજ પોલીસ સ્ટાફ પણ ઘટનાસ્થળે હાજર રહ્યો હતો.

આવી જોખમી પરિસ્થિતિમાં હિંમતભેર કામગીરી કરનાર ફાયર વિભાગના પ્રવીણભાઈ ચૌહાણ, સવજીભાઈ ડાભી, સાગરભાઈ પુરોહિત અને જગદીશભાઈ ભુરીયા સહિતના સ્ટાફે મહત્વપૂર્ણ કામગીરી બજાવી હતી.

અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના ગુંદરણ ગામે

બે યુવકોને જીવતા સળગાવવાના ચકચારી કેસમાં પોલીસનું ઘટના સ્થળે રિકન્સ્ટ્રક્શન

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી:

અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના ગુંદરણ ગામની સીમમાં ગઈકાલે સગીર સહિત બે લોકોને કારમાં જીવતા સળગાવી દેવાના અત્યંત ચકચારી પ્રકરણમાં તપાસ કરી રહેલી લીલીયા પોલીસે બંને આરોપીઓને ઘટનાસ્થળે લઈ જઈ સમગ્ર બનાવનું રિકન્સ્ટ્રક્શન કરાવતાં ભારે ચકચાર મચી ગઈ હતી. પોલીસ દ્વારા આરોપીઓની હાજરીમાં ઘટનાસ્થળે બનાવ કેવી રીતે અંજામ આપવામાં આવ્યો હતો તેની કડી મેળવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.



પ્રાપ્ત વિગતો અનુસાર, ગુંદરણ ગામની સીમમાં કારમાં સૂતેલા બે યુવકોને પેટ્રોલ છાંટીને જીવતા સળગાવી દેવાના ગંભીર બનાવમાં પોલીસે વિનોદ વરસંગ ડોડીયાર અને રાજુ ડોડીયારને સાથે રાખીને ઘટનાસ્થળે રિકન્સ્ટ્રક્શન કર્યું હતું. આ દરમિયાન બંને આરોપીઓએ કઈ રીતે કારમાં આગ લગાવી હતી અને ત્યાર બાદ કઈ રીતે ઘટના સ્થળેથી નાસી છૂટ્યા હતા તે અંગેની વિગતો મેળવવામાં આવી હતી.

પોલીસની તપાસ દરમિયાન ઘટનાસ્થળની નજીકથી પેટ્રોલ ભરવા માટે ઉપયોગમાં લેવાયેલું એક ખાલી ડબલું મળી આવતાં પોલીસે તેને કબજે લીધું હતું. બનાવના રિકન્સ્ટ્રક્શન દરમિયાન આરોપીઓએ પેટ્રોલ છાંટીને દીવાસળી ચાંપી આગ લગાવી દીધી હોવાની અને ત્યારબાદ ત્યાંથી નાસી ગયા હોવાની કબૂલાત કરી હોવાનું જાણવા મળ્યું છે.

બે લોકોને જીવતા સળગાવી દેવાના આ અમાનવીય બનાવે સમગ્ર અમરેલી જિલ્લામાં ભારે આક્રોશ અને ચકચાર જગાવી હતી. હવે પોલીસ દ્વારા બંને આરોપીને ઘટનાસ્થળે લઈ જઈ રિકન્સ્ટ્રક્શન કરવામાં આવતાં તપાસમાં વધુ મહત્ત્વની કડીઓ સામે આવવાની શક્યતા છે.

બીજી તરફ, આરોપીઓના રિકન્સ્ટ્રક્શન દરમિયાન ઘટનાસ્થળે લોકોનાં ટોળાં ઉમટી પડ્યાં હતાં અને સમગ્ર વિસ્તારમાં આ ચકચારી કેસની જ ચર્ચા જોવા મળી હતી.

પોલીસ દ્વારા કબજે લેવામાં આવેલા ડબલા સહિતના પુરાવાઓ અને રિકન્સ્ટ્રક્શન દરમિયાન સામે આવેલી વિગતોના આધારે આગળની તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

અમરેલીના નવ વર્ષ જુના કેસમાં બાળ અદાલત દ્વારા ઈશ્યુ થયેલ પકડ વોરંટનો આરોપી ઝડપાયો

(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલી:

અમરેલીના પોલીસ અધિક્ષક દ્વારા નાસતા ફરતા આરોપી તથા નામદાર કોર્ટોના ક્રિમીનલ ટાર્ગેટેડ કેસો તથા જુવેનાઈલ કેસોના આરોપીઓ પકડવા ખાસ અસરકારક કામગીરી કરવા જરૂરી માર્ગદર્શન તથા સુચના આપેલ હોય તેમજ અમરેલી એલ.સી.બી.પોલિસ ઈન્સ.ના માર્ગદર્શન હેઠળ પેરોલ ફર્લો ટીમ દ્વારા નાસતા ફરતા આરોપીની તપાસમાં હોય તે દરમ્યાન નાગેશ્રી પોલિસ સ્ટેશનના સને ૨૦૧૭ ના IPC ક.૩૦૨,૩૭૬ મુજબના જુવેનાઈલ કેસમાં પકડ વોરંટમાં ફરાર આરોપી બાબતે હ્યુમન ઈન્ટેલીજન્સ તથા ટેક્નીકલ સોર્સ આધારે હકીકત મેળવી પકડ વોરંટના આરોપીના વાલી જાફરાબાદ તાલુકાના ભાડા ગામે રહેતા વાલી રાણીગભાઇ જીવા ઉર્ફે જીવરાજ પરમાર નામના ૬૫ વર્ષીય વૃદ્ધે તેના સગીર વયના દીકરાને ઘણાં લાંબા સમયથી નામદાર કોર્ટમાં હાજર ન રાખતા નામદાર કોર્ટ દ્વારા વાલી વિરુદ્ધમાં પકડ વોરંટ ઈશ્યુ થયેલ હોય જે કામે આરોપીને પકડી પાડવામાં આવેલ છે અને તા.૩ ના રોજ કલોલ, ગાંધીનગર ખાતેથી પકડી આગળની ઘટતી કાર્યવાહી સારૂ નાગેશ્રી પોલિસ સ્ટેશન ખાતે સોંપી આપેલ છે.

આ કામે વાલીના સગીર વયના દીકરા વિરૂદ્ધ નવ વર્ષ પહેલા નાગેશ્રી પોલિસ સ્ટેશન ૨૦૧૭ના IPC કલમ ૩૦૨, ૩૭૬ મુજબનો કેસ દાખલ થયેલ હોય, જે કેસમાં બાળ અદાલત અમરેલી ખાતે ફોજદારી કેસ નં.૧૧/૨૦૧૭ થી શરૂ હોય જે કેસમાં જાફરાબાદ તાલુકાના ભાડા ગામે રહેતા વાલી રાણીગભાઇ જીવા ઉર્ફે જીવરાજ પરમાર નામના ૬૫ વર્ષીય વૃદ્ધે તેના સગીર વયના દીકરાને ઘણાં લાંબા સમયથી નામદાર કોર્ટમાં હાજર ન રાખતા નામદાર કોર્ટ દ્વારા વાલી વિરુદ્ધમાં પકડ વોરંટ ઈશ્યુ થયેલ હોય જે કામે આરોપીને પકડી પાડવામાં આવેલ છે.

અમરેલીમાં જુગાર રમતા ૧૨ નબીરાઓ રૂા.૧,૬૩,૪૩૦ના મુદ્દામાલ સાથે ઝડપાયા

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી: અમરેલી જીલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાતને મળેલ બાતમીના આધારે અમરેલી જીલ્લામાં જુગાર રમતા ઈસમોને પકડી તેના વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી કરવા તથા અમરેલી ડીવીઝનના નાયબ પોલીસ અધિક્ષક ચિરાગ દેસાઈના દ્વારા માર્ગદર્શન નીચે અમરેલી સીટી પોલીસે દરોડો પાડી અમરેલીના લાઠી રોડ ઉપર આવેલ શ્રીજી-૧ રેસીડેન્સીમાં જુગાર રમતા ૧૨ નબીરાઓને રૂા.૧,૬૩,૪૩૦ ના મુદ્દામાલ સાથે પકડી પાડી ધોરણસર કાર્યવાહી હાથ ધરી હતી.



જે અન્વયે અમરેલી સીટી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પે. આર.આર.પરમારના માર્ગદર્શન હેઠળ અમરેલી સીટી પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમ દ્વારા ચોક્કસ બાતમી અને હકીકત આધારે અમરેલીના લાઠી રોડ ઉપર આવેલ ધરમનગર વિસ્તારના શ્રીજી-૧ રેસીડેન્સીમાં સ્ટ્રીટ લાઈટના અજવાળે જાહેરમાં જુગાર રમતા અમરેલીમાં રહેતા મનીષભાઈ મહેતા, દેવ જીગ્નેશભાઈ મહેતા, ભાવેશભાઈ હસમુખરાય રાઠોડ, દિપકભાઈ વસાણી, દિપકભાઈ વિરજીભાઈ આંકોલીયા, જયંતીભાઈ પરબતભાઈ મકવાણા, સંજયભાઈ કાંતીભાઈ જેઠવા, રફીકભાઈ જમાલભાઈ પરમાર, હિરેનભાઈ જગુભાઈ પંડયા, પ્રદિપભાઈ બળવંતરાય બોસમીયા, કિશોરભાઈ મનુભાઈ સાવલીયા તથા કિરીટભાઈ ભોગીલાલ છાંટબાર સહીત ૧૨ ઈસમોને રોકડ રકમ ૬૦,૨૩૦ તથા મોબાઈલ ફોન ૧૨ કિમત રૂા.૧,૦૩,૨૦૦ મળી કુલ રૂપીયા ૧,૬૩,૪૩૦ ના મુદ્દામાલ સાથે પકડી પાડી અમરેલી સીટી પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરી હતી.

ખેડૂતને મરી જવા મજબુર કર્યાની પાંચ આરોપીઓ સામે ફરિયાદ

(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલી:

ધારી તાલુકાના જળજીવડી ગામે રહેતા અને ખેતી કામ કરતા કિશોરભાઇ ઠાકરશીભાઇ સાવલીયા નામના ૫૬ વર્ષીય ખેડૂતના ભાઇ મરણજનાર ભીમજીભાઇ ઠાકરશીભાઇ સાવલીયા (રહે.જળજીવડી) ની જળજીવડી ગામની સીમમાં આવેલ ૧૫ વીઘા જમીનમાં તે જ ગામે રહેતા આરોપીઓએ પ્રાગજી વાઘજીભાઇ ફીણવીયા, વશરામ વાઘજીભાઇ ફીણવીયા, વાલજી વાઘજીભાઇ ફીણવીયા, ગૌતમ પ્રાગજીભાઇ ફીણવીયા તથા પ્રવિણ વશરામભાઇ ફીણવીયા નામના પાંચેય આરોપીઓએ દોઢ વિઘા જમીન અમારી નીકળે છે, તેમ કહી મરણજનાર ભીમજીભાઇની ખેતીની જમીનમાં દોઢ વિઘા જમીનમાં પીઠુ ખોડી દઈ અને મરણજનારને જમીનમાં નહી આવવા દઈ અને ઉપરથી ગાળો આપી આરોપીઓ દ્વારા ભીમજીભાઇને અવાર-નવાર ધાક-ધમકી આપી અને મારી નાખવાની ધમકી આપી માનસીક ત્રાસ આપતા હોવાથી મરણજનાર ભીમજીભાઇ સાવલીયા આ આરોપીઓના માનસીક ત્રાસથી તેમજ ધમકીઓથી તથા માનસીક ત્રાસથી કંટાળી જઈ પોતાના રહેણાંક મકાનના ધાબા ઉપરથી આપઘાત કરવા માટે પડતા મરણજનારને માથાના ભાગે ગંભીર ઈજા થતા સારવાર દરમિયાન તેમનું મોત નીપજતા અંગે આ પાંચેય આરોપીઓ સામે ખેડૂતને મરી જવા મજબુર કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાય છે.



"સહકારથી સમૃદ્ધિ " પ્રાપ્ત કરવા ૧૨૬૫૫ Micro ATM, ૧૩૫૦ ATM અને ૧૪૦૦ બ્રાંચો ના માધ્યમથી તમામ ગ્રામ પંચાયતમાં સહકારી બેંકીંગ ટચ પોઈન્ટ ઊભા કર્યા, ૩૪ લાખ નવા એકાઉન્ટ ખુલ્યા, ૧૮.૩૩ લાખ KCC કાર્ડ અને માસિક ૫.૨૫ કરોડ ડિજિટલ ટ્રાન્ઝેકશન મારફત રૂ.૨૧૬૬૩ કરોડ ડિપોઝિટ માં વધારો કર્યો, સરલ કેશ ક્રેડિટ યોજના અમલમાં મુકાઇ, ટેબલેટ થી ઘરેબેઠા બેંકિંગ સેવાઓ પૂરી પાડી.

- આ બેંક રાજ્યની ૧૮ જીલ્લા બેંકો, ૨૦૭ અર્બન બેંકો તેઓની ૨૬૪૭ શાખાઓ, ૨૧૩૯૩ કર્મચારીઓ અને ૧૦૬૦૦ સેવા સહકારી મંડળીઓ મારફત રાજ્યના ૨૮ લાખ ખેડૂતોને પુનઃધિરાણ તથા ૨.૧૯ કરોડ ગ્રાહકોને બેંકીંગ સેવાઓ પૂરી પાડતી શિડયુલ્ડ એપેક્ષ બેંક.
- ૨૦ લાખ સાયબર સાથી બુકલેટ મારફતે સાયબર ફ્રોડ અટકાવવાના પ્રયત્નો.
- સહકારી બેંકોના કર્મચારીઓ માટે સહકાર રમતોત્સવનું આયોજન.
- ઓનલાઇન અને ઓફલાઇન ટ્રેનિંગ મારફત કર્મચારીઓને અપગ્રેડ કરાયા.
- ખેડૂતો, જિલ્લા બેંકો, અર્બન બેંકોને સાથે રાખી કોપોરેટ કલ્ચર અપનાવાયું.
- આ બેંક રાજ્યની ૧૭૦ જેટલી જીલ્લા / અર્બન બેંકોને ટેકનોલોજી અમ્બ્રેલા હેઠળ સબ મેમ્બરશીપ આપીને અંદાજે ૨.૧૯ કરોડ થી વધુ ગ્રાહકોને UPI QR Code, BBPS, AePS, RTGS/NEFT, CTS, ATM, POS/E-COM, UPI, IMPS, NACH, CSGL, ઈન્સ્યુરન્સ તથા અન્ય સર્વિસ વિના મૂલ્યે આપી રહી છે.
- " A A " ક્લાસ કરન્સી ચેસ્ટ, જાપાનની રોબોટીક ટેકનોલોજી સભર "AutoVault", ફાર્મર્સ હોસ્ટેલ, ૫૦૦ વ્યક્તિઓની ક્ષમતા ધરાવતું ઓડીટોરીયમ, તાલીમ માટે એકતાનગર ખાતે સરદાર પટેલ "સહકાર ભવન" તથા ૩૩ બ્રાંચોનું નેટવર્ક ધરાવતી બેંક.

છેલ્લા ઘણા વર્ષોથી વિવિધ પ્રતિષ્ઠિત સંસ્થાઓ જેવી કે નાબાર્ડ, એન.પી.સી.આઇ, નાફસ્કોબ તરફથી સતત એવોર્ડ મેળવતી બેંક.

અમદાવાદ | ગાંધીનગર | બોટાદ જિલ્લાના કાર્યક્ષેત્રના તમામ ગામોના લોકોને નજીકના સ્થળેથી **બેંકિંગ સેવાઓ મળી રહે તે માટે ૧૨૨૯ માઈક્રો એ.ટી.એમ., , ૧૫૦ ઓનસાઈટ / ઓફસાઈટ એ.ટી.એમ. અને ૨૦૮ બ્રાંચો સાથે દરેક ગ્રામપંચાયતને બેંકિંગ ટચ પોઈન્ટ દ્વારા બેંક બ્રાન્ચ જેવી સેવાઓ પૂરી પાડતી બેંક**

ટેકનોલોજી ક્ષેત્રે આધુનિક બેન્કિંગ પધ્ધતિઓનો અમલ કરી સહકારના મૂલ્યો જાળવી રાખી **'કો ઓપરેટીવ થી કોર્પોરેટ'** તરફની સફરને સફળતા પૂર્વક સાકાર કરતી બેંક

બેંક તરફથી ધિરાણ લેતા **ખેડૂતોનો રૂા.૧૦ લાખનો અકસ્માત વિમો** તથા **પ્રધાનમંત્રી સુરક્ષા વિમા યોજના** અંતર્ગત વધારાનું **રૂા.૨ લાખ** મળી કુલ **રૂા.૧૨ લાખનું અકસ્માત વિમા** રક્ષણ આપવામાં આવે છે.

સહકાર થી સમૃધ્ધિ બેંકના પૂર્વ ચેરમેન તથા હાલના કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી માનનીય **શ્રી અમિતભાઈ શાહ સાહેબે** સતત ખોટ કરતી આ બેંકને માત્ર ૧ વર્ષના ટૂંકાગાળામાં નફો કરતી કર્યા બાદ તેમના અનુગામી વર્તમાન ચેરમેન **શ્રી અજયભાઈ પટેલ**ના નેતૃત્વ હેઠળ સતત વિકાસ કરતી બેંકની સને ૨૦૨૫-૨૬માં થયેલ પ્રગતિની ઝલક...

વિગત	૨૦૦૮-૦૯	૨૦૧૪-૧૫	૨૦૨૩-૨૪	૨૦૨૪-૨૫	૨૦૨૫-૨૬
ટોટલ બિઝનેસ	૪૯૯૬.૫૩	૧૨૨૯૦.૮૭	૨૧૩૩૭.૭૦	૨૩૦૩૧.૨૯	૨૫૩૦૯.૬૯
થાપણો	૩૨૦૯.૯૫	૬૩૬૮.૮૮	૧૨૦૧૨.૨૧	૧૩૬૦૬.૫૬	૧૫૫૯૫.૪૫
એડવાન્સીસ	૧૭૮૬.૫૮	૫૯૨૧.૯૯	૯૩૨૫.૪૯	૯૪૨૪.૭૩	૯૭૧૪.૨૪
કુલ ભંડોળ	૩૪૬.૩૯	૬૧૨.૬૪	૧૨૦૧.૯૭	૧૨૮૫.૫૨	૧૩૪૮.૧૪
ગ્રોસ એન.પી.એ (%)	૧૭.૯૩	૨.૨૦	૦.૬૮	૦.૩૪	૦.૨૭
નેટ એન.પી.એ. (%)	૯.૨૯	૦.૧૫	૦.૦૦	૦.૦૦	૦.૦૦

બેંકની આર્થિક સધ્ધરતાની આંકડાકીય માહિતી (રકમ રૂા.કરોડમાં)

વિગત	૩૧/૦૩/૨૦૦૦	૩૧/૦૩/૨૦૦૩	૩૧/૦૩/૨૦૧૫	૩૧/૦૩/૨૦૨૪	૩૧/૦૩/૨૦૨૫	૩૧/૦૩/૨૦૨૬
ટોટલ બિઝનેસ	૧૭૯૪.૭૫	૨૨૪૨.૭૩	૭૦૮૫.૮૪	૧૫૯૫૪.૨૭	૧૭૮૪૭.૨૫	૨૦૨૧૧.૬૪
ડિપોઝીટ	૧૩૩૦.૫૪	૧૫૨૫.૩૦	૪૫૫૫.૩૧	૯૭૬૯.૨૪	૧૦૫૮૬.૯૬	૧૧૯૨૫.૮૪
એડવાન્સીસ	૪૬૪.૨૧	૭૧૭.૪૩	૨૫૩૦.૫૩	૬૧૮૫.૦૩	૭૨૬૦.૨૯	૮૨૮૫.૮૦
કુલ ભંડોળ	૧૯૫.૮૨	૨૬૬.૦૫	૪૩૩.૩૭	૮૧૬.૦૮	૮૬૪.૨૨	૧૦૮૬.૬૦
ગ્રોસ એન.પી.એ.	૪૦.૨૯%	૨૮.૪૨%	૩.૯૭%	૦.૩૪%	૦.૨૫%	૦.૧૮%
નેટ એન.પી.એ.	૨૮.૩૮%	૧૭.૬૭%	૦%	૦%	૦%	૦%

૩.૧ લાખ સુધીની સરલ કેશ ક્રેડીટ લોન (રૂપે ડેબિટ કાર્ડ), કાર લોન , હોમ લોન, બિઝનેશ લોન માટે અમારી નજીકની બ્રાંચનો સંપર્ક કરો

(૩૧-૧૦-૨૬) (૩૧-૦૩-૨૬)

ટોટલ બિઝનેસ રૂા. ૨૧૭૦૫ કરોડ | ડિપોઝીટ રૂા. ૧૩૦૨૭ કરોડ | એડવાન્સીસ રૂા. ૮૬૭૮ કરોડ | ગ્રોસ એન.પી.એ. ૦.૧૮% | નેટ નફો રૂા. ૧૦૩.૭૧ કરોડ

ટોટલ બિઝનેસ રૂ. ૨૫૩૦૯.૬૯ કરોડ | થાપણો રૂ. ૧૫૫૯૫.૪૫ કરોડ | એડવાન્સીસ રૂ. ૯૭૧૪.૨૪ કરોડ | નેટ પ્રોફિટ રૂ. ૯૯.૩૩ કરોડ | ગ્રોસ એન.પી.એ. ૦.૨૭ %

'નાના માણસોની મોટી બેંક" તથા "No Customer - All are Bank's Family " ના સૂત્રને સાર્થક કરી ગ્રાહકોને શ્રેષ્ઠત્તમ સેવાઓ આપી પોતીકાપણાનો અહેસાસ કરાવતી અને કોર્પોરેટ સર્વિસ પૂરી પાડતી કો-ઓપરેટીવ બેંક

GSC BANK **ધી ગુજરાત સ્ટેટ કો-ઓપ. બેંક લિ.** (શીડ્યુલ્ડ એપેક્ષ બેંક)

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ | ખેડૂત ખાતેદારો, સભાસદો, ડિપોઝીટર્સ તથા સ્ટાફ પરીવાર | શ્રી અજયભાઇ એચ. પટેલ ચેરમેન

ADC BANK **ધી અમદાવાદ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટીવ બેંક લિ.**

શ્રી જગદીશભાઇ બી. પટેલ વાઇસ ચેરમેન | તથા સમગ્ર બોર્ડ ઓફ ડિરેક્ટર્સ, સભાસદો, ખેડૂત ખાતેદારો, ડિપોઝીટર્સ તથા સ્ટાફ પરીવાર | શ્રી અજયભાઇ એચ. પટેલ ચેરમેન